بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمة الله عليه **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمة الله عليه



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૦૯**

**સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ**

**હિજરી સન : ૧૪૩૦**

**વર્ષ : ૦૬, અંક : ૦૨, સળંગ અંક : ૬૨**

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |

**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

## અનુક્રમણિકા

| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | ઈઝરાઈલ થકી વીસમી સદીની સૌથી મહાન લૂટ...!!! | ૦૨ |
| ૦૨ | ***જામિઆ અક્કલકુવાનું માસિક ! :* બચાને મુસ્તફા કે ''બચાને મુખાલિફે મુસ્તફા'' ?!** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | શિફા શરીફ | ૧૪ |
| ૦૬ | ક઼ાનૂને શરીઅત | ૧૬ |
| ૦૭ | જાન તથા માલનો વીમો અને તેની શરઈ હૈસિયત | ૧૮ |
| ૦૮ | તાલિબે ઈલ્મ માટે ખાસ અગત્યની વાતો... | ૨૫ |
| ૦૯ | મઝારો પર હાજરી આપનારાઓને બે વાતો.... | ૨૬ |
| ૧૦ | કા'બા શરીફનું ગુસ્લ ઈતિહાસની રોશનીમાં | ૩૦ |
| ૧૧ | મસ્લકે આ'લા હઝરત શા માટે ? | ૩૫ |
| ૧૨ | ઈસ્લામમાં નિકાહનું મહત્વ અને વર્તમાન જગત | ૩૮ |
| ૧૩ | શૈખ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી અને અહલે સુન્નતના અક઼ીદાઓ | ૪૪ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |

## કલામુલ્ ઈમામ ઈમામુલ્ કલામ

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رضي الله عنه

**ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગૈસૂ**
**હૂર બળહકર શિકને નાઝ પે વારે ગૈસૂ**
**કી જો બાલોં સે તેરે રૌઝેકી જારૂબ કશી**
**શબ કે શબનમ ને તબર્રુક કો હૈ ધારે ગૈસૂ**
**હમ સિયાહકારોં પે યા રબ તપીશે મેહશરમેં**
**સાયા અફગન હોં તેરે પ્યારકે પ્યારે ગૈસૂ**
**સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ**
**છાએ રહમતકી ઘટા બન કે તુમ્હારે ગૈસૂ**
**સિલસિલા પા કે શફાઅતકા ઝુકે પળતે હૈં**
**સજદએ શુક્રકે કરતે હૈં ઈશારે ગૈસૂ**
**ભીની ખુશ્બૂસે મહેક જાતી હૈ ગલિયાં વલ્લાહ !**
**કૈસે ફૂલોં મેં બસાએ હૈં તુમ્હારે ગૈસૂ**
**શાને રહમત હૈ કે શાના ન જુદા હો દમ ભર**
**સીના ચાકોં પે કુછ ઈસ દરજા હૈ પ્યારે ગૈસૂ**
**તેલ કી બુંદેં ટપકતી નહીં બાલોંસે "રઝા"**
**સુબ્હે આરિઝ પે લૂટાતે હૈં સિતારે ગૈસૂ**

કાર્યાલય

# અમેરિકાની નાજાઇઝ ઔલાદ ઈઝરાઈલના જુલ્મની દાસ્તાન !

## ૨૦ મી સદીની મહાન લૂટ !

ગાઝામાં કોહરામ મચી ગયો છે, જિંદગી ગભરાઈ ચૂકી છે. ચો તરફ મૌત જ મૌત છે. લોહીની નદીઓ વહી રહી છે અને ચો તરફ માનવ અંગો વિખેરાયેલાં પડેલાં છે. પેલેસ્ટાઈનીઓની લાશોના ઢગલા નહીં પહાડ બની ગયા ! એકવાર ફરી દુનિયા સમક્ષ ઈઝરાઈલી જાલિમપણાનો ભયંકર ચહેરો સામે આવી ગયો. પેલેસ્ટાઈનીઓ ચીસો પાડી રહ્યા છે, કણસી રહ્યા છે, તડપી રહ્યા છે. ગાઝા પટ્ટી ગવાહી આપી રહી છે કે આ જંગલીપણુ છે, આ ભયાનક કત્લે આમ છે, આ માનવતાનું ખૂન છે, આ એકલા પડેલા પેલેસ્ટાઈનીઓના વંશનો ખાત્મો છે....બલ્કે હકીકતમાં આ ઈઝરાઈલના ઓઠા હેઠળ બુશ તથા અન્ય ઈસાઈઓના સલીબી જંગની કડી છે.. કેમ કે પ્રથમ મુસ્લિમ દેશ અફઘાનને બોંબવર્ષા કરી અસંખ્ય લોકોને મારી નાખી સેંકડો વરસ પછાત કરી દીધું, ત્યાર બાદ ઈરાકમાં હજારોની હત્યા કરી, આંતરિક વિગ્રહો કરાવી લોહીથી નદીઓ વહાવી, હવે ઈરાન માટે દાઢ કકડી રહી છે, પછી બાકીનાની વારી હશે. આ સ્થિતિ જગ જોઈ રહ્યું છે.

આમ તો ૬૦ વરસથી પેલેસ્ટાઈન પર નાજાઈઝ કબ્જો જમાવી ચૂકેલા યહૂદીઓએ જુલ્મોની પરંપરા રચી જ છે, પણ હાલ ૨૭ ડિસેમ્બર ૨૦૦૮થી શરૂ થયેલ ઈઝરાઈલી જાલિમોની ગાઝાની આબાદી પરની બોંબવર્ષાએ જુલ્મની સર્વ હદો વટાવી નાખી છે. છતાં... દુનિયા ખામોશ છે ! મુસ્લિમ દેશો ચૂપ છે ! સઊદી ચૂપ છે ! અને સઊદી બોલે તો કઈ રીતે કારણ કે સઊદી યહૂદી તો ભાઈ ભાઈ છે ! કારણ કે તેને કોઈ મુસીબત આવે છે તો પોતાના મુશ્કિલ કુશા અમેરિકાને જ તે 'યા અમેરિકા ! અલ્ મદદ ! કહીને તો પોકારે છે ! ઐયાશ અરબો અમેરિકાના ગુલામ બની ગયા છે ! નબી પાક ﷺની ગુલામી ન જચી તો અમેરિકાના ગુલામ બન્યા !

**હે ન્યાયપ્રિય વાંચકો !** તમો અત્રે આ અંકના **ટાઈટલ-૪ ઉપરના નક્શાઓનો અભ્યાસ કરો** અને જુઓ કે પેલેસ્ટાઈન પર નાજાઈઝ કબ્જો કોણે કર્યો છે ? અને ઈ.સ. ૧૯૪૬થી ઈ.સ. ૨૦૦૭ સુધીમાં આ લૂટારા ત્રાસવાદી ઈઝરાઈલે નાજાઈઝ રીતે પેલેસ્ટાઈનનો કેટલો પ્રદેશ કબ્જે કર્યો છે. છતાં અમેરિકા યુનોમાં ઈઝરાઈલી જુલ્મના વિરુદ્ધ થતા વિશ્વના દેશોના ઠરાવોને 'વિટો' થકી ઉડાડી મૂકે છે ! ઈસ્લામ તથા મુસ્લિમ વિરોધી તેની નીતિ અહીં છતી થઈ જાય છે અને જગમશ્હૂર વાત છે કે 'ઈઝરાઈલ' એ અમેરિકાની નાજાઈઝ ઔલાદ તથા નાજાઈઝ ઉપજ છે જે પેલેસ્ટાઈનીઓ પર અઝાબ વરસાવી રહી છે, જુલ્મોના પહાડ તોડી રહી છે.

આશ્ચર્ય તથા અફસોસની વાત છે કે તમારા ફાર્મ પર કોઈ નાજાઈઝ કબ્જો કરી ઘરો બનાવી રહેવા માંડે અને તમે ક્યારેક અકળાઈને તેમના સામે પથ્થર ફેંકો તો તમારા પર ગોળીબાર કરવામાં આવે કે આ લોકો આતંકવાદી વલણ અપનાવી રહ્યા છે ! બસ, એ જ સ્થિતિ પેલેસ્ટાઈનની છે ! તમે નક્શા પરથી સમજી શકો છો કે લગભગ પૂરા પેલેસ્ટાઈનને ઈઝરાઈલે અમેરિકાના સહકારથી હડપ કરી લીધું અને ૧૯૪૬થી આજ લગી હજારો પુરૂષો, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધોની લાશો આ યહૂદી નાલાયકો ગબડાવતા રહ્યા, તેની સામે પેલેસ્ટાઈની આક્રોશ દર્શાવે તો તેને આતંકવાદ કહેવામાં આવે છે ! અને 'ગુજરાત સમાચાર' દૈનિક પત્રના 'નેટવર્ક'ના લેખક ગુણવંત છો. શાહ જાણે ઈતિહાસથી અજ્ઞાન હોય તેમ લખે છે કે ભારતે ઈઝરાઈલવાળી કરવી જોઈએ ! અને 'યાસર અરફાત' જે પેલેસ્ટાઈનની મુક્તિ માટે ઝઝુમતા રહ્યા તે પેલેસ્ટાઈની નેતાને 'આતંકવાદી' ચીતરે છે ! પોતાની અજ્ઞાનતાથી અથવા પૂર્વગ્રહથી તેમણે શરમાવું જોઈએ.

ખંધાપણાની હદ તો એ છે કે દુનિયાના ઠેકેદાર બની બેઠેલા અમેરિકા તથા ફ્રાંસ વગેરે આટલા જુલ્મો છતાં તેને રોકવાની કાર્યવાહી કરવાને બદલે હજી પેલેસ્ટાઈનવાસીઓનો કુસૂર દર્શાવે છે કે, "પેલેસ્ટાઈનીઓએ ઉગ્રવાદથી બચવું જોઈએ અને હમાસના ઈઝરાઈલ પર રોકેટ મારાના હુમ્લાઓએ જ એમની આ હાલત કરી છે. ઈઝરાઈલ તો આતંકવાદી પેલેસ્ટાઈનીઓને 'પ્રતિક્રિયા'રૂપે બોંબ વર્ષા કરી જવાબ આપી રહ્યું છે !" એ નથી કહેતા કે ઈઝરાઈલે પેલેસ્ટાઈનના ગાઝા પ્રદેશની નાકાબંદી હટાવવી જોઈએ કે જે નાકાબંદીએ પેલેસ્ટાઈનીઓનું જીવન અજીર્ણ કરી નાખ્યું, પાણી, પેટ્રોલ, રોજની જરૂરતોનો સામાન, દવાઓ વગેરે સુદ્ધાંનાં ફાંફાં પડી ગયાં છે, તો આ સંજોગોમાં આક્રોશમાં કોઈ એકાદ રોકેટ છોડી દેવામાં આવ્યું તેની સામે વિમાનથી નિર્દોષ પ્રજા પર બોંબવર્ષા તથા જમીની હુમ્લા થકી હજારો લાશો વધુ પેજ નં. ૩૭.....પર

# બયાને મુસ્તફા

# "બયાને મુખાલિફે મુસ્તફા"?!

હપ્તો : ૩ (છેલ્લો)

તંત્રી લેખ....

ગયા અંકમાં શબે મેઅરાજ મનાવવાને, તેમાં ઈબાદતો કરવાને, રોઝો રાખવાને નાજાઈઝ તથા હરામ કહેનાર દેવબંદી ફિર્કાનાં માસિક કહેવાતા "બયાને મુસ્તફા" (અક્કલકૂવા) તથા 'સદાએ મર્કઝ' (અંકલેશ્વર) તથા અન્ય દેવબંદીઓના ખયાલની ધજ્જીઓ ઉડાડી દેવામાં આવી અને તેમના જૂઠ, ધોકા તથા પ્રપંચને ઉઘાડો કરી સેંકડો વરસથી ચાલતા ઉલમા તથા બુઝુર્ગોના અમલ ૨૭ રજબ શબે મેઅરાજ મનાવવું, તેમાં ઈબાદત તથા રોઝા રાખવાનું હક્ક તથા સવાબ હોવું ચમકતા સૂરજ જેમ રોશન કર્યું. હવે આ અંતિમ લેખમાં **"તૌહીદની આડમાં નબી વલીની તૌહીન"** કરવાની તેમની બુરી આદતને પણ જાહેર કરી દઈએ તથા પોતાના જ રચેલા તૌહીદના કાનૂનોનું ખૂન તેઓ જાતે જ કઈ રીતે કરી રહ્યા છે તથા પોતે જ મુશિરક ઠરી રહ્યા છે તેનો પણ પર્દાફાશ કરીને તેમની મુનાફિકતને તદ્દન સ્પષ્ટ કરી દઈએ જેથી સુન્નીઓ તેમના છેતરામણા આ બહુરૂપીપણાને ઓળખી લે અને તેમના સાયાથી પણ દૂર રહે, અને જાહેરી અમલને જોઈને તેમનાથી છેતરાઈને તેમના ફંદામાં ફસાયા હોય તેઓ પણ તેમના ફંદામાંથી બહાર આવી જાય.

## ★ દેવબંદીની સ્વરચિત જૂઠી તૌહીદ ! ★

ઓકટોબર–૨૦૦૮ અક્કલકુવાના કહેવાતા 'બયાને મુસ્તફા' માસિકમાં પેજ નં. ૭૭ થી ૮૩ સુધીનાં પેજોમાં 'જામિઆ અક્કલકુવા'ના દસ્તારબંદીના વાર્ષિક જલસાનો રિપોર્ટ રજૂ થયો જેમાં દેવબંદી જમિયતે ઉલમાના પ્રમુખ પદ માટે કાકા ભત્રીજામાં અંદરો અંદરો પુષ્કળ લડાઈ ઝઘડા બાદ પ્રમુખની ખુરશી પર ચડી બેઠેલા કાકા મૌલાના અર્શદ મદનીએ દેવબંદી વિચારસરણી જે નબી વલીની ગુસ્તાખીમાં લથપથ છે તેને રજૂ કરી પોતાનું પોત પ્રકાશ્યું છે. ગામે ગામ ને શહેર શહેર ફરી મુસ્લિમ એકતાનો ઝંડો લઈને ફરનારા જામિઆના બાની મોલ્વી વસ્તાનવીની અસલિયત પણ તેમાં છતી થઈ છે કે તેમનો આશય એ છે કે **આપણે બધા એક પ્લેટફોર્મ પર આવી જઈએ એટલે કે બધા જ દેવબંદી થઈ જઈએ !** એ જ એમની મેલી મુરાદ છે જેને કેટલાય ભોળા ભોટ કહેવાતા સુન્ની લીડરો સમજતા નથી.

આ મોલ્વી અર્શદ દેવબંદીએ જલસામાં તૌહીદ પર લેક્ચર આપ્યું છે અને તૌહીદના ખરા ઠેકેદારો એઓ જ છે એવી ગુલબાંગો પોકારી છે. એ જો સાચે જ તૌહીદના ઠેકેદાર છે તો તેમની પણ લેખના અંતમાં કસૌટી થઈ જશે, પણ તૌહીદના નામે પણ તેઓ લોકોને કઈ રીતે ગુમરાહ કરી રહ્યા છે તેને જોતા ચાલો. "અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર નથી, તે જ ઈબાદતને લાયક છે, તે જ વાજિબુલ્ વજૂદ છે તથા તમામ ખજાનાઓ, દરેક ચીજનો હકીકી માલિક અલ્લાહ જ છે, તે જ સર્વ શક્તિમાન છે, તેની ઝાત સિવાય (હકીકી મદદગાર સમજી) કોઈને સવાલ કરવામાં નહીં આવે.....વગેરે."

ઉપરોક્ત વર્ણવ્યો એ અકીદો એવો છે જેનો કોઈ **જાહિલથી જાહિલ મુસલમાન પણ ઈન્કાર નથી કરતો ! દરેક મુસલમાન આ જ વાત માને છે.** પણ આ રજૂઆતમાં લોકોને ગુમરાહ અહીં કરવામાં

આવે છે કે, **"અલ્લાહની ઝાત સિવાય બીજા કોઈની પાસે કોઈ જ સવાલ કરવામાં નહીં આવે, અલ્લાહ સિવાય કોઈની પાસે કશું જ માંગવામાં નહીં આવે. જ્યારે પણ માંગવામાં આવશે અલ્લાહ પાસે જ માંગવામાં આવશે. જ્યારે મદદ માંગવામાં આવશે અલ્લાહની પાસે માંગવામાં આવશે. અલ્લાહની ઝાત સિવાય નથી કોઈ આપનાર તેમજ અલ્લાહની ઝાત સિવાય નથી વિશ્વ ભંડારોનો માલિક..... વગેરે."** અંતમાં એ અક઼ીદો જાહેર કર્યો કે **અલ્લાહ સિવાય અન્ય પાસે કાંઈ પણ માંગવું જાઈઝ નથી.** એના અનુસંધાનમાં હદીષ પણ રજૂ કરીને સમજાવ્યુ કે **હુઝૂર ﷺએ અલ્લાહ સિવાય કોઈની મદદ લેવાની ના પાડી છે.** કુર્આનની આયત **ઈય્યાક નઅ્બુદુ વઈય્યાક નસ્તઈન**ની તફસીર પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنھما ના હવાલાથી સમજાવી કે, "હે અલ્લાહ ! અમે **તારી જ ઈબાદત કરીએ** છીએ અને **તારી જ મદદ ચાહીએ** છીએ."

અને જંગે બદ્રમાં ૩૧૩ સહાબા સાથે જનાર નબી કરીમ ﷺનો પ્રસંગ પોતાના અંદાઝમાં વર્ણવ્યો. જેઓ લોખંડના બખ્તરથી સજ્જ હતા. .....*(બયાને મુસ્તફા, ઓગસ્ટ–૨૦૦૮, પેજ–૮૦, ૮૧)*

## ★ શું રસૂલ તથા સહાબા તૌહીદ ન સમજતા હતા ?! ★

અહીં પ્રશ્ન કરનાર એ પ્રશ્ન કરી શકે છે અને એનો પ્રશ્ન યોગ્ય સ્થાને છે કે, "હુઝૂર ﷺ તો તૌહીદનો પ્રચાર કરવા આવ્યા હતા અને અલ્લાહ સિવાય કોઈની મદદ લેવી જેમ દેવબંદી કહે છે કે જાઈઝ નથી તો **અલ્લાહના રસૂલે આ ૩૧૩ સહાબાની મદદ જંગે બદરમાં કેમ લીધી ?** તેમને શા માટે જંગમાં જોડયા ? વળી **સહાબાએ પણ જાન બચાવવા તથા ઈજાથી બચવા તલ્વારો, બખ્તરોની મદદ શા માટે લીધી ?** શું રસૂલે ખુદા તથા સહાબા પણ તૌહીદમાં કાચા હતા કે અલ્લાહ સિવાયનાથી મદદ લીધી ? અથવા શું દેવબંદીઓ રસૂલની મદદમાં સાથે આવેલા સહાબાને તથા તેમના બખ્તરોને ખુદા માને છે ?! શું જવાબ છે મોલ્વી અર્શદ તથા તેમના ચાહક દેવબંદીઓનો ?

વળી સાથે સાથે જોતા ચાલો કે એ જ બયાનના પેજ નં. ૮૧ પર છે કે, **"અલ્લાહનો અફર નિર્ણય એ છે કે હવે બીજો નબી પેદા નહીં થાય."** તો પછી તમારા દેવબંદી પેશ્વા કા઼સિમ નાનોત્વીએ શા માટે લખ્યું કે, "જો ધારો કે નબીના જમાના પછી કોઈ નબી પેદા થાય તેમ છતાં પણ મુહમ્મદના અંતિમ નબી હોવામાં ફરક આવશે નહીં." *(તહઝીરુન્નાસ, પેજ–૨૮)* (ﷺ)

અને જે કુર્આનમાં દર્શાવેલ **અલ્લાહના અફર નિર્ણય વિરુદ્ધ** જઈને કહે કે, **"હુઝૂર બાદ પણ નવા નબી થઈ શકે છે."** તેના બારામાં દેવબંદીઓનો શો ખયાલ છે ? શું તે કાફિર નથી ?!

## ★ દેવબંદી ક઼ાયદાનુસાર સર્વ મુસલમાન મુશ્રિક છે ! ★

હા ! તો મૂળ વાત પર આવીએ કે, દેવબંદીઓ સવારથી લઈને રાત સુધી જીવનભર કેટ કેટલાની મદદના મોહતાજ પોતે છે તેનું નિરીક્ષણ કરી લે. "ઠંડી, ગરમી, બેહયાઈથી બચવા કપડાંના મોહતાજ, જીવવા માટે શ્વાસના હવાના મોહતાજ, તરસે મરી ન જવાય જેથી પાણીના, ભૂખે ન મરે માટે અનાજના મોહતાજ, સફર કરવા સાધનના મોહતાજ, ઠંડીથી બચવા, ખાવા પકાવવા આગના મોહતાજ, બીમારી દૂર કરવા ડોકટરના મોહતાજ, ગરીબીમાં તથા મસ્જિદ મદરસાના ચંદા માટે માલદારોના મોહતાજ, કૂવામાં પડી ગયા તો કાઢવા માટે લોકોને બૂમો પાડે એટલે લોકોના મોહતાજ, ઈલ્મ માટે ઉસ્તાદોને સવાલ કરવાના મોહતાજ, રક્ષણ માટે પોલીસને મદદનો સવાલ તથા ફરિયાદ કરે.... સારાંશ કે પલ પલ અલ્લાહ સિવાય મદદ માટે અન્યને સવાલ કરનાર, માંગનાર તથા લેનાર આ દેવબંદીઓ ઉપરોક્ત પોતાના બનાવેલા

તૌહીદના અક઼ીદા પર શું પોતે અમલ કરી રહ્યા છે ! જો નહીં ! અને યક઼ીનન ! નહીં જ ! તો પછી તેઓ પોતાના જ અક઼ીદાની રૂએ મદદ લેવામાં ગૈરને શરીક કરીને પોતે મુશ્રિક ન ઠર્યા ?!

તો હવે આ ગુંચમાંથી બચવાનો ઈલાજ એક જ છે જે સુન્નીઓનો અક઼ીદો છે ! અને જે હક઼ીક઼ત જ છે કે, **''હક઼ીક઼ી મદદગાર તો અલ્લાહ જ છે પણ આ સર્વ અલ્લાહની મદદના ઝરીયા તથા વસીલા એટલે માધ્યમો છે** અને એ જ કુદરતનો નિયમ છે કે ઝરીયા વસીલા થકી તે જ આપણી મદદ ફર્માવે છે. સારાંશ કે વસીલાને માનવો જ પડશે, નહીં તો ઉપરોક્ત **દેવબંદી અક઼ીદા પ્રમાણે દુનિયામાં સર્વ મુસ્લિમો મુશ્રિક જ ઠરશે ! કોઈ મુસલમાન રહી શક્શે જ નહીં !** કારણ કે પલ પલ માનવ માત્ર ગૈર ખુદાથી મદદ પામી રહ્યો છે. જેથી સાબિત થયું કે દેવબંદીની ઉપરોક્ત માન્યતા કુર્આન–હદીષ વિરુદ્ધની ભ્રામક, ભેજાગેપવાળી તથા કેવળ લોકોને ધોકો આપનારી તથા જૂઠી છે.

આવો ! હક્ક઼ નાહક્ક઼નો ફૈસલો કરનાર અલ્લાહના કલામ કુર્આને પાકની રોશનીમાં તેને સમજીએ :–

## ★ કુર્આનમાં ગૈરુલ્લાહથી મદદ લેવા–કરવાનું દર્શાવતા હુકમો ★

કુર્આને કરીમ ફર્માવે છે : **وَادۡعُوۡا شُهَدَآءَكُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ** ''અને અલ્લાહના સિવાય તમારા સર્વ સમર્થકોને બોલાવી લો !'' *(સૂ. બકરહ, આ. ૨૩)*

એમાં કાફિરોને નિમંત્રણ આપવામાં આવ્યું છે કે કુર્આનના સમાન એક સૂરત બનાવીને લઈ આવો અને તમારી સહાયના માટે તમારા સમર્થકોને પણ બોલાવી લો. અહીં ગૈરુલ્લાહથી મદદ માંગવાની ઈજાઝત આપવામાં આવી.

**قَالَ مَنۡ اَنۡصَارِیۡۤ اِلَى اللّٰهِ ؕ قَالَ الۡحَوَارِيُّوۡنَ نَحۡنُ اَنۡصَارُ اللّٰهِ ۚ** ''કહ્યું મસીહે, કોણ છે જે મદદ કરે મારી તરફ અલ્લાહના દીનમાં ? હવ્વારીઓએ કહ્યું કે અમે મદદ કરીશું અલ્લાહના દીનની.'' *(સૂ. આલે ઈમરાન–૫૨)* એમાં ફર્માવવામાં આવ્યું કે, ''મારો મદદગાર કોણ છે ?'' હઝરત ઈસા મસીહે ગૈરુલ્લાહથી મદદ તલબ કરી કે નહીં ?!

**وَتَعَاوَنُوۡا عَلَى الۡبِرِّ وَالتَّقۡوٰى ۖ وَلَا تَعَاوَنُوۡا عَلَى الۡاِثۡمِ وَالۡعُدۡوَانِ ۖ** ''મદદ કરો એકબીજાની નેક કામો અને તક઼વા ઉપર અને ન મદદ કરો એકબીજાની ગુનાહ અને જુલ્મ ઉપર.'' *(સૂ. માઈદહ્–૨)* આ આયતમાં એકબીજાની મદદ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

**اِنۡ تَنۡصُرُوا اللّٰهَ يَنۡصُرۡكُمۡ** ''જો મદદ કરશો તમે અલ્લાહના દીનની, મદદ કરશે તે તમારી.'' *(સૂ. મુહમ્મદ–૭)* એમાં ખૂદ રબ તઆલાએ ગની હોવા છતાં પોતાના બંદાઓની મદદ તલબ ફર્માવી ! રબ તઆલાએ મીષાકના દિવસે અંબિયાની રૂહોથી હુઝૂર ﷺના બારામાં વાયદો લીધો, **لَتُؤۡمِنُنَّ بِهٖ وَلَتَنۡصُرُنَّهٗ ؕ** ''કે તમે તેમના પર ઈમાન લાવજો અને તેમની મદદ કરજો.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૮૧)* માલૂમ થયું કે **અલ્લાહના બંદાઓની મદદનો મીષાકના દિવસથી હુકમ છે.**

**وَاسۡتَعِيۡنُوۡا بِالصَّبۡرِ وَالصَّلٰوةِ ؕ** ''મદદ તલબ કરો સબ્ર તથા નમાઝથી.'' *(સૂ. બકરહ્, આ. ૧૫૩)* આ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો કે નમાઝ અને સબ્રથી મદદ હાંસલ કરો, અને **નમાઝ તથા સબ્ર પણ ગૈરુલ્લાહ જ છે.** **فَاَعِيۡنُوۡنِىۡ بِقُوَّةٍ** ''મદદ કરો મારી શક્તિની સાથે.'' *(સૂ. કહફ, આ. ૯૫)* એનાથી જાણવા મળ્યું કે હઝરત ઝુલ્કરનૈને લોખંડી દીવાલ બનાવતી વખતે લોકોથી મદદ માંગી. રબ તઆલા ફર્માવે છે : **اَيَّدَكَ بِنَصۡرِهٖ وَبِالۡمُؤۡمِنِيۡنَ** ''હે નબી ! રબ તઆલાએ તમને પોતાની મદદ અને મુસલમાનો

થકી શક્તિ અર્પી." *(સૂ. અન્ફાલ, આ. ૬૨)* ફર્માવે છે : **يَآيُّهَا النَّبِيُّ حَسْبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ** "હે નબી ! તમને અલ્લાહ અને તમારા ફર્માંબરદાર મુસલમાન પૂરતા છે." *(સૂ. અન્ફાલ, આ. ૬૪)*

ફર્માવે છે : **فَاِنَّ اللّٰهَ هُوَمَوْلٰهُ وَجِبْرِيْلُ وَصَالِحُ الْمُؤْمِنِيْنَ وَالْمَلٰٓئِكَةُ بَعْدَ ذٰلِكَ ظَهِيْرٌ** એટલે કે "રસૂલના મદદગાર અલ્લાહ અને જિબ્રઈલ અને મુત્તકી મુસલમાન છે." *(સૂ. તહરીમ, આ. ૪)* બાદમાં ફરિશ્તા તેમના મદદગાર છે.

ફર્માવે છે : **اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ** એટલે કે "હે મુસલમાનો ! **તમારા મદદગાર અલ્લાહ અને રસૂલ અને તે મુસલમાન** છે જેઓ ઝકાત આપે છે, નમાઝ પઢે છે." *(સૂ. માઈદહ્, આ. ૫૫)* ફર્માવે છે : **وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ** "અને મુસલમાન મર્દ તથા મુસલમાન સ્ત્રીઓ એકબીજાના રફીક (મદદગાર) છે." *(સૂ. તૌબા, આ. ૭૧)* બીજી જગાએ ફર્માવે છે : **اَوْلِيٰٓؤُكُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَاوَفِى الْاٰخِرَةِ ج** "અમે તમારા દોસ્ત (મદદગાર) છીએ દુનિયામાં અને આખેરતમાં." *(સૂ. હા મીમ સજદહ્, આ. ૩૧)* જાણવા મળ્યું કે, રબ તમારો બિઝ્ઝાત મદદગાર અને આ બિલ્ અર્ઝ, એટલે રબની અનાથી મદદગાર.

મૂસા عليه السلام ને જ્યારે તબ્લીગના માટે ફિરઔનની પાસે જવાનો હુકમ થયો તો અર્ઝ કરી : **وَاجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ اَهْلِيْ ○ هٰرُوْنَ اَخِيْ ○ اشْدُدْ بِهٖٓ اَزْرِيْ ○** "હે ખુદા ! મારા ભાઈને નબી બનાવીને મારો વઝીર કરી દે, મારી પીઠને તેમની મદદ વડે મજબૂત કરી દે." *(સૂ. તાહા, આ. ૨૯, ૩૦, ૩૧)* રબ તઆલાએ એવું ન ફર્માવ્યું કે, તમે મારા સિવાયનાનો સહારો કેમ લીધો ? હું પૂરતો નથી ? બલ્કે રબ તઆલાએ તેમની દરખાસ્ત મંજૂર કરી લીધી. જાણવા મળ્યું કે **બંદાઓનો સહારો બનવું એ અંબિયાની સુન્નત છે.**

અને કુર્આને પાક છે : હઝરત ઈસા عليه السلام ફર્માવે છે કે, **(અર્થ)** : "હું તમારા માટે માટીમાંથી પક્ષી જેમ પૂતળુ બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે અલ્લાહના જ હુકમથી પક્ષી બની જાય છે અને **હું તંદુરસ્તી આપુ (સાજા કરું) છું જન્મજાત આંધળા તથા કોઢીને, અને મુડદાં જીવતાં કરું છું** અલ્લાહના હુકમથી, અને હું તમને ખબર આપુ છું જે તમે ખાવ છો અને ઘરોમાં ભરી રાખો છો કે જેથી હું હલાલ કરું તમારા માટે અમુક ચીજો જે તમારા માટે હરામ હતી." *(સૂ. આલિ ઈમરાન, આયત : ૪૯, ૫૦)*

શું વહાબી દેવબંદી મોલ્વી અર્શદ મદની તથા તેના હમમસ્લકવાળાઓનું **કુર્આનની આ આયતો પર ઈમાન નથી ?!** શું આમાં ગૈરુલ્લાહથી મદદ માંગવા તથા લેવામાં આવી કે નહીં ?! તો મદદ લેનાર માંગનાર હઝરત ઈસા عليه السلام તથા આપણા નબી ﷺ તથા અન્ય નબીઓ ગૈરુલ્લાહની મદદ લેવા તથા કરવાના કારણે મુશ્રિક થઈ ગયા ?! અને અલ્લાહ ખૂદ શું શિર્કનો હુકમ આપનાર થયો ?! (મઆઝલ્લાહ !)

માનવું પડશે કે અહલે સુન્નતનો અક઼ીદો હક્ક઼ છે કે, "હક઼ીક઼ી મદદગાર તો અલ્લાહ જ છે પણ આ સૌ અલ્લાહની મદદના ઝરીયા તથા વસીલા છે."

## ★ સહાબીઓનો અક઼ીદો શું દેવબંદીઓ જેવો હતો ?! ★

મિશ્કાત બાબુસ્સુજાદો ફઝલામાં રબિઅહ્ ઈબ્ને કઅબ અસ્લમીથી મુસ્લિમની રિવાયત છે. **હુઝૂર** عليه السلام **એ મને ફર્માવ્યું, કાંઈ માંગી લો !** મેં કહ્યું કે **જન્નતમાં આપનો સાથ માંગુ છું.** ફર્માવ્યું, કાંઈક અધિક માંગવું છે ? મેં કહ્યું, ફક્ત આ જ છે ! ફર્માવ્યું કે તમારા નફ્સ પર અધિક નફલો વડે **મારી મદદ કરો.**

એનાથી સાબિત થયું કે હઝરત રબિઅહ્એ હુઝૂરથી જન્નત માંગી તો એવું ન ફર્માવ્યું કે તમે ખુદા સિવાય મારાથી જન્નત માંગી ! તમે મુશ્રિક થઈ ગયા ! બલ્કે ફર્માવ્યું, **એ તો મંજૂર છે પણ કાંઈક અધિક પણ માંગો !** આ ગૈર ખુદાથી મદદ માંગવું છે. વળી મજાની વાત તો એ છે કે હુઝૂર عليه السلام પણ ફર્માવે છે **અઈન્ની** હે રબિઅહ્ ! તમે પણ આ કામમાં મારી એટલી મદદ કરો કે અધિક નફ્લો પઢયા કરો. વળી આ પણ ગૈરુલ્લાહથી મદદ માંગવું થયું. આ હદીષે પાક હેઠળ "અશિઅતુલ લમ્આત"માં છે, (અર્થ) સવાલને બેકૈદ (બિનશરતી) કરવાથી એટલે કે ફર્માવ્યું કે, "કાંઈ માંગી લો !" કોઈ ખાસ ચીજ સાથે શરતી (પાબંદ) નથી રાખ્યા. જાણવા મળે છે કે સઘળો પાવર રબની અતાથી હુઝૂરના જ હાથ મુબારકમાં છે કે જે ચાહે જેને ચાહે પોતાના રબના હુકમથી આપી દે. કેમ કે દુનિયા તથા આખેરત આપની જ સખાવતથી છે અને લોહ તથા કલમનો ઈલ્મ આપના ઈલ્મનો એક અંશ છે. દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો તેમના આસ્તાના પર આવો અને જે ચાહો માંગી લો. *(બહવાલા જાઅલ હક્ક્)*

આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો હદીષોમાં નબી કરીમ ﷺની મદદ કરવા બાબતે છે. **તો શું ત્યારે તૌહીદનો કાયદો સંપૂર્ણ મુકમ્મલ થયો ન હતો ? અને આજે દેવબંદીઓએ એ કાયદો મુકમ્મલ કર્યો છે ?!** કે એનાથી ઉલ્ટી વાતો કરી રહ્યા છે.

કુર્આનની આયતોના તથા હદીષનાં ખોટાં અર્થઘટનો કરીને આ વહાબીઓ એવા અર્થો કાઢે છે કે અસંખ્ય આયતો તથા હદીષોમાં ટકરાવ તથા વિરોધાભાસ ઉભો થાય છે, જ્યારે હક્ક એ છે કે કુર્આન તથા હદીષમાં વિરોધાભાસી (વાણી) કલામ નથી, મતલબ એ કે વહાબીઓ ખોટા અર્થઘટનો કરીને કૌમને ગુમરાહ કરીને અવનવા વિવાદો ખડા કરીને ફાંટાંઓમાં વહેંચી રહ્યા છે.

## ★ શું આ બુઝુર્ગો પણ તૌહીદને સમજતા ન હતા ?! ★

હવે એ પણ જોઈ લો કે જે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** رضي الله عنهما ની તફસીરનો હવાલો આ મોલ્વી અર્શદ મદની દેવબંદીએ આપ્યો છે તે જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما બીજી આયત **"વઈઝ કાલ રબ્બુક લિલ્ મલાઈકતિ"** *(સૂ. બકરહ્, આ. ૩૦)*ની તફસીરમાં તો જણાવે છે કે, "જો કોઈ જંગલમાં ફસાઈ જાય તો કહે **અઈનૂની ઈબાદલ્લાહિ મર્હમુકુમુલ્લાહ !** "હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! તો રબ તમારા પર રહમ ફર્માવશે."

**શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمة الله عليه ઝિયારતે કુબૂર પ્રકરણના પ્રારંભમાં કિતાબ "અશિઅતુલ્ લમ્આત"માં જણાવે છે : "**ઈમામ ગઝાલી**એ ફર્માવ્યું, જેની પાસેથી જિંદગીમાં મદદ માંગવામાં આવે છે તેમની પાસેથી તેમની વફાત બાદ પણ મદદ માંગવામાં આવે."

**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** તફસીરે ફત્હુલ અઝીઝ, પેજ–૨૦ ઉપર ફર્માવે છે : "સમજવું જોઈએ કે કોઈ ગૈરથી મદદ માંગવી ભરોસાના રૂપે કે તેને અલ્લાહની મદદ ન સમજે એ હરામ છે, અને જો ધ્યાન અલ્લાહ પ્રતિ છે અને તેને અલ્લાહની મદદનો એક મઝહર (મદદ જાહેર થવાની જગા) જાણીને અને અલ્લાહની હિકમત અને સબબોનું કારખાનુ જાણીને તેનાથી જાહેરી મદદ માંગી તો ઈરફાનથી દૂર નથી અને શરીઅતમાં પણ જાઈઝ છે, અને આ પ્રકારની મદદ નબીઓ તથા વલીઓ સિવાયનાએ પણ કરી છે પરંતુ હકીકતમાં એ હક્ક તઆલાના ગૈરથી માંગવું નથી બલ્કે તેની જ મદદ છે."

**ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رحمة الله عليه જેમની તકલીદનો દાવો આ દેવબંદીઓ પણ કરે છે તે જ ઈમામ પોતાના "કસીદએ નોઅમાન"માં રસૂલુલ્લાહ ﷺને 'યા' વડે પુકારીને અર્ઝ કરે છે :–

"હે મૌજૂદાતથી અકરમ ! અને અલ્લાહની નેઅમતોના ખજાના ! જે અલ્લાહે તમને આપ્યું છે તે મને પણ આપો ! અને અલ્લાહે તમને રાજી કરેલ છે, તમે મને પણ રાજી કરો ! હું આપની સખાવતનો ઉમ્મીદવાર છું, આપના સિવાય અબૂ હનીફાનો મખ્લૂકમાં કોઈ નથી !" *(બહવાલા જા અલ હક્ક઼)*

આ રીતે સ્પષ્ટ શબ્દોમાં નબીથી મદદ પણ માંગવામાં આવી છે, તો શું ઈમામે આ'ઝમ رضی اللہ عنہ તૌહીદને સમજ્યા ન હતા ?! શું જવાબ છે મોલ્વી અર્શદ મદની તથા તેમના દેવબંદી ચેલાઓનો ?!

## ★ લો ! હવે તમારા મોટેરાઓનું તો માનો ! ★

**મોલ્વી મહમૂદ હસન દેવબંદી**ઓના શયખુલ હિંદ પોતાના તર્જુમા કરેલ કુર્આનમાં જે ચાર પારાઓનો હાશિયો તેમણે લખ્યો છે, બાકીનો શબ્બીર અહમદે લખ્યો છે, તેમાં **ઈય્યાક નસ્તઈન**ના હેઠળ જણાવે છે : "હા ! જો કોઈ મક઼બૂલ બંદાને અલ્લાહની રહમત પામવાનો વાસ્તો અને ગૈર મુસ્તકિલ સમજીને જાહેરી મદદ તેનાથી માંગે તો એ જાઈઝ છે. કેમ કે આ મદદ હક઼ીક઼તમાં હક્ક઼ તઆલાની જ મદદ છે." બસ ! ફૈંસલો જ કરી આપ્યો ! **આ જ અમારો પણ દાવો છે** અને કોઈ પણ મુસલમાન કોઈ નબી કે વલીને નથી ખુદા માનતો ન ખુદાનો પુત્ર, પણ કેવળ અલ્લાહની મદદ પામવાનો ઝરીયો તથા વસીલો જ માને છે.

**ફતાવાએ રશીદિયહ**, ભાગ–૧, કિતાબુલ ખતર વલએબાહત, પેજ–૬૪ ઉપર છે :–

**સવાલ** : આ લખાણના શેઅરોને વાંચશો, "યા રસૂલે કિબ્રિયા ! ફર્યાદ હૈ ! યા મુહમ્મદ મુસ્તફા ફર્યાદ હૈ ! મદદ બહરે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા ! મેરી તુમસે હર ઘળી ફર્યાદ હૈ." આ શેઅરો કેવા છે ?

**જવાબ** : આવા શબ્દો કહેવા જાહેરમાં કે એકાંતમાં એવા ખયાલ સાથે કે હક્ક઼ તઆલા આપની ઝાતને ખબર કરી આપે, અથવા કેવળ મહોબ્બતમાં કશાય ખયાલ વિના એ જાઈઝ છે.

**ફતાવા રશીદિયહ**, ભાગ–૩, પેજ–૫ ઉપર છે :–

***યા રસૂલલ્લાહ ઉન્ઝુરહ઼ાલના ! યા હ઼બીબલ્લાહ ઈસ્મઅ઼ ક઼ાલના !***
***ઈન્નની ફી બહ઼રિહમ્ મિમ્મુગરકુન ! ખુઝયદી સહ્હિલ્ લના ઈશ્કાલના***

અથવા **"ક઼સીદા બુરદહ"**ના આ શેઅરનો વઝીફો કરવો :–

***યા અકરમલ ખલ્કિ઼ માલી મન્ અલૂઝુબિહી–સિવાક ઈન્દ હુલૂલિલ હ઼ાદિષિલ અમમી***

જવાબ આપ્યો કે આવા શબ્દો ગદ્ય હોય કે પદ્યમાં વિર્દ કરવા "મકરૂહે તન્ઝીહી" છે, કુફ્ર તથા ફિસ્ક નથી.

આ બંને લખાણોમાં હુઝૂર (ﷺ)થી મદદ માંગવાને કુફ્ર તથા શિર્ક નથી બતાવ્યું બલ્કે જાઈઝ, અને વધુમાં કહ્યું તો "મકરૂહે તન્ઝીહી" કહ્યું ! ક઼સીદાએ ક઼ાસિમીમાં **દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વી** લખે છે :–

***મદદ કર અય કરમે અહમદી કે તેરે સિવા–નહીં હૈ ક઼ાસિમે બેકસકા કોઈ હામી કાર***

એમાં હુઝૂર (ﷺ)થી મદદ માંગી છે અને અર્ઝ કરી છે કે આપના સિવાય મારું કોઈ પણ હિમાયત (મદદ) કરનાર નથી. (એટલે કે ખુદાને પણ ભૂલી ગયા !)

**હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ** (દેવબંદી પેશ્વાઓના પીર સાહબ) ફર્માવે છે :–

***જહાઝ ઉમ્મત કા હક઼્ક઼ને કર દિયા હૈ આપ કે હાથોં***
***તુમ અબ ચાહે ડૂબાઓ યા તરાઓ યા રસૂલલ્લાહ !***

હે દેવબંદીઓ ! હજી નહીં માનો ! તો લો વાંચો તમારા પેશવાઓની કિતાબોમાં કેવા કેવા ઈખ્તિયારો તમારા પેશવાઓના પાસે છે તે દર્શાવતા પ્રસંગો (ગૈરુલ્લાહથી મદદ બાબતે) લખ્યા છે તેની ફક્ત ઝલક હાજર છે :–

## ★ હા ! દેવબંદી પેશ્વાઓથી મદદ લેવી શિર્ક નથી ! ★

દેવબંદી કિતાબ "અરવાહે ષલાષા" અને નવુ નામ "હિકાયાતે અવલિયા"માં છે કે :–

"ક઼ારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ જણાવે છે કે જે સમયમાં મોલ્વી રફીઉદ્દીન સાહબ દા.ઉ. દેવબંદના મોહતમીમ હતા ત્યારે દા.ઉ. ના અમુક મુદર્રિસો વચ્ચે આપસમાં ખેંચતાણ થઈ ગઈ. આગળ જતાં તે હંગામામાં મૌલાના મહમૂદુલ હસન જોડાયા ને ઝઘડો લંબાયો તો એક દિવસ વહેલી સવારે મોલ્વી રફીઉદ્દીને મૌલાના મહમૂદુલ હસનને પોતાના કમરામાં જે દા.ઉ. દેવબંદમાં છે ત્યાં બોલાવ્યા. અને કહ્યું કે પ્રથમ મારાં સુતરાઉ કપડાં જુઓ ! ઠંડીની સીઝન હતી છતાં પરસેવાથી ભીનાં હતાં ! કહ્યું, વાત એમ છે કે હમણાં ક઼ાસિમ નાનોત્વી જાહેરી શરીર સાથે મારી પાસે આવ્યા હતા જેથી મને પસીનો છૂટી ગયો ! અને મને કહીને ગયા છે કે મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે ! તો મૌલાના મહમૂદ હસને કહ્યું કે હું તૌબા કરું છું ! હવે પછી આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં !" *(દેવંબદીની કિતાબ અરવાહે ષલાષા)*

**વિચારો** ! મર્યા પછી દેવબંદી ક઼ાસિમ નાનોત્વીને ક઼બરમાં ઝઘડાની ખબર થઈ ગઈ, તે ક઼બરમાંથી નીકળીને દા.ઉ.માં આવ્યા, ઝઘડામાં મદદ કરી, મૌલાના રફીઉદ્દીનને સૂચના આપી જે ઉપર લખી છે.

**આ જ વાત નબી વલી માટે તમે કહો તો તમે મુશ્રિક થઈ જાવ !** પણ ક઼ાસિમ નાનોત્વી માટે ઈલ્મે ગયબ અને તસર્રુફ તથા નફો પહોંચાડવાની વાત પોતે જ તેમના ટોચના મોલ્વીઓ લખે છે છતાં પાકા મુસલમાન તો તેઓ પોતે જ છે ! અને તેમની તૌહીદને ઉની આંચ નથી આવતી ! ન તેમને શિર્ક નડે છે ! તો શું **ક઼ાસિમ નાનોત્વીને તેઓ ખુદા માને છે ?** કેમ કે **ખુદા સિવાય ગયબનો ઈલ્મ, ઈખ્તિયાર કોઈના માટે સાબિત કરવું તો તેઓ શિર્ક લખી ગયા છે** અને **અલ્લાહના આપવાથી પણ** આ બધું માને તેને પણ **મુશ્રિક** કહે છે ?! જેમ કે તક઼વિયતુલ ઈમાનમાં છે.

હે ન્યાયપ્રિય વાંચકો ! શું કહેવું છે તમારું આ વહાબી દેવબંદી ધર્મની મુનાફિક઼્તપણાવાળી પોલીસી વિશે ? હવે તેમના જૂઠા ધર્મવાળા ધોકાબાઝ હોવા વિશે કાંઈ કહેવાપણુ રહે છે ?!

## ★ ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં ગુસ્તાખી ! ★

એ જ બયાનમાં મોલ્વી અર્શદ મદની દેવબંદી કહે છે કે એકવાર તેમણે અજમેર શરીફ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના દરબારમાં હાજરી આપીને ગેટ ઉપર આ શેઅરો વાંચ્યા :–

**દર અઝલ હર ચેહ કે શુદ સબ્ત બ લૌહે મહ્ફૂઝ–ખ્વાજા બર સંગે દર ખ્વૈશ નવિશ્ત અસ્ત ઇંજા**

હવે તેનો અર્થ તેમણે દર્શાવ્યો કે, "આલમે અઝલમાં ક઼લમે જે કંઈ લવહે મહફૂઝ પર લખ્યું હતું એટલે સમગ્ર મખ્લૂક઼ની તક઼દીરો જે કાંઈ લખી હતી. તો ખ્વાજા ગયા, લોહે મેહફૂઝમાં જે કાંઈ લખ્યું હતું એ બધું લઈ આવ્યા અને ખ્વાજાના બારણે એમના ઉંબરે જે પથ્થર લાગેલો છે એના પર એ લખી આપ્યું." આ તો ઠીક પણ પછી આગળ પોતાની બદ્અક઼ીદગીના કારણે તેમને થતી જલન એ રીતે જાહેર કરી કે તદ્દન ઉદ્ધત તથા ગુસ્તાખીપૂર્ણ શબ્દો સાથે તેનો ભાવાર્થ પોતાની રીતે રજૂ કરતાં જણાવે છે કે, "કવિ કહે છે, ખ્વાજાના દુનિયામાં આગમન પૂર્વે તો સમગ્ર વિશ્વની તક઼દીરો લવહે મહફૂઝમાં હતી. અલ્લાહે લોહે મેહફૂઝ પોતાની પાસે રાખી મૂકી હતી. અલ્લાહ તઆલાની ઠેકેદારી હતી, એની મોનોપોલી હતી. હવે ખ્વાજા ગયા અને જે

કાંઈ લોહે મેહફૂઝમાં હતું તે લઈ આવ્યા અને પોતાના બારણાના ઉંબરે જે પથ્થર (ચોખટ) છે તેના પર લખી દીધું. પહેલાં જે કોઈને પોતાની બગડેલી તક્દીર સુધારવાની ઈચ્છા રહેતી તે અલ્લાહ પાસે માંગતો હતો. એટલા માટે કે લવહે મહફૂઝ કોઈની પાસે હતી જ નહીં ! હવે તો ખ્વાજા બધું જ લઈને આવી ગયા અને સઘળુ પોતાની ચોખટના પથ્થર પર લખી દીધું છે. હવે જેને પોતાની તક્દીર બનાવવી હોય તે આવે અને ખ્વાજાની ચોખટ પર સિજદો કરે ! તો ખ્વાજા બગડેલી તક્દીર બનાવી દેશે.'' *(બયાને મુસ્તફા, પેજ-૮૩, ઓક્ટોબર-૨૦૦૮)*

આને કહે છે **ખ્વાજાની શાન જોઈને વલીના દુશ્મનના દિલમાં આગનું લાગવું !** અમે કહીએ છીએ કે બેશક ! અલ્લાહની અતાથી ખ્વાજા તક્દીરો બનાવી દે છે, પણ એ શેઅર લખનાર જે હસ્તી પણ હશે તેમના પર **આટલી બધી બદ્ગુમાની ?!** કે તેમણે શેઅરમાં સિજદો કરવાનું કહ્યું છે ! ક્યાં છે શેઅરમાં સિજદાનું વર્ણન ?! અને શું આ શેઅરનો આ જ ભાવાર્થ થશે ?! અહલે સુન્નતના ઉલમા તથા અવલિયાનો તો પહેલેથી જ એ અક્ીદો છે કે :-

**''અલ્લાહ સિવાય કોઈને પણ ઈબાદતનો સિજદો 'કુફ્ર' અને તા'ઝીમનો સિજદો 'હરામ' છે.''** *(કિતાબો ઉલમાએ અહલે સુન્નત)*

આ તૌહીદના બની બેઠલા ઠેકેદારને **વલીની અદાવતમાં એવો ગુસ્સો ચડી ગયો કે દિમાગ કામ કરતું અટકી ગયું !** અને કહી દીધું કે આ શેઅરનો આવો ભાવાર્થ છે ! અગાઉ દેવબંદી મોલ્વી ક્ાસિમ નાનોત્વીનો પ્રસંગ તેમની જ કિતાબોમાંથી અમે વર્ણવ્યો કે, ''ક્ાસિમ નાનોત્વીને દારુલ ઉલૂમ દેવબંદમાં ચાલતા ઝઘડાની કેટલાય મણ માટી નીચે દૂર ક્બ્રમાં ખબર થઈ ગઈ ! અને એ ઉઠીને આવ્યા અને મામલો સુલઝાવ્યો !'' એને ફરી વાંચો અને વિચારો કે **ત્યાં એ મોલ્વી અર્શદ અકળાઈ ન ગયા અને આજ સુધી એક શબ્દ એના વિશે ન ઉચ્ચાર્યો ! કે આ 'ઈલ્મે ગયબ' નાનોત્વીને થવાની માન્યતા તથા મદદ કરવા આવવાની માન્યતા શિર્ક છે, અને અહીં ઉકળી ઉઠયા ! કારણ ?! અલ્લાહના વલીથી તેમને અદાવત છે અને પોતાના મોલ્વીથી પ્યાર છે !** આવા ધોકાબાઝોથી અલ્લાહની પનાહ ! ''યક્ીનન ! વલીની નજર લોહે મેહફૂઝ પર રહે છે અને વિશ્વના કણ કણની સર્વ હાલતોની તેમને ખબર થઈ જાય છે.'' આ અહલે સુન્નતનો અક્ીદો છે જ અને એ જ વાત આ શેઅરમાં દર્શાવી છે. ખૂદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના બારામાં દર્શાવ્યું છે કે તેમણે ફર્માવ્યું કે, ''હું અલ્લાહના ઈલ્મના સમુદ્રમાં ડૂબકીઓ લગાડું છું અને લોહે મેહફૂઝ દરેક સમયે મારી સામે રહે છે.''

તો આ શેઅરનો પણ ભાવાર્થ એ જ છે કે, ''જાણે કોઈ નજીકના પથ્થર પર લખી આપ્યું હોય અને તેને સરળતાથી વાંચી શકાય તેમ લોહે મેહફૂઝનો ઈલ્મ ખ્વાજા સાહબની નજરો સમક્ષ રહે છે.'' અને આ સિજદો કરવાનો ટોણો જે મોલ્વી અર્શદ મદની દેવબંદીએ માર્યો છે એ એમના ગંદા અક્ીદા ધરાવતા દિમાગની ઉપજ છે તથા શેઅર લખનાર પર બદ્ગુમાની છે તથા મુસ્લિમોને ગુમરાહ કરવાનો પ્રયાસ છે, એથી વિશેષ કાંઈ જ નથી.

ઉમ્મીદ છે કે મારા સુન્ની ભાઈઓ વહાબી દેવબંદીઓની નબી વલીથી દુશ્મનીના આ ચિતારને સમજી લીધા બાદ પોતાના ખૂનમાં ગરમી લાવશે અને જરૂર આ વહાબી દેવબંદીઓના મોલ્વીઓથી તથા તેમને માનવાવાળા દેવબંદી ફિર્કાવાળાઓથી દૂર રહેવા કોશિશ કરશે અને તેમનાથી દોસ્તી, સગાઈ સંબંધ હજી ચાલુ હશે તો હવે તો ખત્મ કરશે. મૌલા કરીમ તેના હબીબ ﷺના સદક્ામાં સૌને બદ્મઝહબોથી બચાવે.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْ بَعْدُ حَتّٰى
تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ ؕ فَاِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيْهِمَآ اَنْ يَّتَرَاجَعَآ
اِنْ ظَنَّآ اَنْ يُّقِيْمَا حُدُوْدَ اللّٰهِ ؕ وَتِلْكَ حُدُوْدُ اللّٰهِ يُبَيِّنُهَا
لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٢٣٠﴾ وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ
فَاَمْسِكُوْهُنَّ بِمَعْرُوْفٍ اَوْ سَرِّحُوْهُنَّ بِمَعْرُوْفٍ ۪ وَّلَا تُمْسِكُوْهُنَّ
ضِرَارًا لِّتَعْتَدُوْا ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ ؕ وَلَا
تَتَّخِذُوْٓا اٰيٰتِ اللّٰهِ هُزُوًا ؗ وَّاذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ وَمَآ اَنْزَلَ
عَلَيْكُمْ مِّنَ الْكِتٰبِ وَالْحِكْمَةِ يَعِظُكُمْ بِهٖ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا
اَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٢٣١﴾

### ત.....ર્જુ.....મો.....

(બે વાર તલાક઼ આપ્યા બાદ)[૨૯૮] પછી જો તે તલાક઼ આપે પોતાની પત્નીને તો તે હલાલ ન થશે એના પર એના પછી ત્યાં સુધી કે નિકાહ કરે કોઈ અન્ય પતિ સાથે. પછી જો તે (બીજો) તલાક઼ આપે તેણીને તો કોઈ વાંધો નથી એ બંને પર કે રૂજૂઅ કરી લે (ફરી નિકાહ કરી લે) એ શરતે કે તેમને ખયાલ હોય કે તેઓ ક઼ાયમ રાખી શકશે અલ્લાહની હદોને, અને આ હદો છે અલ્લાહની તે બયાન ફર્માવે છે તેમને તે લોકોના માટે જેઓ ઈલ્મ ધરાવે છે. અને જ્યારે તમે તલાક઼ આપી દો સ્ત્રીઓને અને તે પૂરી કરી લે પોતાની ઈદત[૨૯૯] પછી ક્યાં તો રોકી લે તેણીઓને ભલાઈની સાથે અથવા છોડી દો તેમને ભલાઈની સાથે, અન ન રોકો તેમને તકલીફ આપવાના હેતુથી જેથી જુલ્મ કરો. અને જે કોઈ કરશે આ પ્રમાણે તો તે જુલ્મ કરશે પોતાની જ જાન પર, અને ન બનાવી લો અલ્લાહની આયતોને મઝાક[૩૦૦] અને યાદ કરો ![૩૦૧] અલ્લાહની નેઅમતને જે તમારા પર છે અને (યાદ કરો) જે એણે નાઝિલ કર્યું તમારા પર કુર્આન તથા હિકમત, તે નસીહત ફર્માવે છે તમારા પર એનાથી. અને ડરતા રહો અલ્લાહથી અને સારી પેઠે જાણી લો કે અલ્લાહ તઆલા દરેક ચીજને સારી રીતે જાણનાર છે.

### તફસીર..............

૨૯૮. અહીંથી ત્રીજી તલાક઼ અને તેના હુકમનું બયાન છે. એટલે જો ત્રીજી તલાક પણ તેણે આપી દીધી તો હવે જ્યાં સુધી તે કોઈ બીજા પતિ સાથે બિલ્કુલ એ રીતે વસવાની નિય્યતથી નિકાહ ન કરે જેવી રીતે પ્રથમ પતિની સાથે કર્યા હતા, અને પછી તે બીજો પતિ સંભોગ કર્યા બાદ અમુક સમય ગુજરતાં પોતાની મરજીથી તલાક઼ આપી દે, ત્યાં સુધી તે પ્રથમ પતિના નિકાહમાં નથી જઈ શકતી. આ છે કુર્આને કરીમનો સ્પષ્ટ ઈર્શાદ જેમાં તાવીલ (અર્થઘટન)ને કોઈ અવકાશ નથી. આજકાલ એનો હલ હલાલાની ખૂબ જ નફરતમય ચીજના રૂપમાં તલાશ કરી લેવામાં આવ્યો છે, એના સંબંધે હુઝૂર નબી કરીમ ﷺનો આ હુકમ નજરો સમક્ષ છે :–

لعن الله المحلل والمحلل له (અર્થ) : હલાલો કરનાર ઉપર પણ અલ્લાહનો ફિટકાર અને જે

(બેગૈરત)ના માટે હલાલો કરવામાં આવી રહ્યો છે તેના પર પણ અલ્લાહની ફિટકાર. રુકૂઅના અંત સુધી જેટલી આયતો છે એમાં વારંવાર તાકીદ કરવામાં આવી રહી છે કે કોઈ સ્ત્રીની સાથે નિકાહ તેણીને સતાવવા તથા દુઃખ આપવા માટે ન કરો બલ્કે તેમને આબાદ કરવા માટે કરો. અને જે એવું કરશે તે જાણે કે અલ્લાહ તઆલાની આયતોની સાથે મઝાક કરી રહ્યો છે. શું કોઈ મુસલમાનના માટે એનાથી પણ વધુ ગંભીર કોઈ ધમકી હોય શકે છે !

**૨૯૯.** તલાક઼થી અહીં મુરાદ 'રજઈ' છે. એટલે કે જ્યાં સુધી તમે તલાક઼ે 'મુગલ્લઝા' નથી આપી ત્યાં સુધી તમને અધિકાર છે કે ચાહો તો પરત ખેંચો (રુજૂઅ કરી લો) અને તેણીને તમારા ઘરે વસાવી લો અને તેણીની સાથે સદ્‌વર્તાવ કરો. અને જો રુજૂઅનો ઈરાદો નથી તો પછી તેણીને ઉમદા તથા સભ્યતાથી અલગ કરી આપો. જે સ્થિતિ પણ અપનાવો એમાં નેક નિયતી જાળવી રાખવી. સ્ત્રીને તકલીફ આપવી અને તેણીને પરેશાન કરવાનો હરગિઝ હેતુ ન હોવો જોઈએ.

**૩૦૦.** ઘરેલૂ જીવનનું મહત્વ લક્ષમાં લેતાં આ ક઼ાનૂનોનો દુરુપયોગ કરનારાઓને ચેતવણી આપવામાં આવી રહી છે કે જો તમે આ ક઼ાયદાઓના પાલનમાં તાવીલ (અર્થઘટન)થી કામ લેવાનું શરૂ કર્યું તો યાદ રાખો કે તમારો આ ગુનો જતો કરવામાં નહીં આવે, કેમ કે તમે ખુદા તઆલાની આયતોનો મઝાક ઉડાડી રહ્યા છો, અને એ ઘણો જ ગંભીર જુર્મ છે. એની સજા તમારે ભોગવવી પડશે.

**૩૦૧.** પ્રથમ વાક્યમાં ધમકાવવામાં આવેલ છે, હવે નરમ તથા પ્રેમપૂર્વક એ ક઼ાનૂનોના પાલન પ્રતિ આકર્ષવામાં આવી રહ્યા છે કે જુઓ ! કુર્આન એવી હિદાયતની કિતાબ તમને અર્પણ કરવામાં આવી છે કે તમારે આ મહાન નેઅમતનો હમેશાં લેહાઝ રાખવો જોઈએ ત્યારે જ તમે આ મહાન એહસાનની શુક્રગુઝારીનો હક્ક઼ અદા કરી શકો છો. આકષર્ણ તથા ચેતવણીનું કેટલુ સરસ સંગમ છે.

પેજ નં. ૧૩ નું ચાલુ...

**૫.** આપણે ત્યાં રિવાજ છે કે દફન કર્યા બાદ તુરત પરત નથી થતા બલ્કે ક઼બ્રની આસપાસ કુંડાળુ વળીને ઊભા રહે છે, કાંઈક પઢીને બખ્શે છે અને મૈયતના માટે દુઆ કરે છે. એ સૌનો માખઝ (આધાર) આ હદીષ છે. આ સર્વ કાર્ય સુન્નત છે. અમુક જગાએ દફન કર્યા બાદ ક઼બ્ર પર અઝાન પણ કહે છે, એ પણ આ હદીષથી નીકળી શકે છે કે એમાં મુડદાને તલ્ક઼ીન છે અને તેના માટે અડગ રહેવાની કોશિશ છે. لَقِّنُوْا مَوْتَاكُمْ بِلَا اِلٰهَ اِلَّا اللّٰهُ

**૬.** એટલે થવાની તૈયારી જ છે, કેમ કે ક઼બ્રનો હિસાબ લોકોના પરત થયા બાદ શરૂ થાય છે. એનાથી જાણવા મળ્યું કે જીવતાઓની દુઆથી મુડદાંને ફાયદો થાય છે, એ જ પ્રમાણે તેમના સદક઼ાઓ તથા ખૈરાત મૈયતને માટે લાભદાયી છે. અબૂ ઉમામાની રિવાયત છે કે હુઝૂર ઈર્શાદ ફર્માવે છે, દફન પછી ક઼બ્રના સિરહાને ઊભા રહીને આ પ્રમાણે કહો, હે ફલાણાના પુત્ર ફલાણા ! તારો તે કલ્મો યાદ કર જેને તું દુનિયામાં પઢતો હતો. તારો રબ અલ્લાહ છે, તારો દીન ઈસ્લામ છે, તારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺ છે. *(અશ્અહ્)* મિર્ક઼ાતે ફર્માવ્યું કે ક઼બ્ર પર ખત્મે કુર્આન કરવું મુસ્તહબ છે. બયહક઼ીએ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે દફન બાદ ક઼બ્રના સિરહાના પર સૂરએ બક઼રહનો પ્રથમ રુકૂઅ અને પગોની તરફ છેલ્લો રુકૂઅ પઢવો 'મુસ્તહબ' છે. શૈખ ઈબ્ને હમ્મામ ફર્માવે છે કે ક઼બ્ર પર કુર્આન પઢવું ખૂબ જ આ'લા છે. અશ્અહ્‌માં છે કે જો એ વખતે બે ચાર ફિક઼્હી મસાઈલ વર્ણન કરીને મૈયતને સવાબ પહોંચાડે તો સારું છે.

**૭.** 'તન્ઈન' ઝહેરવાળા અજગરોને કહે છે. કેમ કે કાફિર અલ્લાહનાં નવ્વાણુ નામોનો મુન્કિર (નકારનાર) હતો એટલા માટે એના પર ૯૯ સાપો લાગુ થાય. તેમજ અલ્લાહની સો રહમતો છે, એક દુનિયામાં અને નવ્વાણુ મો'મિનો માટે આખેરતમાં. કાફિરો પર એ નેઅમતોના બદલામાં સાપ લાગુ થયા.

**૮.** ગોશ્ત ચૂંથવો ઝહેર ન પહોંચાડવું 'નહસ્' છે અને દાંત મારીને ઝહેર છોડી દેવું 'લદગ઼' એટલે કોઈ ચૂંથશે તો કોઈ દંશશે.

**૯.** એ રીતે તેની ગરમી તથા ઝહેરના લીધે માટી પાકી જાય અને લીલોતરી ઉગવા પાત્ર ન રહે. જેમ કે આજે જ્યાં એટમ બોમ્બ પડયા છે તે ઈલાકા ખેતી લાયક ન રહ્યા.

**૧૦.** સિત્તેરથી મુરાદ અસંખ્ય હોવું, એ ૯૯ ની વિરુદ્ધ નથી.

## હદીષ ૭૦

*હઝરત ઉષ્માન ગની رضي الله عنهથી રિવાયત છે કે આપ જ્યારે કોઈ કૃબ્ર પર ઊભા રહેતા તો એટલુ રડતા કે આપની દાઢી તર થઈ જતી[૧] . અર્ઝ કરવામાં આવી કે આપ જન્નત દોઝખનો ઉલ્લેખ કરો છો તો નથી રડતા અને આનાથી રડો છ ?! તો ફર્માવ્યું કે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે કે કૃબ્ર આખેરતની મંઝિલોથી પ્રથમ મંઝિલ છે, જો એનાથી નજાત પામી ગયો તો બાદવાળી મંઝિલો એનાથી અધિક આસાન છે[૨] . અને જો એનાથી જ નજાત ન પામી તો બાદવાળી મંઝિલો એનાથીય કઠિન છે[૩]. ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કે મેં કોઈ મન્ઝર ન જોયો પણ કૃબ્ર એનાથી અધિક ભયાનક છે[૪] . અને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કરી અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે. એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, જ્યારે નબી ﷺ મૈયતના દફનથી ફારિગ થતા તો ત્યાં થોડીકવાર રોકાતા અને ફર્માવતા, આપણા ભાઈના માટે મગફેરતની દુઆ કરો. વળી એના માટે સાબિત કૃદમ (અડગ) રહેવાની દુઆ કરો[૫] કે એનાથી હવે સવાલો થઈ રહ્યા છે[૬]. (અબૂ દાઊદ)*

*હઝરત અબૂ સઈદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કાફિર પર તેની કૃબ્રમાં ૯૯ સાપો લાગુ કરવામાં આવે છે[૭] જે તેને કૃયામત સુધી ચૂંથતા તથા દંશતા રહેશે[૮] જો એમાંથી એક સાપ જમીન પર ફૂંક મારી આપે તો કદી લીલોતરી ઉગશે નહીં[૯]. અને દારમીએ રિવાયત કરી અને તિર્મિઝીએ પણ એની જેમ રિવાયત કરી. તેમણે ૯૯ના બદલે ૭૦ ફર્માવ્યા[૧૦] .*

### :::: સ....મ....જૂ....તી.... ::::

**૧.** મુડદાની યાદમાં નહીં બલ્કે કૃબ્રની ભયાનક્તામાં અને અઝાબે કૃબ્રના ડરથી, જો કે આપ દરેક પ્રકારના અઝાબથી મેહફૂઝ હતા, ઝબાને મુસ્તફવીથી જન્નતની બશારત પામી ચૂક્યા હતા. પરંતુ ડર દિલમાં મૌજૂદ હતો જે ઈમાનનો તકાઝો છે. જ્યારે મહફૂઝોને આવો ખૌફ છે તો આપણે ગુનેહગારોએ તો કેટલું ડરવું જોઈએ ?! એનાથી એ લાઝિમ નથી આવતું કે એમને હુઝૂર ﷺની બશારત પર યકીન ન હતું અથવા રબ તઆલાના જૂઠની સંભાવના હતી. રબ તઆલાએ ફર્માવ્યું હતું : مَاكَانَ اللّٰهُ لِيُعَذِّ بَهُمْ وَاَنْتَ فِيْهِمْ તેમ છતાં આંધી જોઈને હુઝૂરના ચહેરા મુબારક પર ખૌફના ભાવો જાહેર થતા હતા.

**૨.** એટલે કે મૃત્યુ પામ્યા બાદ કૃબ્ર, હશ્ર, મીઝાન, પુલસિરાત વગેરે ઘણી બધી મંઝિલોએ થઈને આપણે પસાર થવાનું છે, પરંતુ તમામ મંઝિલોની ભાળ કૃબ્રથી મળી જાય છે, અહીં બચી ગયો તો ઈન્શાઅલ્લાહ ! આગળ પણ મેહફૂઝ રહેશે. બલ્કે ગુનેહગાર મો'મિનના માટે કૃબ્રનો ટેમ્પરરી અઝાબ તેના ગુનાહોનો કફ્ફારો બનશે. જેમ કે મિર્કાતમાં છે. સુબ્હાનલ્લાહ ! મો'મિનના માટે એ સખ્તી પણ રહમત છે.

**૩.** એટલે કે કૃબ્રનો કાયમી અઝાબ કાફિરો માટે છે, તેના માટે હશ્ર તથા પુલસિરાત કૃબ્ર કરતાં પણ અધિક ભયાનક છે.

**૪.** એટલે કે **દુનિયાની મોટામાં મોટી મુસીબત કૃબ્રના મામૂલી અઝાબથી પણ આસાન છે.** ઐશમાં રહેનાર કાફિરને કૃબ્રની એક ગરમ હવા આપીને પૂછવામાં આવશે કે શું તેં કદી ઐશ જોયો હતો ? તો કહેશે કે હું જાણતો પણ નથી કે ઐશ શું ચીજ છે ? દુનિયામાં મુસીબત પામેલો પોતાના માલ, ઔલાદ તથા સાથીઓને જોઈને સાંત્વન પામી લે છે, પણ કૃબ્રમાં કોને જોશે ! ક્યાં તો માટીને અથવા અઝાબના ફરિશ્તાઓને.

વધુ પેજ નં. ૧૨.....પર

شفا شریف شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## મેઅરાજની રાત્રે અંબિયાથી મુલાકાત

ઈમામ ઝુહરી رحمۃ اللہ علیہ વાળી રિવાયતમાં છે કે દરેક નબીએ આપનાથી 'મર્હબા નબી સાલેહ' અને 'ભાઈ સાલેહ' કહ્યું હતું પરંતુ હઝરત આદમ અને હઝરત ઈબ્રાહીમ علیہما السلام એ 'મર્હબા નબી સાલેહ' અને ફરઝંદ સાલેહ ! કહ્યું. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ના તરીકાથી આ હદીષમાં એ પણ છે કે પછી બુરાક મને ઉપર લઈ ગયો ત્યાં સુધી કે મુસ્તૌલી (ઢાંકી લેનાર) પર ચાલ્યો ગયો અને કલમોના ચાલવાની અવાજ સાંભળવા લાગ્યો.

હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતમાં છે કે પછી બુરાક મને ઉપર લઈ ગયો જ્યાં સુધી કે હું 'સિદરતુલ્ મુન્તહા' સુધી જઈ પહોંચ્યો જે એવા જાત જાતના રંગોથી સુશોભિત કે અક્કલ તેની હકીકત બયાન કરી શકતી નથી. જ્યારે મૂસા علیہ السلام ના પાસેથી હું પસાર થયો ત્યારે તેઓ રડી પડયા. અવાજ આવ્યો ! અય મૂસા ! (علیہ السلام) રડવાનું શું કારણ છે ? અર્ઝ કરવા લાગ્યા, અય પરવરદિગાર ! તેં આ નવજવાનને મારા પછી દુનિયામાં મોકલ્યો પરંતુ મારી ઉમ્મતની સરખામણીમાં તેની ઉમ્મત જન્નતમાં વધુ થશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વાળી રિવાયતમાં છે કે હું અંબિયાએ કિરામની જમાઅતમાં હતો કે નમાઝની તૈયારી થઈ ગઈ. મેં નમાઝમાં તેમની ઈમામતની ફરજ અદા કરી. ત્યારે કોઈએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ માલિક ફરિશ્તો દોઝખનો દરવાન છે, તેમને સલામ કરી લો. આપ ફર્માવે છે કે જ્યારે મેં તેમની તરફ જોયું તો પહેલાં તેમણે સલામ કરી. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષમાં એ પણ છે કે હું નીકળી પડયો ત્યાં સુધી કે બયતુલ મુકદ્દસમાં આવ્યો અને ત્યાં ઉતરીને મેં બુરાકને "સખરા" નામી પથ્થરથી બાંધી દીધો. પછી ફરિશ્તાઓ સાથે નમાઝ પઢી. જ્યારે નમાઝથી નિવૃત્ત થયા તો કેટલાક ફરિશ્તાઓએ હઝરત જિબ્રઈલ علیہ السلام થી પૂછયું કે આપનાર સાથે આ કોણ છે ? તેમણે જવાબ આપ્યો કે ખાતિમુન્નબિય્યીન સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم છે. પૂછયું, તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલ علیہ السلام એ હકારમાં જવાબ આપ્યો.

આ સાંભળીને ફરિશ્તાઓએ મને સલામ કરી અને કહ્યું, મર્હબા ! શ્રેષ્ઠ ભાઈ અને શ્રેષ્ઠ ખલીફા ! શું આ બેહતરીન ભાઈ અને બેહતરીન ખલીફા છે. આ પછી હઝરાત અંબિયાએ કિરામ علیہم السلام ની મુકદ્દસ રૂહોથી મુલાકાત થઈ. તેઓએ પોતાના રબની હમ્દો ષના બયાન કરી. એ માટે રાવીએ દરેક નબીના મુકદ્દસ (પવિત્ર) શબ્દોનું વર્ણન કર્યુ છે. અંતમાં સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ સંબોધન કરીને ફર્માવ્યું કે આપ હઝરાતે રબ તબારક વ તઆલાની હમ્દો ષના બયાન કરી હવે હું બયાન કરું છું :–

(અર્થ) : તમામ તારીફ તે ખુદાના માટે છે જેણે મને તમામ જહાનના માટે રહ્મત બનાવીને મોકલ્યો. અને ખુશખબરી આપતો ડર સંભળાવતો. અને મારા પર કુર્આને કરીમ નાઝિલ ફર્માવ્યું જેમાં દરેક વસ્તુઓનું વર્ણન છે અને મારી ઉમ્મતને શ્રેષ્ઠ ગણવામાં આવી અને મારી ઉમ્મત જ પ્રથમ છે અને અંતમાં પણ તે જ છે. તેણે મારો સીનો ખોલ્યો, મારો બોજ મારાથી દૂર કર્યો, અને મારા ઝિક્રને બુલંદ કર્યું અને ફાતેહ (વિજયી) અને આખરી નબી બનાવ્યો.

આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ ફર્માવ્યું કે આનાથી તો એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم આપણા સઘળાથી

અફઝલ છે[1]. (સર્વશ્રેષ્ઠ છે)

આ પછી તેનું ઝિક્ર કરેલ છે કે આપને આસ્માની દુનિયાની તરફ ચઢાવવામાં આવ્યા અને ત્યાંથી એક આસ્માનથી બીજા આસ્માન પર પહોંચતા રહ્યા જેવો કે ઉલ્લેખ કરવામાં આવેલ છે. અને ઈબ્ને મસઊદ رضی اللہ عنہની રિવાયતમાં છે કે મને સિદ્‌રતુલ્ મુન્તહા સુધી લઈ ગયા જે છઠ્ઠા આસ્માન પર છે. ઉપરથી જે કાંઈ નાઝિલ થાય છે તેની આ જ અંતિમ સીમા છે અને જે કાંઈ જમીન પરથી તરક્કી કરી ઉપર જાય છે તેની પણ અંતિમ સીમા આ જ છે. જેવો કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : اِذْ یَغْشَی السِّدْرَۃَ مَایَغْسٰی "જ્યારે સિદ્‌રતુલ્ મુન્તહા પર છવાઈ રહ્યું હતું." ફરાશ رحمۃ اللہ علیہ ઝબહ رحمۃ اللہ علیہ ના વાસ્તાથી અને રિવાયત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રબીઅ બિન અનસ رضی اللہ عنہની પરંપરાથી છે કે સરવરે કોનોમકાં صلی اللہ علیہ وسلمથી પણ કહેવામાં આવ્યું કે આ જ સિદ્‌રતુલ્ મુન્તહા છે. આપનું સંપૂર્ણ અનુસરણ કરનાર વધારેમાં વધારે અહીં સુધી તરક્કી કરી શકે છે. સિદ્‌રતુલ્ મુન્તહાની જડમાંથી એવી પાણીની નહેરો નીકળે છે જે ખરાબ થતું નથી અને એવા દૂધની નહેરો જેનો સ્વાદ બદલાતો નથી અને એવી શરાબની જે પીવાવાળાને સ્વાદનો આનંદ આપે છે એ શહદે મુસ્તફીની નહેરો પણ વહે છે. આ એટલું મોટું ઝાડ છે કે તેના છાયામાં એક ટોચથી બીજી ટોચ સુધી એક સવાર સીત્તેર વર્ષ સુધી ચાલી શકે છે. તેનું દરેક પાંદડું છાપરા જેવું છે આ ઝાડને નૂરે અને નૂરને મલાઈકાએ ઢાંકી રાખેલ છે. કહે છે કે બારી તઆલાનો ઈર્શાદ اِذْ یَغْشَی السِّدْرَۃَ مَایَغْسٰیનો આ જ હેતુ છે.

*૧. અફઝલિયતે (શ્રેષ્ઠતા) મુસ્તફા અને આપની વિશિષ્ટતાઓ પર સંશોધનનો હક્ક઼ અદા કરતાં મુજદ્દિદે મીઅતે હાઝિરા ઈમામ અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, હદીષ વિશિષ્ટતાની જેમાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ પોતાની સુંદર વિશિષ્ટતા ઈર્શાદ ફર્માવી છે જે કોઈ નબીને અથવા રસૂલને પ્રાપ્ત થઈ ન હતી અને તેના કારણે પોતાનું તમામ અંબિયા અલ્લાહ પર મહત્તા (શ્રેષ્ઠતા) મેળવવાનું ઝિક કર્યું. આ રિવાયત લગાતાર અર્થ પૂર્ણ છે. ઈમામ ક઼ાઝી અયાઝે શિફા શરીફમાં પોતાના પાંચ સહાબાની રિવાયતથી આવી હોવાનો ઉલ્લેખ કરેલ છે. અબૂઝર ઈબ્ને ઉમર, ઈબ્ને અબ્બાસ, અબૂ હુરૈરહ્, જાબિર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن પછી હદીષના ચાર પાંચ જુદા જુદા વાક઼્યો નકલ કર્યા છે.*

*અલ્લામા કસ્તલાનીએ 'મવાહિબે લદુન્નિયા'માં ફ઼ુતુહુલ્બારી શરહે સહીહ હુલ્બારી ઈમામ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીથી મેળવીને તેના પર લેખ લખેલ છે જેમાં હુઝૈફા અને અબૂ હુરૈરહ્ની હદીષ સહીહૈનમાં લખવામાં આવેલી છે અને કોઈ રિવાયત પૂરી નકલ ન કરી. ફકીર ગ઼ુફિરુલ્લાહ તઆલા લહુએ જુદા જુદા નજીક અને દૂરના સ્થળોઓથી ઘણી કિતાબો એકઠી કરી તેના તરીક઼ા તથા રિવાયતો તથા ગવાહીઓ તથા સમર્થનોને અને પૈરવીને હદીષો એકઠી કરી ત્યારે તે સમયની નજરમાં એવા ચૌદ સહાબીની રિવાયતોથી પ્રાપ્ત કરેલ જણાયું. અબૂ હુરૈરહ્, હુઝૈફહ્, અબૂ દરદા, અબૂ અમામહ્, સાઈબ બિન યઝીદ, જાબિર બિન અબ્દુલ્લાહ, અબ્દુલ્લાહ બિન ઉમર, અબૂ ઝર, ઈબ્ને અબ્બાસ, અબૂ મૂસા અશ્અરી, અબૂ સઈદ ખુદરી, મૌલા અલી, ઔફ બિન માલિક, ઉબાદહ્ બિન સામિત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن આમનામાંથી દરેક હદીષ આ સમયે સંપૂર્ણપણે મારી નજર સમક્ષ છે. ઈમામ ખાતિમુલ્ હુફ્ફાઝ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની પછી ઈમામ અલ્લામા અહમદ અસ્કલાનીએ છ જુદા જુદા તરીક઼ાના વર્ગીકરણથી તે વિશિષ્ટતાઓને અને ઉમદાપણાની સંખ્યા જે તે હદીષોમાં અલગ અલગ આવેલી છે સોળ, સત્તર સુધી પહોંચાડી. (તજલ્લીયુલ યક઼ીન, પ્રેસ : મુરાદાબાદ, પેજ–૭૬ થી ૭૮)*

**લેખ હરીફાઈનું પરિણામ......**

વિષય : **ઈસ્લામમાં નિકાહનું મહત્વ અને વર્તમાન જગત**

| | |
|---|---|
| પ્રથમ નં. | મુહમ્મદ તૌફીક઼ રઝવી-પેટલાદ |
| બીજો નં. | શેખ ઈનાયત ઈકબાલભાઈ-રાજપારડી |
| ત્રીજો નં. | વાઝા જાવિદહુસૈન-રાજપારડી |
| ચોથો નં. | શેર. મુહમ્મદ અનીસ રિફાકતી-પી.રાજ |

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**વહાબીથી નિકાહ શા માટે નહીં ?!**

**નોંધ** : આ સંબંધે પબ્લિક, પીર, મોલ્વીઓનો શું રોલ છે ? અને શું હોવો જોઈએ ? મદરસાના ઉસ્તાદો તલ્બાને લેખ લખવા માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરે.

**તા. ૧૦–૦૪–૨૦૦૯ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** -*તંત્રી*

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## સિજદએ સહ્‌વ (ભૂલનો સજદો)

જે બાબતો નમાઝમાં વાજિબ છે તેમાંથી જો કોઈક વાજિબ ભૂલથી છૂટી જાય તો તેની કમીને પૂરી કરવા માટે 'સજદએ સહ્‌વ' વાજિબ છે. એની રીત એ છે કે નમાઝના અંતમાં અત્તહિય્યાત પઢયા પછી જમણી તરફ સલામ ફેરવીને બે સિજદા કરવામાં આવે અને ફરી શરૂઆતથી અત્તહિય્યાત, દુરૂદ શરીફ અને દુઆ પઢી સલામ ફેરવવી.

**મસ્અલો** : જો કોઈક વાજિબ છૂટી ગયો તેને માટે સિજદએ સહ્‌વ પણ કરવામાં ન આવ્યો, અને નમાઝ પૂરી કરી દીધી તો નમાઝને ફરી પઢવી વાજિબ છે.

**મસ્અલો** : જો જાણીબુઝીને કોઈ વાજિબ છોડી દીધો તો સિજદએ સહ્‌વ ચાલશે નહીં પરંતુ નમાઝને ફરીથી પઢવી વાજિબ છે.

**મસ્અલો** : જે બાબતો નમાઝમાં ફરજ છે જો તેમાંથી કોઈક છૂટી જાય તો સિજદએ સહ્‌વ કરવાથી તેની ખોટ પૂરી થશે નહીં બલ્કે ફરીથી પઢવી ફર્ઝ છે.

**મસ્અલો** : તે બાબતો કે જે નમાઝમાં સુન્નત કે મુસ્તહબ છે જેમ કે અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ, આમીન, ઉઠક બેઠક વેળાની તકબીરો તસ્બીહો એના છૂટવાથી સિજદએ સહ્‌વ લાગુ પડતો નથી, નમાઝ થઈ ગઈ. *(રદ્દુલ મુહ્‌તાર, ગુનિયા)* પરંતુ નમાઝ ફરીથી પઢી લેવી બેહતર છે.

**મસ્અલો** : એક જ નમાઝમાં ઘણા વાજિબો છૂટી ગયા તો તે માટે તે જ બે સિજદા સહ્‌વના બસ છે વધુ વખત સિજદએ સહ્‌વ કરવાની જરૂરત નથી. *(રદ્દુલ મુહ્‌તાર વગેરે)*

**મસ્અલો** : પહેલા ક઼ાયદામાં અત્તહિય્યાત પઢ યા પછી ત્રીજી રકાત માટે ઊભા થવામાં એટલી ઢીલ કરી કે જેટલી વારમાં "અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ" પઢી શકાય તો સહ્‌વનો સિજદો વાજિબ છે. પછી એટલીવારમાં કંઈક પઢયો કે ચૂપચાપ બેસી રહ્યો, બંને હાલતોમાં સહ્‌વના સિજદા વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્‌તાર)*

**મસ્અલો** : ક઼િરાઅત વગેરે કોઈક વખતે વિચાર કરવા થોભ્યો અને એટલીવાર લાગી કે ત્રણવાર "સુબ્હાનલ્લાહ" કહી શકાય તો સિજદએ સહ્‌વ વાજિબ છે. *(રદ્દુલ મુહ્‌તાર)*

**મસ્અલો** : બીજી રકાતને ચોથી સમજીને સલામ ફેરવી દીધી પછી યાદ આવ્યું તો નમાઝ પૂરી કરી સહ્‌વનો સિજદો કરી લે. *(આલમગીરી)*

**મસ્અલો** : રુકૂઅ, સિજદા, કવમહ્‌, જલસા વગેરે અરકાનોમાં તાઅદીલથી અદા કરવાનું ભૂલી ગયો તો સહ્‌વનો સિજદો વાજિબ છે. *(હિંદીયા)* (તાઅદીલનો મતલબ ઉપર આવી ગયો છે.)

**મસ્અલો** : મુક્તદીએ હજુ અત્તહિય્યાત પૂરી કરી ન હતી કે ઈમામ ત્રીજી રકાત માટે ઊભા થઈ ગયા તો મુક્તદી માટે વાજિબ છે કે તે પોતાની અત્તહિય્યાત પૂરી કરીને જ ઊભો થાય, ભલે ઊભુ થવામાં મોડુ થઈ જાય.

**મસ્અલો** : મુક્તદીએ રુકૂઅ કે સિજદામાં ત્રણ ત્રણવાર તસ્બીહ હજુ પઢી ન હતી ને ઈમામે માથુ ઊંચકી લીધું તો મુક્તદી પોતાનું માથુ ઉઠાવી લે અને બાકીની તસ્બીહો છોડી દે.

**મસ્અલો** : જે માણસે ભૂલથી પહેલો ક઼ાયદો ન કર્યો અને ત્રીજી રકાત માટે ઊભો થવા લાગ્યો જો હજુ એટલો જ ઊભો થયો છે કે ક઼ાયદાની નજીક છે તો બેસી જાય અને ક઼ાયદો કરે, નમાઝ ઠીક છે, સિજદએ સહ્‌વની પણ જરૂરત નથી, પરંતુ જો એટલો ઊભો થઈ ગયો કે ઊભુ થઈ જવાની નજીકમાં છે તો ઊભો જ થઈ જાય અને છેવટે સિજદએ સહ્‌વ કરે. *(શર્હે*

વકાયા, હિદાયા વગેરે)

**મસ્અલો** : જો છેલ્લો કાયદો કરવાનું ભૂલી ગયો અને ઊભો થઈ ગયો તો જ્યાં સુધી એ રકાતનો સિજદો ન કર્યો હોય ત્યાં સુધીમાં યાદ આવે તો રકાતને છોડીને બેસી જાય અને નમાઝ પૂરી કરી સિજદએ સહ્વ કરી લે. અને જો રકાતનો સિજદો કરી લીધો તો ફરજ નમાઝ જતી રહી. હવે જો પોતે ચાહે તો બીજી એક રકાત સાથે મેળવી લે, (પરંતુ મગરિબની નમાઝમાં નહીં) આ બધી નમાઝ એની નફ્લોમાં ગણાશે. ફરજ નમાઝ ફરીથી પઢે. *(હિદાયા, શર્હે વકાયા વગેરે)*

**મસ્અલો** : જો છેલ્લો કાયદો તશહ્હુદ પઢાય તેટલી વાર બેસી ભૂલથી ઊભો થઈ ગયો તો જ્યાં સુધી કે એ રકાતનો સિજદો ન કર્યો હોય ત્યાં સુધીમાં બેસી જાય અને બેસી સલામ ફેરવી સિજદએ સહ્વ કરી લે અને જો રકાતનો સિજદો કરી લીધો તો પણ ફરજ નમાઝ અદા થઈ ગઈ, પરંતુ બીજી એક રકાત પણ પઢી લે કે જેથી એ બે રકાતો નફ્લ થઈ જશે, પરંતુ મગરિબમાં ન મેળવે. *(હિદાયા, શર્હે વકાયા વગેરે)*

**મસ્અલો** : એક રકાતમાં ત્રણ સિજદા કર્યા અથવા બે રુકૂઅ કર્યા કે પહેલો કાયદો ભૂલી ગયો તો સિજદએ સહ્વ કરી લે.

**મસ્અલો** : કયામ, રુકૂઅ, સિજદા અને છેલ્લા કાયદામાં તરતીબ (અનુક્રમ) ફર્ઝ છે. માટે જો કયામથી પહેલાં રુકૂઅ કરી લીધો અને પછી કયામ કર્યો તો રુકૂઅ બેકાર થઈ ગયો, જો કયામ પછી ફરીથી રુકૂઅ કરશે તો નમાઝ થઈ જશે, નહીં તો નહીં થાય, એવી રીતે રુકૂઅથી પહેલાં સિજદા કર્યા પછી ફરી રુકૂઅ અને તે પછી સિજદા કર્યા તો નમાઝ થઈ જશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : કયામ, રુકૂઅ, સિજદા અને છેલ્લા કાયદામાં તરતીબ ફરજ છે એટલે કે જેનું પહેલાં હોવું જોઈએ તે પહેલાં અને જેનું પાછળ હોવું જોઈએ તે પાછળ હોય. જો પહેલાનું પાછળ અને પાછલાનું પહેલાં કરી નાખ્યું તો નમાઝ ન થશે. જેમ કે કોઈએ રુકૂઅથી પહેલાં સિજદો કર્યો તો નમાઝ ન થઈ. હા, સિજદા પછી ફરીથી રુકૂઅ અને સિજદા કરે એટલે કે તરતીબ પ્રમાણે કરી લે તો નમાઝ થઈ જશે, નહીં તો નહીં. એવી જ રીતે કયામથી પહેલાં રુકૂઅ કરી લીધો તો નમાઝ થઈ પરંતુ હા, કયામની પછી પણ ફરી રુકૂઅ કરે તો નમાઝ થઈ જશે.

**મસ્અલો** : નફ્લનો દરેક કાયદો છેલ્લો કાયદો છે એટલે કે ફર્ઝ છે જો કાયદો કર્યો વિના ભૂલથી ઊભો થઈ ગયો તો જ્યાં સુધી તે રકાતનો સિજદો ન કર્યો હોય ત્યાં સુધીમાં યાદ આવે તો પાછો વળી જાય એટલે કે કાયદામાં બેસી જાય અને અંતે સિજદએ સહ્વ કરી લે. અને વાજિબ નમાઝ જેમ કે વિત્ર, એ ફર્ઝ નમાઝના હુકમમાં છે માટે કરીને જો વિત્ર વાજિબના પહેલા કાયદાને ભૂલી જાય તો તે માટે તે જ હુકમ છે કે જે ફર્ઝના પહેલા કાયદાને ભૂલી જવા માટેનો છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : દુઆએ કુનૂત કે તકબીરે કુનૂત વગેરે ભૂલી ગયો તો સિજદએ સહ્વ કરે, તકબીરે કુનૂતથી મતલબ એ છે કે, જે તકબીર કિરઅત પછી દુઆએ કુનૂત પઢવા માટે કહેવામાં આવે છે તે. *(આલમગીરી)*

**મસ્અલો** : ઈદોની નમાઝની બધી તકબીરો કે અમુક ભૂલી ગયા અથવા વધારે કહેવાઈ ગઈ એ બધી હાલતોમાં સિજદએ સહ્વ વાજિબ છે.

**લવાજમ મોકલનારાઓને વિનંતિ**

બરકાતે ખ્વાજા (માસિક)નું લવાજમ પૂરું થયું તે જાણવા એડ્રેસ પર ગ્રાહક નં. સાથે **'લવાજમ રિન્યૂ...માસ'** એ રીતે જેનું જ્યારે પૂરું થાય તે માસ જાન્યુ. ફેબ્રુઆરી......વગેરે લખેલ હશે તો તે મહિના પહેલાં **રૂા. ૧૨૦/–** M.O. કરી આપવો કે આંગડિયાથી મોકલવા.

**જૂના ગ્રાહકો પૈસા સાથે ગ્રાહક નંબર અવશ્ય લખે,** નવા ગ્રાહક બને તે **'નવા ગ્રાહક નોંધશો'** એમ લખે, જેથી ગૈર વ્યવસ્થા ઉભી ન થાય. અને કામ સરળ તથા ઝડપી બને. દરેક ગ્રાહકે પોતાનો ફોન નંબર કે મોબાઈલ નંબર અવશ્ય લખવો જેથી તાત્કાલીક સંપર્ક કરી શકાય.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# જાન તથા માલનો વીમો અને તેની શરઈ હૈસિયત

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા
**હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી**
(સદર મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર, યુ.પી.)
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી,**
તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક

*માલનો ગૈર ઈખ્તિયારી (અસ્વૈચ્છિક) વીમો જાઈઝ છે, અને ઈખ્તિયારી (સ્વૈચ્છિક,મરજીયાત) વીમો સામાન્ય સંજોગોમાં નાજાઈઝ છે અને અમુક સંજોગોમાં જાઈઝ હોવાનો હુકમ છે. જીવન વીમો બે શરતોની સાથે જાઈઝ છે : એક તો એ કે માસિક અથવા ત્રિ માસિક અથવા છ માસિક અથવા વાર્ષિક જેટલા રૂપિયાના હપ્તા સરળતાપૂર્વક જમા કરી શકે છે તેનાથી વધુ રૂપિયાના હપ્તાની પોલીસી ન લે, બલ્કે સાવચેતી એમાં છે કે એનાથી ઓછાના જ હપ્તા લે. બીજી શરત એ છે કે પાબંદી સાથે ત્રણ વરસના સર્વ હપ્તા અદા કરી આપે, એમાં સુસ્તી ન કરે અને ન કોઈ હપ્તો છોડી આપે. હવે એની વિગતે ચર્ચા વાંચો.*

વીમા ધારકો થકી વીમા કંપનીમાં જે માલ જમા થાય છે તે ક્યાં તો 'અમાનત' છે અથવા 'કરજ' અથવા 'મુઝારેબત.' (મુઝારેબત એટલે બીજાના માલથી વેપાર કરવો અને નફામાં ભાગીદાર બનવું)

'અમાનત'નો એતબાર તો એટલા માટે નોંધપાત્ર નથી કે તેમાં કેવળ અસલ મૂડી પરત મળે છે અને માલ વેડફાય જાય કે નષ્ટ થઈ જાય તો અમીન એનો જિમ્મેદાર નથી હોતો, પરંતુ એથી ઉલ્ટુ વીમા કંપની તેના તાવાન (જુર્માનાની રકમ)ની જિમ્મેદાર હોય છે. અને મૂળ માલ પર એક નિશ્ચિત દરે અમુક 'વધારો' પણ આપે છે.

અને એને 'મુઝારેબત' પણ નથી ઠરાવી શકાતુ. કેમ કે 'મુઝારેબત'ની એક જરૂરી શરત એ છે કે વેપારમાં નુકસાન થાય તો તેનો એકલો જિમ્મેદાર સરમાયાદાર હોય છે. મુઝારિબ (વેપારી)ને એની સાથે કોઈ લેવા દેવા નથી હોતી. અલ્બત્ત નફામાં બંનેવ કોઈ પણ નિયત ટકવારી અથવા વધારે પડતા હિસ્સાના હિસાબથી આપસમાં ભાગીદાર હોય છે. તદ્ ઉપરાંત અહીં પણ રાસૂલ માલ (મૂડી) મુઝારિબ (મુઝારિબ એટલે બીજા માલથી વેપાર કરનાર)ની પાસે અમાનત હોય છે. જ્યારે કે હકીકત એ છે કે કમ્પની થકી સરમાયાકારી (મૂડી રોકાણ)માં સરમાયાદાર તદ્દન નુકસાનનો જિમ્મેદાર નથી હોતો અને માલ વેડફાવાના સંજોગોમાં તાવાન (જુર્માનાની રકમ)નો હક્કદાર પણ થાય છે, જેથી કંપનીમાં જમા થયેલ માલની શરઈ (શરીઅતની રૂએ) હૈસિયત 'કરજ'ની છે કે એમાં માલનો બદલો પરત મળવું ગમે તે સંજોગોમાં અનિવાર્ય છે અને એના ઉપર કાંઈક વધારાનો કરાર કંપનીની દુનિયામાં ચલણ છે.

## કર્ઝ લેણદેણની શરત

ઈસ્લામની દૃષ્ટિએ 'કરજ' એક પ્રકારનું એહસાન અથવા બદલો છે એટલા માટે એ તેને દરેક પ્રકારના ભૌતિક લાભથી પાક તથા પવિત્ર જોવા ચાહે છે અને કોઈ કરારની રૂએ નફાની લેણ દેણને વ્યાજ કે સૂદ ઠરાવીને નાજાઈઝ ગણાવે છે. એટલે ઈસ્લામના નિયમાનુસાર 'કરજ' ઉપર શરત મુજબના (નિશ્ચિત) નફાની લેણદેણ વ્યાજ (સૂદ) છે જે કતઈ હરામ તથા ગુનોહ છે.

ઈર્શાદે નબુવ્વત છે :–

**كُلُّ قرضٍ جرّ منفعة فهوربا** ''કરજના કારણે જે નફો પ્રાપ્ત કરવામાં આવે તે હરામ છે.'' *(અદ્દારિયહ બ હવાલા મુસ્નદે હારિષ)*

વીમાધારકને મૂડી પર થોડો કે વધારે જે કાંઈ પણ વધારો વસૂલ થાય છે તે પોતાના જાહેરી સ્વરૂપમાં વ્યાજ જ જણાય છે, એના કારણે ઉલમાનો એક થોડોક વર્ગ એને નાજાઈઝ ઠરાવે છે. એ વર્ગના ખયાલમાં આ વધારાની રકમ મુત્લકન (તદ્દન) વ્યાજ છે જે કોઈ

રીતે હલાલ નથી. પરંતુ ઉલમાનો એક મોટો વર્ગ કાંઈક થોડી ઘણી છૂટછાટને સ્વીકારનાર છે. તેઓ ફર્માવે છે :–

"કુર્આન હદીષના અભ્યાસ પરથી એ વાત સ્પષ્ટ થઈને સામે આવે છે કે ઈસ્લામી નિયમોના આધારે વ્યાજ કેવળ 'મુસ્લિમ' અને 'ઝિમ્મી' તથા 'મુસ્તામિન'ના માલમાં જ લાગુ થશે."

'મુસ્લિમ'ના માલમાં તો વ્યાજ એટલા માટે લાગુ થશે કે તે ઈસ્લામનો અનુયાયી છે અને ઈસ્લામી હુકમો એના સંબંધે છે જેથી ઈસ્લામનો વ્યાજનો કાનૂન તેના માલમા લાગુ થશે.

અને 'ઝિમ્મી' તથા 'મુસ્તમિન'ના માલમાં એટલા માટે આ કાનૂન લાગુ થશે કે તેમણે આ પ્રકરણમાં ખુશદિલીથી ઈસ્લામી નિયમોને માનવાનો કરાર કર્યો છે. પરંતુ જે હુકૂમત સેક્યુલર (બિનસાંપ્રદાયિક) હોય તેની નજીક વ્યાજ હરામ હોવાનો કોઈ ખયાલ નથી જોવા મળતો, એટલા માટે તેના હેઠળની સંસ્થાઓ થકી બોનસના નામથી જે વધારાની રકમ મળે છે તે વ્યાજ નથી.

નજીકના ભૂતકાળના એક અજોડ ફકીહ અને ઈસ્લામી કાનૂનોના સંપૂર્ણ નિષ્ણાત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ એના અનુસંધાનમાં સંક્ષિપ્ત તથા વિગતવાર ઘણા ફતવા લખ્યા છે. બે ફત્વાઓનું લખાણ અહીં રજૂ કરીએ છીએ.

આપને સવાલ થયો કે, "ગવર્નમેન્ટ જે કરજનો નફો આપી રહી છે તેને લેવું આપવું જાઈઝ છે કે નહીં ? તો આપે તેના જવાબમાં લખ્યું કે :–

"વ્યાજની નિય્યતે લેવું જાઈઝ નથી, અને જો કોઈ ગવર્નમેન્ટ પર તેની પ્રજા કે અન્ય કોઈ શખ્સનું શરીઅતની રૂએ કાંઈક આવે છે એમાં વસૂલ સમજવું જાઈઝ છે. એવી જ રીતે જો બયતલુ માલમાં હક્કદાર હોય તો એમાં લઈ શકે છે. અને જો કાંઈ ન હોય અને તેને વ્યાજ ન સમજે બલ્કે એવું વિચારે કે એક જાઈઝ માલ માલિકની રાજીખુશીથી મજબૂરી વિના તથા ધોકા વિના મળે છે તો તે પણ જાઈઝ છે.

મૂળ હુકમ આ છે, પણ તકવાવાળાઓ ખાસ કરીને પેશવાઓએ આ બંનેવ સ્થિતિઓ, ખાસ કરીને અંતિમ સ્થિતિથી બચવું જોઈએ કે જેથી અજ્ઞાન લોકો તેમના પર આક્ષેપબાજી ન કરે. હદીષમાં છે કે તોહમતવાળી જગાઓથી બચો. *(ફતાવા રઝવિય્યહ, ૭/૧૨૭)*

વ્યાજ ન સમજવાની શરત એટલા માટે છે કે "જાઈઝ કામ" પણ નાજાઈઝ સમજીને કરવું ગુનોહ છે. જેમ કે દૂરથી એક ખાસ તરીકા અને પદ્ધતિથી રાખેલા કપડાને અજનબી સ્ત્રી સમજીને બુરી નજરથી જોવું ગુનોહ છે કે એ પોતાની રીતે ખુદાની નાફર્માની માટેનું પગલું છે.

## જીવન વીમાનો હુકમ

જીવીન વીમો બેંકોના કરન્ટ જમા ખાતા (**C.D.A.** ડિપોઝિટ એકાઉન્ટ)ના સમાન છે. અહીં વ્યાજને બદલે બોનસના નામથી નફો મળે છે. પરંતુ શરીઅતની રૂએ હકીકત બંનેની એક છે કે બંનેવ કરજનો નફો છે જેથી ઉપરોક્ત વિગતના પ્રમાણે અહીં પણ વધારાની રકમ મુબાહ છે તથા તેને લેવું જાઈઝ હોવું જોઈએ.

અલ્બત્ત 'કરજ'નો આ મામલો 'કરંટ એકાઉન્ટ'થી મળતાપણાના સાથોસાથ જૂગાર તથા ધોકા પર પણ આધારિત છે જે 'જીવન વીમા'ની પૂરી મુદ્દતને ઘેરી વળેલ છે. પણ આ જૂગાર પોતાના નફાકારક તથા નુકસાનકર્તા હોવાના લેહાઝથી વીમાને બે ભાગોમાં વહેંચી કાઢે છે.

**એક** : પ્રારંભિક ત્રણ વરસોની મુદ્દત

**બીજુ** : તેના પછીની મુદ્દત

વીમાના શરૂના ત્રણ વરસોનો સમય ઘણી જ ઉમ્મીદ તથા આશાના ખેંચતાણોનો સમય હોય છે. જો કોઈ કારણે ત્રણ વરસો પહેલાં જ હપ્તાની અદાયગી અટકી પડી અને આવતાં પાંચ વરસોની મુદ્દતની અંદર બાકી રહેતી રકમ એક સાથે વધારે સાથે જમા ન થઈ શકી તો સર્વ જમા કરેલી રકમ ઝપ્ત થઈ જશે, અને વીમાધારક (**Policy**

Holder) ડર તથા આશાના ભયંકર અંધકારમાંથી નીકળવાને બદલે યકીની મેહરૂમીના એવા ઘટાટોપ અંધકારમાં ફસાઈને રહી જશે જ્યાંથી કદી આશાનું કિરણ પ્રગટશે નહીં. હા ! જો એ સમયગાળો ખૈર ખૂબીની સાથે ગુજરી ગયો અને ત્રણ વરસના સર્વ હપ્તા અદા થઈ ગયા તો હવે વંચિત રહેવાનો ભય તથા ધોકાનો અવકાશ ન રહ્યો, અને ભવિષ્ય કાંઈક એ પ્રમાણે પ્રકાશિત થઈ ગયું કે મૂડી વધારા (બોનસ) સાથે જરૂર મળશે. હવે અહીં જૂગાર કેવળ નફા તથા વધારાના વધ ઘટ સુધી મર્યાદિત છે કે વીમાધારક જો સદ્‌નસીબે વીમાની મુદતથી પહેલાં જ મૃત્યુ પામે તો નફો વધુ મળશે, નહીં તો ઓછો, પરંતુ નફો ગમે તે સ્થિતિમાં મળશે. એટલા માટે **જીવન વીમો જાઈઝ હોવું એ શરતની સાથે અવલંબિત છે કે વીમો ઉતરવાનારને પોતાની આવક તથા હાજર માલ મત્તાને લક્ષમાં લેતાં પાકુ ગુમાન હોય કે તે પ્રારંભિક ત્રણ વરસના હપ્તા અદા કરી લેશે.** ફક઼ીહુલ્ ઉમ્મત સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલી ક઼ાદરી رحمۃ اللہ علیہના એક સંક્ષિપ્ત ફત્વામાં પણ આ શરતની ઝલક જોવા મળે છે.

આપનાથી સવાલ થયો, **''જીવન વીમો કરાવવું જાઈઝ છે કે નથી ?''** તો આપે એનો જવાબ આપ્યો :–

''જો કંપનીઓ ખાસ કાફિરોની હોય તો વીમો કરાવવામાં કોઈ વાંધો નથી, જ્યારે કે મુસ્લિમનું નુકસાન ન થાય. અને તેને વ્યાજ કે જૂગાર કહીને હરામ ઠરાવવું સહીહ નથી, જેમ કે સવાલ નં. ૧ના જવાબમાં જાહેર છે.'' *(બેંક કે મુનાફેકા શરઈ હુકમ)*

**શંકાઓનું નિવારણ** : શક્ય છે કે કોઈના દિલમાં એવી શંકા પેદા થાય કે માલને આવતાં જતાં તથા માણસના બનતાં બગાડતાં વાર નથી લાગતી, શક્ય છે કે એક માણસ અબજપતિ હોય અને થોડાક જ કલાકોમાં ભીખારી થઈ જાય. المال غادٍ و رائح એટલા માટે માલ મત્તાના બારામાં અધિક્તર ગુમાનનો એતબાર રેતીનો મહેલ ચણવાના સમાન છે.

પરંતુ ફિક઼્હની કિતાબોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે માલ મત્તાના સંબંધે પાકા ગુમાનનો એતબાર થશે, અને અબજોપતિનું થોડાક કલાકોમાં ભીખારી થઈ જવું સમાન્યતઃ એકદમ શક્ય નથી, જે અસલ હુકમને પ્રભાવિત કરશે નહીં.

સમાન્યતઃ ફિક઼્હની કિતાબોમાં 'બયએ સલમ'[1]ના પ્રકરણમાં સલમની સેહત (સહીહ હોવા)ની એક પાયાની શરત એ વર્ણવવામાં આવી છે કે સોદાના સમયથી અદા થવાના સમય સુધી મુસ્લમફી એટલે ખરીદેલ વસ્તુનું સતત મળતા રહેવું જરૂરી છે, જો આ મુદતમાં કદી પણ ન મળે એવું થયું તો સલમ ફાસિદ થઈ જશે. વળી એ શરત પર આનાથી મળતી જુલતી આ વાત પણ કરવામાં આવેલ છે કે જો કોઈ ખાસ આબાદીમાં અથવા નિશ્ચિત બાગોના ઘઉંઓ, અનાજ અથવા ફળની બયએ સલમ થઈ તો ખરીદ વેચાણ નાજાઈઝ, કેમ કે શક્ય છે કે નિશ્ચિત બાગ અથવા આબાદીનાં ફળ અથવા અનાજ કુદરતી આફત વગેરેથી તબાહ તથા બર્બાદ થઈ જાય અને આ અવકાશ અહીં અધિક છે, પરંતુ જો કોઈ રાજ્ય કે જિલ્લાના અનાજ તથા ફળનું સલમ થાય અથવા ખાસ બાગ તથા આબાદીનો ઉલ્લેખ આબાદીની ખૂબીના માટે હોય તો સલમ જાઈઝ થશે, કેમ કે અહીં એ અધિક્તર ગુમાન છે કે મોટા શહેર અથવા રાજ્ય અથવા ખાસ ખૂબીવાળાં તમામ ફળ તથા અનાજ નાબૂદ અથવા તબાહ થશે નહીં, બલ્કે મળતાં રહેશે. મલિકુલ ઉલમા ઈમામ અલાઉદ્દીન અબૂબક્ર બિન મસ્ઊદ કાશાની رحمۃ اللہ علیہએ આ મસ્અલાને આ શબ્દોમાં વર્ણવ્યો છે. લખે છે :–

**૧. બયએ સલમ** : *તે સોદો જેમાં કિંમત રોકડમાં હોય અને સામાન ઉધાર પર હોય. આ સોદામાં વેચનારને મુસ્લમ ઈલૈહ તથા મબી (ખરીદેલ સામાન)ને મુસ્લમ ફીહ્ કહેવામાં આવે છે. અને ખરીદેલ સામાનની અદાયગી માટે કમસે કમ એક મહિનો અથવા તેનાથી વધુ મુદ્દત નિશ્ચિત હોય છે. આ મુદ્દત બે ત્રણ વરસ પણ હોય શકે છે.*

وعلىٰ هذا يخرج ما إذا أسلم فى حنطة موضع أنه إن كان مما لا يتوهم انقطاع طعامه جاز السلم فيه، كما إذا أسلم فى حنطة خراسان، أو العراق، أو فرغانه لأن كل واحد منها إسم لولاية۔ فلا يتوهم انقطاع طعامها۔ وكذا إذا أسلم فى طعام بلدة كبيرة كسمر قند و بخارىٰ أو كاشان جاز۔ لأنه لا ينفد طعام هذه البلاد إلاعلى سبيل الندرة و النادر ملحق بالعدم۔

''ઉપરોક્ત બંધારણ પર એ તારણ કરવામાં આવે છે કે કોઈખાસ જગાના ઘઉંની બયએ સલમ થઈ તો જો ત્યાંના અનાજનું ખત્મ અથવા નાબૂદ થઈ જવું વિચારવા પાત્ર પણ ન હોય તો ત્યાં સલમ સહીહ થશે. જેમ કે ખુરાસાન, ઈરાક અથવા ફરગાનાના અનાજમાં ખરીદ વેચાણ થયું તો એ સહીહ થશે, કેમ કે એમાંથી દરેક સલ્તનતનાં નામ છે, જેથી એક સલ્તનતના અનાજનું ખત્મ થઈ જવું સંભવ નથી. એ જ પ્રમાણે જ્યારે કોઈ મોટા શહેર જેમ કે સમરકંદ તથા બુખારા અથવા કાશાનના અનાજમાં સલમ થયું તો એ પણ દુરુસ્ત છે, કેમ કે એ શહેરોનું સર્વ અનાજ ખતમ થઈ જવું એકદમ એક દુર્લભ બાબત છે અને દુર્લભ બાબત ન હોવાના દરજામાં હોય છે. *(બદાએ ઉસ્સનાએઅ્ ફી તરતીબુશ્શરાએઅ્, ૫/૨૧૧, કિતાબુલ બુયૂઅ્)*

પછી બે લીટીઓ બાદ આ મસ્અલાની સ્પષ્ટતા આ પ્રમાણે કરે છે :–

''સહીહ એ છે કે જે જગાના અનાજમાં સલમ થયેલ છે જો ત્યાંનું અનાજ સામાન્યતઃ ખત્મ નથી થતું તો ત્યાં સલમ સહીહ છે ચાહે તે જગા કોઈ સલ્તનત હોય કે મોટુ શહેર, કેમ કે શરીઅતના હુકમોમાં લગભગ શક્યતા યકીનના દરજામાં હોય છે. અને જો એ સંભવ હોય કે ત્યાંનું અનાજ ખત્મ થઈ જશે, દા.ત. કોઈ નિશ્ચિત જમીન કે આબાદીના અનાજના ખત્મ થઈ જવાની સંભાવના અધિક હોય છે, દુર્લભ નથી, તો ખરીદેલ વસ્તુ સુપ્રત કરવા ઉપર શક્તિ ન થઈ, એ એટલા માટે કે જેવું કે અમે વર્ણન કરી ચૂક્યા. એ મુફલિસોનું ખરીદ વેચાણ છે અને તેને હાલમાં ખરીદેલ વસ્તુ સુપરત કરવાની ક્ષમતા નથી. અને અનાજ ખત્મ થઈ જવાની સંભાવનાના કારણે અદાયગીના સમયે પણ ખરીદેલ વસ્તુ સુપ્રત કરવાની ક્ષમતા શંકાસ્પદ છે, જેથી શક્તિ સાથે કુદરત સાબિત થશે નહીં. હદીષે પાકમાં આવેલ છે કે હઝરત ઝૈદ બિન શુઅબા رضی اللہ عنہએ રસૂલુલ્લાહ ﷺથી સલમ કરવા ચાહ્યું તો પૂછયું કે એક નિશ્ચિત બાગના ખજૂરમાં સલમ કરું ? તો સરકાર ﷺએ ફર્માવ્યું, નહીં. *(બદાએઉસ્સનાએઅ્ ફી તરતીબિશ્શરાએઅ્, ૫/૨૧૧, ૨૧૨, કિતાબુલ્ બુયૂઅ)*

હિદાયાના કર્તા ફર્માવે છે :–

**ولو كانت النسبة إلىٰ قرية الصفة لا بأس به علىٰ ماقالوا كالخشمر انى ببجارا و البساخى بفرغانة۔**

''કોઈ ખાસ આબાદીની પ્રતિ અનાજની નિસ્બત જો સિફતના બયાન (ખૂબીના વર્ણન) માટે હોય તો જેવું કે મશાઈખે ફર્માવ્યું, એમાં કાંઈ વાંધો નથી જેમ કે બુખારાના ખુશ્મરાની અને ફરગાનાના બિસાખી ઘઉં.'' *(હિદાયહ્, ૩/૭૯, કિતાબુલ બુયૂઅ્)*

આ લખાણોથી એ બાબત ઉઘાડી થઈને સામે આવે છે કે માલ મત્તાની બાબતમાં પણ પાકા ગુમાનનો એતબાર થશે, જેથી જો કોઈએ ત્રણ વરસના માટે ઘઉંનો બયએ સલમ કર્યો અને ઈલાકો એવો હોય કે ત્યાં ત્રણ વરસો સુધી સતત ઘઉં પ્રાપ્તિનું અધિક ગુમાન હોય તો ખરીદ વેચાણ સહીહ થશે.

એ જ પ્રમાણે જીવન વીમામાં પણ ત્રણ વરસોના હપ્તાની અદાયગીનું અધિક્તર ગુમાન હોય તો વીમો જાઈઝ હોવાનો હુકમ થશે.

અહીં એ શંકા ન કરવામાં આવે કે બયએ સલમમાં અધિક્તર ગુમાનનો એતબાર એટલા માટે છે કે ખુદા ન ખ્વાસ્તા જો કદી મુસ્લમ ફીહના નાબૂદ અથવા તબાહ થઈ જવાના સંજોગોમાં સોદો ફાસિદ થઈ જશે. તો ખરીદનારને તેની પૂરી કિંમત પરત મળશે, એવું નથી કે તેની ચૂકવી આપેલી કિંમત ઝપ્ત થઈ જશે. પરંતુ જીવન વીમામાં હપ્તાઓની અદાયગી ન થવી ભલે દુર્લભ જ હોય પણ સંપૂર્ણ વંચિતતાનો પયગામ લાવે છે અને વીમાધારકને જમા થયેલ રકમમાંથી

એક પૈસો પણ પાછો નથી મળતો.

આ શંકા એટલા માટે ન કરવામાં આવે કે સલમના પ્રકરણમાં પણ સંપૂર્ણ વંચિતતાની શક્યતા એ રીતે છે કે સલમ રૂપે વેચનાર ગરીબાઈની હાલતમાં મૃત્યુ પામે તો ખરીદનારને કાંઈ મળશે નહીં. અને જો મુફલિસીની હાલતમાં મૃત્યુ દુર્લભ છે તો માલ પ્રાપ્તિનું અધિક્તર ગુમાન હોવાની સ્થિતિમાં હપ્તા ન ભરાવું પણ દુર્લભ છે, કદાચ જ ક્યારેક એવું થતું હોય કે વીમાધારકનું દેવાળુ નીકળી જવાને કારણે તે હપ્તા ભરવા મૌકૂફ થતા હોય.

અહીં એ શંકા પણ લાગુ ન થશે કે સલમ રૂપે ખરીદ વેચાણ ક઼યાસ વિરુદ્ધ શરીઅત મુજબ છે એટલા માટે વીમો જાઈઝ થવા માટે એનો સહારો નથી લઈ શકાતો કેમ કે સલમ ક઼યાસી હોય અથવા ગૈર કયાસી, એના પર વીમાના મસ્અલાનો આધાર નથી. આધાર તો એ વાત પર છે કે ફિક઼્હના ક્ષેત્રમાં અધિક્તર ગુમાન તથા પુષ્કળ શક્યતાનો એતબાર છે અને ઉપરોક્ત મસ્અલાથી એ સાબિત સારી પેઠે પ્રાપ્ત થઈ રહી છે કે આ ક઼ાયદો માલ મત્તાના બાબતમાં પણ લાગુ પડશે. તો અહીં સલમ પર ક઼યાસ તો દૂર રહ્યું મુદ્દલે કયાસ જ નથી, બલ્કે એક મૂળ ક઼ાયદા પર ચર્ચા હેઠળના મસ્અલાને સાબિત કરવું છે.

સારાંશ કે ત્રણ વરસોના હપ્તાની અદાયગીનું અધિક્તર ગુમાન હોય તો જીવન વીમાની ઈજાઝત છે. અને જે શખ્સ શક્તિશાળી હોય અને એ જોઈએ કે જીવન વીમા કોર્પોરેશનમાં અરજી કરીને ત્રણ વરસના હપ્તા એક સામટા ભરી આપે જેથી એના માટે વંચિત રહેવાનો કોઈ અંદેશો જ ન રહે.

**મસ્લેહતો :** જીવન વીમાની ઈજાઝત આપવામાં એ મસ્લેહત પણ દૃષ્ટિ સમક્ષ છે કે જીવન વીમા થકી વિવિધ પ્રકારના ટેક્સો દા.ત. ઈન્કમ ટેક્સ, સંપત્તિવેરો, ભેટવેરો વગેરેમાં ઘણી બધી છૂટછાટ થશે. જેમ કે **Agent Manual Life Insurance Corporation of India**માં એની સ્પષ્ટતા છે.

તેમજ આ એક હદ સુધી મુસ્લિમોને તબાહ કરનાર ક઼ોમી તોફાનોમાં આર્થિક રક્ષા અથવા વારસામાં વધારાનો ઝરીયો થશે. અને શક્ય છે કે એના થકી તોફાનોમાં કાંઈક કમી આવે, તો મસ્લેહતોને લક્ષમાં રાખીને તથા તોફાનોને દૂર કરવાના માટે નફાના અધિક્તર ગુમાનની સ્થિતિમાં જીવન વીમો જાઈઝ છે.

## માલના વીમાનો હુકમ

માલના વીમામાં દુકાનો તથા ટ્રાન્સપોર્ટિંગના સાધનો ટ્રક, બસ, ટ્રેકટર, મોટર સાયકલ, કાર, ટેક્સી વગેરે સામેલ છે. આ વીમાની સ્થિતિ એવા જૂગારની છે જેમાં વંચિત રહેવાનુ ગુમાન અધિક્તર છે અને એ એક નિશ્ચિત રકમની અદાયગી પર થાય છે. અને ક઼રાર એ થાય છે કે વરસભરની મુદ્દતમાં વીમો ઉતારેલ ચીજને કોઈ અકસ્માત ન નડયો તો કંપની પોતાની જિમ્મેદારીથી ભાર મુક્ત થઈ જશે અને જમા થયેલ સર્વ રકમ તેની માલિકીમાં થઈ જશે.

સ્પષ્ટ વાત છે કે આ મુદ્દતમાં કોઈ અકસ્માત ઉપસ્થિત થવો અધિક શક્ય નથી બલ્કે દુર્લભ છે, એટલા માટે અહીં વીમાથી નફો પામવાનું અધિક્તર ગુમાન નથી થઈ શક્તું.

એને આપસમાં મદદ તથા ઈમદાદનો મામલો પણ નથી ઠરાવી શકતા, કેમ કે આ મામલો સમયની પાબંદીથી મુક્ત હોય છે અને જે વ્યક્તિ પણ 'અંજુમને ઈમદાદે બાહમી'નો સભ્ય બને છે એને જ્યારે પણ કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય છે ત્યારે અંજુમન તેની સહાય કરે છે. જેથી માલના વીમાની ઈજાઝત નથી આપી શકાતી. અલ્બત્ત એના માટે ક઼ાનૂની મજબૂરીની સ્થિતિઓ જો કે અપવાદ રહેશે. لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ اَمْرًا

**ચેતવણી :** કોમી તોફાનો પર કાબૂ પામવા તથા જાન તથા માલની રક્ષાની જરૂરતના લીધે જાન તથા તથા માલના વીમાને જાઈઝ તથા મુબાહ ઠરાવવું દુરુસ્ત નથી. કેમ કે શરઈ જરૂરતને લાગુ થવાના માટે

બે પાયાના અરકાનનું વજૂદ લાઝમી છે.

**(૧)** મહઝૂરે શરઈ (શરીઅતમાં જેનાથી બચવાનો હુકમ છે તે કામ)માં પડયા વિના કામ ન ચાલી શકે, બીજા શબ્દોમાં કે એના સિવાય કોઈ અન્ય માર્ગ જ ન હોય.

**(૨)** મહઝૂર (જેનાથી રોકવામાં આવેલ હોય)માં પડવાની સ્થિતિમાં શરઈ હેતુની પ્રાપ્તિ અથવા કમસે કમ અધિક્તર ગુમાન યકીનના સ્થાને હોય અને હેતુ પ્રાપ્તિ કેવળ શક્ય હોય અથવા શંકાસ્પદ હોય, અથવા મહઝૂરે શરઈમાં પડયા સિવાય કોઈ અન્ય પણ ઉપાય હોય તો શરઈ દષ્ટિએ જોતાં "જરૂરત" લાગુ થશે નહીં.

આ સ્પષ્ટતાને દષ્ટિ સમક્ષ રાખીને જ્યારે આપણે વીમાઓની પ્રતિકારક શક્તિનું નિરીક્ષણ કરીએ છીએ તો તે આપણને તદન ખોખલા અને પ્રભાવહિન જોવા મળે છે, કેમ કે તેમની હક઼ીક઼ત જરૂરતના બંનેવ પાયાના અરકાનથી ખાલી છે. તમે ખૂદ વિચાર કરો કે ક઼ોમી તોફાનો પર કન્ટ્રોલ અને જાન માલની રક્ષા માટે શું વીમાઓ સિવાય કોઈ અન્ય માર્ગ નથી ? શું રક્ષાના સર્વ અન્ય ઝરીયાઓ ખત્મ થઈ ચૂક્યા છે ? જેથી હુકમ આપી દેવામાં આવે કે હવે વીમો ઉતરાવીને જાન તથા માલ બચાવો અથવા પોતાની જાતને તબાહીના વમળમાં નાખી દો ! હું સમજુ છું કે કદાચ કોઈ પણ બુદ્ધિશાળી એનાથી સહમત થશે નહીં. વળી વીમાઓના લીધે જાન તથા માલ અને તોફાનો પર ક઼ાબૂ પામવાનો મસ્અલો મારી દષ્ટિએ હદ ઉપરાંત શંકાસ્પદ છે. શક્ય છે કે એના લીધે તોફાનો કાંઈક ઓછાં થઈ જાય, પરંતુ સાથોસાથ એ પણ થઈ શકે છે કે એના કારણે તોફાનો ઔર ભયાનક સ્વરૂપ ધારણ કરી લે કે જે ઘર પર હુમ્લો થયો તેનું આખુ કુટુંબ જ સાફ કરી દેવામાં આવે જેથી કરીને કોઈ વારસ બાકી ન રહે. એ પણ શક્ય છે કે બાકી રહેલી વ્યક્તિઓ વીમાની રકમ પ્રાપ્ત કરી લે, પણ ફરી ફરી તોફાનો ખડાં કરીને તે રકમ લૂટી લેવામાં આવે. એ પણ બની શકે છે કે કરફયૂના સમયમાં લાશોને જ ગાયબ કરી દેવામાં આવે અને પછી વીમાધારકના ગુમ થવાના સંજોગોમાં માલની પ્રાપ્તિને વિવિધ ગુંચવણો થકી અતિ મુશ્કેલ કરી દેવામાં આવે જેના લીધે ઘણા બધા લોકો રકમ પ્રાપ્ત જ ન કરી શકે અથવા તો એમાં સંબંધિત અધિકારીઓની લૂટ ખસૂટથી તે રકમ ખૂબ જ ઓછી થઈ જાય, તો ગવર્નમેન્ટે સંયુક્તપણે વીમાધારકોને કાંઈક થોડી ઘણી એટલી જ રકમ અદા કરવી પડે જેટલી રકમ સામાન્ય સંજોગોમાં અદા કરવી પડે છે. ગવર્નમેન્ટ પર કોઈ તેની ભરપાઈ ન શકે તેવું માલી દબાણ તેના કારણે ન પડે.

તદ્ઉપરાંત ધારો કે જાન તથા માલની બર્બાદીના લેહાઝથી જે કાંઈ મળવું જાઈતુ હતું તે સર્વકાંઈ મળી ગયું. વીમાધારકો અથવા તેમના વારસોનું સાંત્વન પણ થઈ ગયું. તો એના કારણે ગવર્નમેન્ટના ખભાઓ પર શું ભાર પડયો અથવા મંત્રીઓ પર માનસિક તથા આર્થિક દબાણ શું પડયું ? શું મંત્રીઓએ પોતાની પાસેથી એટલે કે પોતાના ખીસ્સામાંથી આપવું પડે છે ? ગવર્નમેન્ટનો ખજાનો તો સર્વ પ્રજાનો સંયુક્ત સરમાયો છે એ સરમાયાથી ખર્ચ કરવામાં મંત્રીઓને શું ખચકાટ થઈ શકે છે ? તે તો કશાય ખચકાટ વિના ખર્ચ થતો જ રહે છે એટલે સુધી કે તેના થકી બોફોર્સનો સોદો થાય છે. વળી એ ચલણ ચાલુ પણ રાખવામાં આવે છે જેમ કે સૌને ખબર છે. હા ! એની અસર ગવર્નમેન્ટના ખજાના પર પડી શકે છે પરંતુ એનું નિવારણ એ રીતે શક્ય છે કે નાણાનું મૂલ્ય ઘટાડી દેવામાં આવે. જો એક વારમાં કામ ન ચાલે તો કેટલીક પાબંદી સાથે લગાતાર એ અમલ કરી લેવામાં આવે. તેમજ બહારથી કરજની સુવિધા હાંસલ કરવામાં આવે અને દેશની અંદર એટલી મોંઘવારી વધારી દેવામાં આવે કે ખૂદ પ્રજાના હોશ ઠેકાણે આવી જાય અને જો અધિક જરૂરત હોય તો બંધારણમાં થોડી સરખો એવો ફેરફાર કરી દેવામાં કે તોફાનોની તબાહકારીઓ વીમાના સહાનુભૂતિભર્યા વલણથી અપવાદ રહેશે. આવા સંજોગો તથા જાત જાતની મજબૂત આશંકાઓ હોવા છતાં એ વિચાર પદ્ધતિ હરગિઝ સહીહ નથી કે ગવર્નમેન્ટ પર એનો

માલી દબાવ પડશે, જેથી એના લીધે તોફાનો પર કન્ટ્રોલ થશે અને આપણને એક હદ સુધી રક્ષણની રાહત મળી જશે. સાચુ એ છે કે આ વિચાર પદ્ધતિ લગભગ આ શેઅરની કડીઓ જેમ છે :–

**મગસકો બાગમેં જાને ન દેના**
**કે નાહક્ક ખૂન પરવાને કા હોગા !**

*(મગસ : મધમાખી)*

અમારી આ ચર્ચાથી સ્પષ્ટ થઈ ગયું કે જાન માલના વીમાની વર્તમાન સંજોગોમાં જરૂરત નથી એટલા માટે જરૂરતનો સહારો લઈને એના વીમાની ઈજાઝત નથી આપવામાં આવી શકતી. હા ! તે સંવેદનશીલ ઈલાકા જ્યાં કોમી તોફાનો થયાં અને આગળ ક્યારે પણ થઈ શકે છે જેમ કે એ જ હિંદુસ્તાની આબાદીઓની ક઼િસ્મત છે ત્યાંના રહેવાસીઓ પોતાની રીતે ફૈંસલો કરી લે. જો સંજોગો અને સ્થિતિઓને લક્ષમાં લેતાં તેમને સંતોષ થઈ જાય કે તેમને જનરલ ઈન્સ્યૂરન્સના લીધે પૂરા તાવાન (જુર્માના)ની રકમ વસૂલ થઈ ગઈ. ખૂદ મુંબઈ શહેરમાં એનાં સેંકડો દષ્ટાંતો મૌજૂદ છે. મેં (લેખકે) મારા ઉસ્તાદે જલીલ બહેરુલ ઉલૂમ હઝરત મૌલાના મુફતી અબ્દુલ મન્નાન સાહબ કિબ્લા دام ظلہ العالی અને ફક઼ીહે મિલ્લત હઝરત મૌલાના મુફતી જલાલુદ્દીન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہથી આ મસ્અલામાં ચર્ચા વિચારણા કરી તો એ હઝરાતે પણ તેને જાઈઝ ઠરાવ્યું કે આ થોડાના બદલામાં અધિકની રક્ષા છે. આજિઝ બંદો કહે છે કે આ ખાસ સ્વરૂપની ઈજાઝત તો ફિક઼્હના ચારેવ મઝહબોમાં હોવી જોઈએ.

*(ઉર્દૂ માસિક અશ્રફિયહ–મુબારકપુર, ડિસેમ્બર–૨૦૦૮)*

પેજ નં. **૨૫** નું ચાલુ...

તેની દરેક અદા તેના દરેક અમલમાં એની ઝલક આવવા લાગે, એના જેવો શોખ અને દીવાનગી પેદા કરવા માટે ઈલ્મ અને ઓલમાની ફઝીલત તથા મહત્વમાં નકલ થયેલ કુર્આન અને સુન્નતના હુકમો અને બુઝુર્ગોના ફર્માન અને વાકેઆતને પઢતો રહે. આ તમામ ચીજો તાલિમે ઈલ્મનો શોખ અને તેમાં સખત મેહનતના કારણે ઉત્તેજનનું કામ કરશે અને સુસ્તી ન કરે જેથી ઈલ્મની તમામ રૂકાવટો અને તકલીફો એના માટે આસાન થઈ જશે.

**મહેનત** : કોઈપણ ચીજનો શોખ અને લગન પેદા થઈ જાય તો લાઝમી રીતે એ ચીજને પ્રાપ્ત કરવા વધારે મહેનત પણ આસાન થઈ જાય છે. તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) માટે જરૂરી છે કે ખૂબ મહેનત કરે અને સમયને બર્બાદ ન કરે, જેટલી વધારે મેહનત થશે તેટલો વધારે ફાયદો પણ થશે અને મેહનતી માણસ પોતાના ધ્યેયને એક દિવસ જરૂરથી પાર પડે છે અને મહેનતનો ફાયદો કોઈ પણ રીતે જાહેર થાય છે. જેવું કે, **"મન જદ્દ વ જદ્દ"** જેણે પણ કોશિશ કરી તેને કામયાબી જરૂર મળે છે. એક બુઝુર્ગ ફર્માવે છે, "ઈલ્મ તમને પોતાનો કોઈપણ હિસ્સો ત્યાં સુધી નહીં આપી શકે જ્યાં સુધી તમે પોતાને પૂરે પૂરા ઈલ્મ માટે વક્ફ ન કરી દો. તાલિબે ઈલ્મ અશક્ત પણ હોય તો મહેનત અને હમેંશગીથી સારી ક઼ાબેલિયતવાળો આલિમ બની જાય છે અને હોશયારી અને મહેનત બંનેવ જમા થઈ જાય તો શું પૂછવું ?!

હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ પોતાના શાગિર્દ (વિદ્યાર્થી) ઈમામ અબૂ યુસૂફ رضی اللہ عنہને ફર્માવ્યું, "તમે ઘણા અશક્ત હતા પરંતુ તમારી મહેનત અને હમેશગીથી તમે આગળ વધ્યા."

**મેહનતના લીધે** : (૧) અભ્યાસ (૨) સબકની પાબંદી (૩) તકરાર ઘણી જ જરૂરી છે અને દરરોજ ઓછામાં ઓછા એક સબકનું બયાન લખી લેવું જોઈએ તો તેનાથી કેટલાક ફાયદા પ્રાપ્ત થાય છે : (૧) વધારે લખવું અને લખવાની ખૂબ જ પ્રેક્ટિસ થાય છે (૨) ઈમલા (લખાણ) સુધરી જાય છે (૩) ઘણી જ વાતો પોતાની દિમાગ શક્તિમાં બેસી જાય છે. (૪) સમજનો અનુભવ પેદા થાય છે.

અલ્લાહ તઆલા તમામ મુસલમાન ભાઈ બહેનોને ઈલ્મ પ્રાપ્ત કરવાની નેક તૌફીક઼ આપે. (આમીન)

*(પયામે હરમ–માસિક, ડિસેમ્બર–૨૦૦૭)*

# તાલિબે ઈલ્મ માટે ખાસ અગત્યની વાતો.........



રજૂકર્તા : **મુહમ્મદ નઈમ ક઼ાદરી**
*(વિદ્યાર્થી : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

પોતાના જમાનાના તાલિબે ઈલ્મનો અનુભવ અને મદરસાના માહોલમાં રાત દિવસ જોવાનું છે કે, لِكُلِّ شَيْئٍ آفَتٌ وَلِلْعِلْمِ آفَاتٌ ''દરેક વસ્તુ માટે આફત છે અને ઈલ્મના માટે ઘણી જ આફતો છે.'' ઈલ્મને પ્રાપ્ત કરવાના માર્ગમાં ક઼દમ ક઼દમ પર આ આફતો રુકાવટ બનીને આપણા સામે આવે છે. કોઈ પણ તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી)એ આફતોથી પસાર થયા વગર ઈલ્મના દઢ નિશ્ચય સુધી પહોંચી નથી શકતો. આ કારણે તાલિબે ઈલ્મની અંદર આફતોથી લડવા માટે પૂરો ઈરાદો અને તેને પાર કરી આગળ વધવાનો શોખ હોવો જોઈએ, તે પહેલી શરત છે.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે દિમાગ શક્તિ, સાચી લગન, મહેનત, જરૂરિયાતનો સામાન, સારા ઉસ્તાદનું માર્ગદર્શન અને લાંબા સમયની પણ જરૂર છે.

ઈલ્મ પ્રાપ્ત કરવાના માર્ગમાં ખાસ કરીને આઠ રુકાવટો સામે આવે છે : (૧) શયતાન (૨) નફ્સ (૩) ખલ્ક઼ (સબકના સાથી) (૪) ઈજ્જતની પ્રાપ્તિ (૫) માલને પ્રાપ્ત કરવું (૬) નતીજો (રિઝલ્ટ) (૭) મહેરબાનીવાળા શિક્ષકનું ન મળવું (૮) રોઝીની ફિકર.

### ❑ ઈરાદો અને હોંસલો ❑

તાલિબે ઈલ્મે જોઈએ કે તે ઈલ્મ જેવી ઘણી જ કિંમતી દૌલત પ્રાપ્ત કરવા માટે જે કંઈ પણ રુકાવટો આવે તેને સહન કરે અને હરગિઝ ! હરગિઝ ! હિંમત ન હારે. તાલિબે ઈલ્મે એ વાતને સમજી લેવી જોઈએ કે તે પોતાના તાલિબે ઈલ્મી (વિદ્યાર્થીકાળ)ના જમાનમાં મોટી મોટી તકલીફો સહન કરે અને પોતાની નિય્યત સાફ સુથરી રાખે અને સવાબની નિય્યતથી ઈલ્મ પ્રાપ્ત કરે. તેનામાં દુનિયાને પ્રાપ્ત કરવા અને ઈજ્જત મેળવવા કે પછી નામના હાંસલ કરવાનો ઈરાદો ન હોવો જોઈએ અથવા સમયને વેડફી નાખવાનો કે સનદ (સર્ટીફિકેટ) પ્રાપ્ત કરવા માટે ન પઢે. સમયની કિંમત સમજીને એક ક્ષણ પણ પોતાના મક઼સદથી જુદા ન થવું જોઈએ.

સૌથી પહેલાં ઈસ્લામી મદરસા ''અસ્હાબે સુફ્ફા'ના વિદ્યાર્થીઓ એટલે કે સહાબાએ કિરામનો હાલ એ હતો કે કાંઈ કેટલા દિવસો સુધી ભૂખ્યા રહેતા હતા, અને કોઈએ મોઅલ્લિમે કાઈનાત ﷺની બારગાહમાં પેશ કર્યું, તો આપ તે પેશ કરેલી વસ્તુને એ વિદ્યાર્થીઓ પર વહેંચી આપતા. એવી હાલતમાં એમણે આપ ﷺથી ઈલ્મ હાંસલ કર્યું, પરંતુ હિંમત ન હારી અને પછી તમામ દુનિયાનું ઈલ્મથી સિંચન કર્યું.


ઈમામ માલિક رضی اللہ عنہનો ક઼ૌલ છે કે આ ઈલ્મ ત્યાં સુધી પ્રાપ્ત નથી થઈ શક્તું જ્યાં સુધી તેના માર્ગમાં ફક઼ીરી અને ભૂખનો સ્વાદ ન ચાખ્યો હોય.

### ❑ ઝહાનત એટલે દિમાગ શક્તિ ❑

સારા આલિમ બનવા માટે તાલિબે ઈલ્મની દિમાગ શક્તિ હોવી પણ જરૂરી છે. દિમાગ શક્તિ વગર ઈલ્મની ગેહરાઈ અને તેનો કમાલ પેદા થવું શક્ય નથી, પરંતુ દિમાગ શક્તિ ન હોવાથી વધારે પડતા વિદ્યાર્થીઓ હિમ્મત હારીને તા'લીમને છોડી આપે છે. અથવા તા'લીમની મુકમ્મલ રિવાયતો અને ફરાગતો પ્રાપ્ત કરવા છતાં ઈલ્મી સલાહિયત (ક્ષમતા)થી ખાલી હોય છે અને પઢેલો ગણેલો લોકો જાહિલ જણાય છે.

### ❑ સાચી લગન ❑

તાલિમે ઈલ્મ (વિદ્યાર્થી) માટે જરૂરી છે કે તે પોતાના દિલમાં સાચી લગન સંપૂર્ણ કરે, એક ક્ષણ પણ એને દિલથી અલગ ન કરે જેથી એનાં ફળો શરીરનાં અવયવો પર અને અમલમાં પણ જાહેર થાય અને ઈલ્મનો એટલો વધુ પેજ નં. ૨૪.....પર



# મઝારો પર હાજરી આપનારાઓને બે વાતો..


✦✧ અઝ ✧✦
મૌલાના તત્હીર અહમદ રઝવી
✦✧ અનુવાદક ✧✦
મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી


અલ્લાહ તઆલાના મહબૂબ બંદાઓની બારગાહમાં હાજરી આપવી અને તેમની સોહબત અપનાવવી જેવી રીતે તેમની જિંદગીમાં ઘણી ફઝીલતનું કામ છે, તેવી જ રીતે તેઓના આ દુનિયાથી પર્દો ફર્માવી લીધા પછી તેમના મઝારો પર હાજરી આપવી પણ ભલાઈ અને સવાબનું કામ છે. અને દરેક જમાનામાં મુસલમાનોનો તરીકો રહ્યો છે. અને ઉમ્મતે મુસ્લિમાંથી કોઈએ તેનો ઈન્કાર કર્યો અને ન તેને શરીઅત વિરુદ્ધ બતાવ્યું છે. અને જેઓએ ઈન્કાર કર્યો તેઓ ગુમરાહ બદ્દીન છે. તમને જો કોઈ અલ્લાહના બંદાની બારગાહમાં હાજરીનો મોક઼ો પ્રાપ્ત થઈ રહ્યો હોય અથવા થઈ ગયો હોય તો તમે ઘણા ખુશ કિ઼સ્મત છો. પરંતુ તેની સાથે અમારી નીચે દર્શાવેલ અમુક વાતોને વાંચવી અને તેને યાદ રાખવી અને તેના પર અમલ કરવો વર્તમાનકાળમાં ઘણો જરૂરી છે.

## અલ્લાહના વલી કોણ છે ?

અલ્લાહ તઆલાના વલી અને અલ્લાહવાળા તે જ લોકો છે જેઓ જાતે પણ અલ્લાહના રસ્તા પર ચાલે છે અને બીજાઓને પણ તેના પર ચલાવાની કોશિશ કરે છે. અને અલ્લાહનો માર્ગ એ જ છે જે તેણે પોતાના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ ﷺને મોકલી તેમના થકી અને તેમના વસીલાથી પોતાના બંદાઓને અતા ફર્માવ્યો. **વર્તમાનકાળમાં અમુક લોકો પીર, ફક઼ીર અને સૂફી બનવાવાળા હુઝૂર ﷺના રસ્તાને, કુર્આન અને હદીષ અને ઈસ્લામી શરીઅતની વાતો, નમાઝ, રોઝા... વગેરે દીનના અહકામ તથા મસાઈલને એવું કહી નકારી દે છે કે, આ બધી મોલ્વીઓની લાઈનની વાતો છે ! અમે તો ફક઼ીરી લાઈનના છીએ ! ન જાતે દીન પર ચાલે છે, ન બીજાઓને ચાલવા દે છે, એવા લોકો ન પીર છે ! ન સૂફી ! ન વલી ! ન ફક઼ીર ! એ બધા શૈતાનનાં કામો કરી રહ્યા છે, તેઓથી દૂર રહેવું જરૂરી છે. અને તેઓની સોહબત ઈમાનવાળા મુસલમાન માટે ખતરનાક છે. અને તેઓના મરણ પછી તેઓની ક઼બ્રો પર જવું અને તેને મઝાર કહેવું પણ ગુનોહ છે.**

પ્યારા ભાઈઓ ! ઈસ્લામનો જે પહેલો કલ્મો છે, જેને દિલથી પઢી ઈન્સાન કાફિરથી મુસલમાન બને છે, એટલે "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ" તેમાં બે જ નામો છે : એક અલ્લાહ તઆલાનું અને બીજુ તેના રસૂલ મુહમ્મદ ﷺ નું. તેના સિવાય **જેઓને પણ આપણે સ્વીકાર્યા છે, તેમને અલ્લાહ અને તેના રસૂલના લીધે માન્યા છે, તે પછી સહાબાએ કિરામની મુક઼દ્દસ જમાઅત હોય અથવા અહલે બૈતનું પાક ખાનદાન, ઈમામો હોય અથવા ઔલિયાએ કિરામ, સૂફીઓ, આલિમો અને મોલ્વી હોય અથવા પીર ફક઼ીર કે જેઓ ખુદા અને તેના રસૂલના થઈ ગયા તે આપણા થઈ ગયા.** અને જે ખુદા અને તેના રસૂલ ﷺના નથી તે આપણા નથી.

**અમુક લોકો તાવીઝો બનાવનાર ઝાડફૂંક કરવાવાળાઓને માત્ર એટલા માટે અલ્લાહના વલી માને છે કે તેમનાથી તેઓને કોઈ દુનિયામાં ફાયદો પ્રાપ્ત થઈ ગયો, તેની ઝાડફૂંકથી તેઓની કોઈ મુરાદ પૂરી થઈ ગઈ. પછી ભલે તેને ઈસ્લામ અને તેના અહકામથી કોઈ વાસ્તો ન હોય, તે ખુદા અને રસૂલનો ગમે તેટલો પણ નાફર્માન હોય, માત્ર તેને દુનિયાના ફાયદા માટે પીર વલી માની લેવો મોટો ધોકો અને શૈતાનની ચાલ છે,** સીધી અને સાચી વાત એ છે કે આપણું ઈમાન ઝાડફૂંક અને તાવીઝો પર નથી, બલ્કે આપણુ ઈમાન તો અલ્લાહ અને રસૂલ

عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ પર છે. આમ તો દુનિયવી ફાયદાઓ, મુરાદો અને મક્સદો એ હાકિમો, ડોકટરો, નેતાઓ, ઓફિસરો અને માલદારોથી પણ પ્રાપ્ત થઈ જાય છે, તો શું એ બધાને અલ્લાહના વલી કહી દેવામાં આવે ?!

એક ગામમાં એવો જ નામનો એક સૂફી મક્કાર (ધોકો આપનાર) ફકીર આવ્યો હતો, નમાઝ, રોઝા, શરીઅતના એહકામનો સખ્ત વિરોધી ! એટલો બેપરવાહ અને નીડર (બે ખૌફ) કે મસ્જિદની સામેથી ગુજર્યો તો લોકોને કહેવા લાગ્યો, "આની શું જરૂરત છે ?!" પરંતુ ઝાડફૂંક અને દોરા તાવીઝો ખૂબ કરતો હતો. તેની દીન વિરોધી વાતોના લીધે ગામવાળાઓએ તેને કાઢી મૂક્યો. પરંતુ એક વ્યક્તિ કહી રહ્યો હતો કે તેણે તેના માટે મુકદ્દમા (કેસ)માં જીત મેળવવા માટે મંત્ર પઢ્યું છે, **જો અમે જીતી ગયા તો અમે તો તેને અલ્લાહનો વલી માનીશું !** મને જ્યારે આ વાતની ખબર મળી તો મેં કહ્યું કે ચાહે આપણે કેસ હારી જઈએ અથવા બીમાર પડી જઈએ અથવા ચાહે મોહતાજ કે ગરીબ થઈ જઈએ પરંતુ **જે નમાઝ અને રોઝાનો વિરોધી છે, ઈસ્લામી શરીઅતનો મુન્કિર (ઈન્કાર કરનાર) છે, ખુદા અને રસૂલનો નાફર્માન છે, તેને વલી કદાપી નહીં માનીએ. અમે મુસલમાન કેસ જીતવા, તંદુરસ્તી અને માલદારી પ્રાપ્ત કરવા માટે નથી બન્યા બલ્કે ઈસ્લામ પર ચાલી અલ્લાહ અને રસૂલને રાજી કરીને જન્નત હાંસલ કરવા માટે બન્યા છીએ.** દુનિયાની પરેશાનીઓ, બીમારીઓ, તંદુરસ્તી અને ગરીબી તો અલ્લાહના વલીઓને પણ રહી છે, બલ્કે જે ખુદાથી વધારે નિકટ છે તેની તો વધારે આજમાઈશ થાય છે અને તેના પર વધારે મુસીબતો અને પરેશાનીઓ આવે છે, જેમ કે હદીષ શરીફમાં વર્ણન થયું છે.

સાચી વાત એ છે કે જન્તર મન્તર ઝાડફૂંક કરનારાઓની દુકાનો (ધંધો) આજે વધારે એટલા માટે ચાલી રહી છે કે તેણે પચાસ બીમારો અથવા કેસવાળાઓના માટે ઝાડફૂંક કરી તો બધા બીમાર તો મરી નહીં જાય, કોઈ તો સારો થવાનો જ છે ! અને બધા કેસોવાળા નહીં હારી જાય, કોઈ તો જીતવાનો છે ! એ ઝાડફૂંક ન કરતા તો પણ એવું જ થાત. હવે જે હારી ગયા અને બીમાર રહ્યા તે તો ખામોશ થઈ બેસી જાય છે, અથવા બીજો કોઈ દરવાજો શોધવા માંડે છે અને જે બે ચારના મક્સદ પૂરા થઈ ગયા તે આખા જગતમાં ઢંઢેરો પીટાવે છે અને પછી એવા ચાર જણા ચારસોને ગ્રાહક બનાવે છે !

અમુક લોકો કહે છે કે ફકીરો અને મોલ્વીઓને કોઈ દિવસ નથી બન્યું, હમેશાં દુશ્મની રહી છે ! તો **આ પણ એક જૂઠી અફવા** છે. પ્રથમ વાત તો એ છે કે ફકીરી મોલ્વીપણાથી એકદમ અલગ કોઈ રસ્તો નથી બલ્કે આજ મોલ્વીયત અને જાહેરપણુ જ્યારે બાતિન (અંતર) અને દિલમાં ઉતરી જાય છે તો તેને ફકીરી અને સૂફીપણુ કહેવામાં આવે છે. અને આ જ નમાઝ, રોઝા જેમાં માથુ ખુદાના માટે નમે છે અને પેટ રોટી અને પાણીથી ખાલી રહે છે. જ્યારે માથાની સાથે દિલ પણ ઝુકી જાય છે, અને પેટની સાથે દિલ અને દિમાગ પણ દુનિયાની મહોબ્બતથી ખાલી થઈ જાય છે અને ખુદા સિવાય તેમનામાં કશુ નથી રહેતું તો એ જ તરીકતવાળાઓની નમાઝ અને રોઝા કહેવામાં આવે છે. અને આ જ વુઝૂ અને ગુસ્લ જેમાં હાથ પગ ચહેરો (મોઢુ) અને શરીરને ધોવામાં આવે છે, જ્યારે તેની સાથે દિલ અને દિમાગ અને ચિંતનને તમામ શૈતાની વસવસાઓથી, નાપાક ખયાલોથી પાક સાફ કરી લેવામાં આવે છે તો તેને ફકીરોનું વુઝૂ કહેવામાં આવે છે. એટલે કે **સૂફી અને ફકીર નમાઝ, રોઝા વગેરે શરીઅતના હુકમોની વિરુદ્ધ નથી કરતા બલ્કે તે તો તે અમલોને ખૂબ સારી રીતે એવી રીતે અદા કરે છે જેવો કે તેને અદા કરવાનો હક્ક છે. તરીકત અને તસવ્વુફ (સૂફીપણુ) કોઈ અલગ માર્ગ નથી બલ્કે શરીઅતનો જ એક હિસ્સો છે. જે વાસ્તવમાં ફકીર અને સૂફી હશે તે કદાપી મોલ્વીઓ અને શરીઅતની બુરાઈ નહીં કરે, અને જે ખરેખર મોલ્વી અને આલિમ હશે તે કદાપી દરવેશો, પીરો, ફકીરો અને વલીઓની શાનમાં ગુસ્તાખી નહીં કરે. જે મોલ્વી અને આલિમ થઈ અલ્લાહવાળાઓની શાનમાં**

**ગુસ્તાખી, દરવેશો અને સૂફીઓની બુરાઈ કરે તે સાચા અર્થમાં ન મોલ્વી છે ન આલિમ અને જે પીર અને ફકીર બની મોલ્વીઓ અને આલિમોની બુરાઈ કરે, શરીઅતની વિરુદ્ધ કામ કરે તે ધોકાબાઝ છે.** તે ચાહે છે કે ધર્મથી આઝાદી પણ મળી જાય અને પીરી મુરીદી પણ ચાલતી રહે !

## મઝાર પર હાજરીના સમયે શું કરવું જોઈએ !

કુર્આન શરીફની તિલાવત કરે, કમસે કમ અલ્હમ્દુ શરીફ અને કુલ હુવલ્લાહ શરીફ પઢી તેનો સવાબ તે બુઝુર્ગને ઈસાલે સવાબ કરે, તેની સાથે મીઠાઈ વગેરે કોઈ વસ્તુ હોય તો તે પણ વહેંચે, ત્યાર બાદ જે કાંઈ દુઆઓ માંગવી હોય તો તે માત્ર અલ્લાહ તઆલાથી માંગે દા.ત. યા અલ્લાહ ! તું મને ઈમાન પર મૌત નસીબ ફર્માવ, મારા ગુનાહોને માફ ફર્માવી દે, મારી મગફેરત અને બખ્શિશ ફર્માવી દે, બીમારીથી શિફા આપ, ઘર અને કારોબારમાં બરકત અતા કર. દુઆ અલ્લાહથી જ માંગે. આપનાર અને બખ્શનાર અલ્લાહ તઆલા જ છે, નફા અને નુકસાનનો માલિક તે જ છે, મુરાદો પૂરી કરનાર તે જ છે. **હા ! પરંતુ અલ્લાહવાળાના વસીલાથી અથવા તેમની બારગાહમાં હાજર થઈ તેમના કુર્બ (નિકટ)માં જે દુઆ માંગવામાં આવે છે તે જલ્દી કબૂલ થાય છે.** આપનાર અલ્લાહ જ છે. વસીલો અલ્લાહવાળાઓનો છે.

અને **જો અલ્લાહવાળાઓથી મદદ માંગીએ, પીરો, વલીઓ બુઝુર્ગોથી મદદ માંગીએ, તેમને મુસીબતની વેળાએ પુકારીએ તો એ પણ એક જાતનો વસીલો જ છે. પરંતુ તેમાં એ ધ્યાન અને અકીદો રાખવો અનિવાર્ય છે કે જે કોઈ પણ વસ્તુ કોઈને આપે છે તે બધું અલ્લાહનું જ અર્પણ કરેલ છે. હકીકતમાં આપનાર તો અલ્લાહ તઆલા જ છે, તેના હુકમ અને મરજી સિવાય કોઈ વસ્તુ નથી ખસી શકતી, કોઈ પાંદડુ નથી ખરતુ, કોઈ પલકારો નથી મારી શકતું અને તેના ચાહ્યા વિના કોઈ બીજાને નફા નુકસાન નથી પહોંચાડી શકતું, નબીઓ, વલીઓનો માલિક અને ખાલિક (પેદા કરનાર) પણ તે જ છે. તેણે જ તેઓને પેદા ફર્માવ્યા. નફા, નુકસાન પહોંચાડવા અથવા મુરાદો પૂરી કરવાની તાકાત તેણે જ અતા ફર્માવી છે. તેના સિવાય અથવા તેનાથી દૂર રહી અથવા તેનો ન થઈને કોઈ કશું નથી કરી શકતો, બધું તેનું જ છે, તેનાથી જ છે, તેના સુધી છે. બસ ! તે જ છે.** આ એવું જ છે જેમ કે ફરિશ્તા અને જિન અલ્લાહના હુકમથી લોકોને રૂહાની તૌર પર નફા નુકસાન પહોંચાડી દે છે, તેવી જ રીતે **અલ્લાહના મહબૂબ અને મુકદ્દસ બંદાઓની રૂહો પણ વિસાલ પછી લોકોની મદદ કરી શકે છે.**

## એક ગલત અફવાનો રદિયો

કેટલાક બદ્અકીદાવાળા અહલે સુન્નત પર આક્ષેપ લગાડે છે કે, "તમે અલ્લાહ તઆલાને વસીલાનો મોહતાજ બનાવી દીધો ! એટલે કે અલ્લાહ તઆલા વગર વસીલે કશું નથી આપી શકતો !" જ્યારે આ એક ગલત અફવા અને જૂઠો આક્ષેપ છે. **અહલે સુન્નતનો એ અકીદો નથી કે અલ્લાહ તઆલા વગર વસીલે નથી આપી શકતો બલ્કે અહલે સુન્નતનો અકીદો તો એ છે કે અલ્લાહ તઆલા કાદિરે મુત્લક છે, જ્યારે જેને જે ચાહે આપી દે, વસીલા વિના પણ આપી શકે છે. પરંતુ વાત એ છે કે વસીલો તેને પસંદ છે. અને તેની મરજી છે કે જેને પણ આપે તો કોઈના વસીલાથી આપે એટલે કે તે વસીલાનો મોહતાજ નથી બલ્કે વસીલો તેને પસંદ છે.**

## બનાવતી કબ્રો અને મઝાર

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! વર્તમાનકાળમાં એવું ઘણુ થઈ રહ્યું છે કે પહેલાં ત્યાં કાંઈ પણ ન હતું, પછી ત્યાં કોઈ મુડદાને દફન કર્યા વિના કબ્ર અને મઝાર બનાવી દેવામાં આવ્યું અને પૂછીએ ત્યારે કહે છે કે સ્વપ્નમાં બશારત થઈ ! ફલાણા બુઝુર્ગે સ્વપ્નમાં કહ્યું કે અમો ત્યાં દફન છીએ અમારો મઝાર બનાવો ! સાચી વાત એ છે કે એવી રીતે કબ્ર તથા મઝાર બનાવવું અને ત્યાં હાજરી આપવી, ફાતેહા પઢવા, ઉર્સ કરવો,


ચાદરો ચઢાવવી બધું હરામ છે. આ એક રીતે મુસલમાનોને ધોકો આપવો અને ઈસ્લામને બદ્નામ કરવું છે. જેમણે આવાં મઝાર બનાવ્યાં છે તેને ખોદી નાખવાં અને તેનું નામો નિશાન ખત્મ કરી નાખવું ઘણુ જરૂરી છે. બનાવટી મઝારો બનાવવાં અને તેની સાથે હકીકતના જેવાં કામો કરવાં નાજાઈઝ અને બિદઅત છે, અને સ્વપ્નની વાત શરીઅતના વિરુદ્ધ કામોમાં સાંભળવામાં નથી આવતી. *(હવાલો : ફતાવાએ રઝવિય્યહ્, ભાગ-૪, પેજ-૧૧૫)*

## સજદો કરવો, ચૂમવુ અને બોસો આપવો

શરીઅતે મુહમ્મદીમાં અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ સજદો કરવો કમસે કમ હરામ જરૂર છે અને સજદાનો અર્થ કોઈની સામે માથુ ટેકવવું છે. આ ઈસ્લામ ધર્મમાં અલ્લાહ તઆલા સિવાય કોઈના માટે જાઈઝ નથી. તેનો હક્ક છે કે બંદાઓની પેશાની તેના માટે જ ઝુકે અને જમીન પર રાખવામાં આવે. મુસલમાનની શાન એ નથી કે ખુદા તઆલા સિવાય બીજાને સજદો કરે. હદીષે પાકમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **"જો અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ સજદો કરવો જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે તેણીઓ પોતાના પતિઓને સજદો કરે."** એટલા માટે કદાપી કોઈ પીર, ફકીર અથવા મઝારને સજદો ન કરવો જોઈએ, એટલે કે તેમની સામે માથુ જમીન પર ન રાખવું જોઈએ. રહ્યું ખાસ મઝારને ચૂમવું, સ્પર્શ કરવું, બોસો આપવો, તો **આ ભલે હરામ અથવા ગુનોહ નથી પરંતુ આ સારું અને બેહતર નથી એટલા માટે કે ઉલમાએ અહલે સુન્નતે તેનાથી પણ 'મના' ફર્માવ્યું છે.** (હરામ તથા નાજાઈઝ નથી કહ્યું) અને તે ચૂમવાને બોસો આપવાને અદબમાં કમીનું કારણ બતાવ્યું છે. વધારે અદબ અને બેહતર તથા શ્રેષ્ઠ તરીકો એ છે કે થોડા દૂર ઊભા રહી ફાતિહા પઢે અને તેમના વસીલાથી અલ્લાહથી દુઆ માંગે અને પછી ચાલ્યો આવે. **પ્યારા ભાઈઓ ! અલ્લાહવાળાઓના મઝારને ચૂમવું, તેને બોસો આપવા કરતાં વધારે જરૂરી તેઓની વાતોને માનવાનું છે.** અને જે લોકો તેમની વાતો પર અમલ કરે છે તેમને ફયુઝ અને ફાયદો વધારે મળે છે. સ્પર્શ કરનારા, ચૂમનારાઓને ઓછો ફાયદો મળે છે અને સજદો કરનારાઓને તો તો કાંઈ નથી મળતું, બલ્કે તેમને અઝાબ અને ગુનોહ થાય છે. તેમનાથી અલ્લાહ પણ નારાજ છે અને અલ્લાહવાળા પણ નારાજ થાય છે.

## ચાદર ચઢાવવાનો મસ્અલો

અલ્લાહ ﷻના મહબૂબ બંદાઓના મઝાર પર ચાદર ચઢાવવી જાઈઝ છે જે તેને ગલત બતાવે છે તે જાતે ગલત છે. પરંતુ ઉલ્માએ અહલે સુન્નતે ફર્માવ્યું કે જ્યારે મઝાર ઉપર ચાદર ચઢેલી હોય અને તે હજુ ખરાબ અથવા પૂરાની ન થઈ હોય તો તેના પર બીજી ચાદર ન ચઢાવવામાં આવે, એક જ ચાદર પૂરતી છે. અલ્બત્ત, તે ચાદર મેલી અથવા ખરાબ થઈ જાય અથવા ફાટી જાય તો તેને હટાવી અથવા તેની ઉપર બીજી ચઢાવવામાં કોઈ વાંધો નથી. હા ! જો ખબર હોય કે તે વધારાની ચાદરો કે તેની રકમ ગરીબો, મિસ્કીનો, મોહતાજો, પરેશાન લોકોની જરૂરતોના કામમાં આવે છે, તો ચાદર પર ચાદર ચઢાવવામાં કોઈ વાંધો નથી, બલ્કે આ પણ એક જાતની ખૈરાત અને સદકો છે. અને **જો ખબર હોય કે ત્યાંની ચાદરો ત્યાંના સજ્જાદાનશીનો અને મુજાવરોને કામમાં આવે છે જે બધા માલદાર અને દૌલતમંદ છે, તો એવાં મઝારો પર ચાદરો ચઢાવવી માલદારોને અધિક માલદાર બનાવવા છે. એવી જગ્યાએ ચાદર ચઢાવવાની હોય અથવા ત્યાંની મન્નત માની હોય તો ત્યાં ચાદર ચઢાવવાને બદલે તેની કિંમતનું કપડુ કોઈ જરૂરતવાળાને બનાવી આપે, અથવા કોઈ બીમારનો ઈલાજ કરાવી આપે. અથવા મસ્જિદ, મદરસા, ઈમામ, મુઅઝ્ઝિન (બાંગી)ને આપી દે, કોઈ ગરીબનું ઘર બનાવી આપે અથવા ઘર બનાવવામાં તેની મદદ કરે અને તે બધાનો સવાબ તે બુઝુર્ગની રૂહને ઈસાલે સવાબ કરી આપે જેમના મઝાર પર ચાદર ચઢાવવાની હતી,** કેમ કે સવાબ માત્ર દિલમાં નિય્યત કરવાથી પણ પહોંચી જાય છે, મોઢાથી કહેવું કાંઈ જરૂરી નથી. ......*ક્રમશઃ*



# કા'બા શરીફનું ગુસ્લ

## ઈતિહાસની રોશનીમાં

મૂળ લેખક
શફીક અહમદ ફારૂકી–મદીના મુનવ્વરા
અનુવાદક
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

### કા'બા શરીફના ગુસ્લની વિધિ

સૂર્યોદયની સાથે કા'બા શરીફને ગુસ્લની વિધિ એક ઠાઠ તથા વૈભવની સાથે શરૂ થઈ જાય છે. પબ્લિકને પેહલાં જરાય પણ ખબર નથી હોતી. એકાએક સૈન્યના ગૃપો હરમ શરીફમાં અત્યંત ખામોશીની સાથે પ્રવેશ કરીને તવાફ શરૂ કરી આપે છે. તવાફ કરતા કરતા તેઓ ધીરે ધીરે કા'બા શરીફના ખૂબ નજીક પોતાનું સ્થાન મેળવી લે છે અને અવામ તેમના પછીની ખાલી જગ્યામાં તવાફ કરવામાં મગ્ન રહે છે. ત્યાર બાદ તેઓ (સૈન્યના જવાનો) કા'બા શરીફથી થોડા અંતરે રહીને આમંત્રિત મેહમાનો તેમજ મોટા મોટા ઈજ્જતદારોને તવાફ કરવાની જગ્યા આપશે.

આ ગતિવિધિ દરમ્યાન કા'બા શરીફના દરવાજા સાથે એક ખાસ સીડી (દાદર) લાગી જાય છે. કા'બા શરીફની ખિદમત કમિટીના અધ્યક્ષ પોતાની વિશેષ શાનની સાથે ઉપર ચઢીને કા'બા શરીફના દ્વારનું તાળુ ખોલી દરવાજાને ખોલી આપે છે. ઉચ્ચ કોટીની હસ્તીઓનું દરવાજા ઉપર સ્વાગત કરે છે અને તેમની સાથે જ અંદર પ્રવેશ કરીને નફ્લ નમાઝ અદા કરે છે. ત્યારબાદ બીજા આમંત્રિત મહેમાનો તથા અન્ય ઈજ્જતદારો ખાનાએ કા'બામાં પ્રવેશ કરી નફ્લ નમાઝ અદા કરે છે. તે દરમ્યાન ગુસ્લ આપવા માટેની વ્યવસ્થા (તૈયારીઓ) કરી લેવામાં આવે છે.

પબ્લિક બીજા અને ત્રીજા માળેથી અથવા દૂરના ચોગાનમાંથી આ તમામ દશ્યોને બેહદ ઉત્સાહભેર (લાલચભરી દષ્ટિએ) નિહારે છે.

### ગુસ્લે કા'બાનો તરીકો

કા'બા શરીફની બહારનો ગિલાફ કાળા રંગના જાડા કપડાનો હોય છે, જ્યારે કે કા'બા શરીફની અંદરનો ગિલાફ તેનાથી થોડો હલ્કો પરંતુ લીલા રંગના રેશમી કપડાનો હોય છે જેના ઉપર સફેદ રંગમાં અસ્માએ હુસ્ના (અલ્લાહ તઆલાનાં નામો) તથા કલમાઓ લખેલા હોય છે. આમ તો અંદરનો ગિલાફ સિલિંગ સમેટ તમામ દીવાલો ઉપર ચઢાવવામાં આવ્યો હોય છે, પરંતુ ગુસ્લના કારણે તેને ચારેબાજુથી આદમીના કદથી પણ ઉપર સુધી લપેટી લેવામાં આવે છે.

ગુસ્લમાં શરીક થનારને એક ખૂબસૂરત (સરસ) ઝાડુ આપવામાં આવે છે જેમાં એક લાંબી લાકડી લાગેલી હોય છે. ગુસ્લ આપવા માટે આબે ઝમઝમનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં વધારે માત્રામાં ગુલાબનો અર્ક ઉમેરવામાં આવે છે. સૌથી પહેલાં કા'બા શરીફના ફર્શ (તળીયે, કા'બાની અંદરની જમીન) ઉપર પાણી વહાવવામાં આવે છે. અને ઝાડુની મદદથી તેઓ ફર્શને સાફ કરે છે. ત્યારબાદ દીવાલો ઉપર પાણી વહાવવામાં આવે છે. નાના નાના કપડ઼ાના ટુકડાઓ દરેક શરીકને આપવામાં આવે છે જેની મદદથી તેઓ દીવાલોને સૂકવતા જાય છે. આ તમામ ગતિવિધિઓ દરમ્યાન ઝિક્રે ઈલાહીનો શ્રોત ગુંજતો રહે છે. દરેક પોતાની કાર્યવાહીમાં મગ્ન રહે છે.

કા'બા શરીફના ફર્શ ઉપર જમા થયેલ પાણીને સ્પોન્ઝના ટુકડાઓની મદદથી શોષીને સંગ્રહ કરી લેવામાં આવે છે. ત્યારબાદ ઊદ વગેરેની ધૂણી આપવામાં આવે છે અને દીવાલો વગેરે ઉપર ખૂશ્બૂઓ લગાડવામાં આવે છે. ગુસ્લ પૂરું થયા બાદ જ્યારે ગુસ્લ આપવામાં શરીક થનારાઓ બહાર નીકળે છે તો તેમના ચહેરાઓ ઉપર ખુશીની ચમક જોવા મળે છે. અન્વારે ઈલાહીની ઝલક પેશાનીઓ ઉપર સ્પષ્ટ રીતે જોવા મળે છે, مَنْ دَخَلَهٗ كَانَ آمِنًا ''જે આ ઘરમાં દાખલ થઈ ગયો તે અલ્લાહના અમાન (હિફાઝત)માં

આવી ગયો.'' આ ફઝીલતની અસરો દરેકના ચહેરાથી છલકાતી દેખાય છે. ટૂંકમાં આ દશ્ય જોવા લાયક હોય છે તે લોકો માટે પણ જેઓ એ આદેશ ઉપર અમલ કરવામાં શરીક થાય છે અને તે લોકો માટે પણ જેઓ મુબારક અવસરને પોતાના માથાની આંખોથી નિહાળવાની સઆદત પ્રાપ્ત કરી રહ્યા હોય છે.

## ગુસ્લે કા'બાની દુઆઓ

આજથી સો વર્ષ પહેલાં મિસ્રી પર્યટક 'ઈબ્રાહીમ રિફઅત પાશા' હજ્જનો ફરીઝો અદા કરવા માટે મક્કા મુકર્રમા આવ્યો. તેણે સફરે હજ્જનો એહવાલ પોતાની કિતાબ 'મિર્અતુલ્ હરમૈન'માં રજૂ કર્યો છે. તે લખે છે કે સોમવારના દિવસે અને પાંચ ઝિલ્ હજ્જે ગુસ્લે કા'બાના પવિત્ર તથા વૈભવશાળી પ્રસંગે મને શરીક થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. મેં આ ક્ષણને પોતાના માટે સઆદત (નેક નસીબી) સમજીને સ્વીકારી લીધી. નક્કી કરેલા સમયે બૈતુલ્લાહ શરીફમાં હાજર થઈ ગયો, તો જોયું કે હુકૂમતની કેટલીયે હસ્તીઓ ઉપરાંત અલગ અલગ દેશોના પસંદગી કરેલ હુજ્જાજે કિરામ પણ ત્યાં ઉપસ્થિત હતા. અમે કા'બા શરીફમાં દાખલ થયા અને તેની ચારે દીશામાં બે બે રકાત નમાઝો અદા કરી અને દુઆઓ કરી. ત્યાર બાદ અમે ખજૂરની ડાળીઓનાં બ્રશ બનાવીને ઝમઝમના પાણીથી ખાનાએ કા'બાના ફલોર (નીચેની જમીન)ને ગુસ્લ આપ્યું. ત્યાર પછી ગુલાબના પાણી અને અલગ અલગ પ્રકારની ખુશ્બુઓમાં કપડાના ટુકડા ભીંજાવીને કા'બા શરીફના ફર્શ અને તેની દીવાલોને લૂછી. ત્યારબાદ કપડાના ટુકડાઓને અમારી વચ્ચે વહેંચી દેવામાં આવ્યા.

ખાનાએ કા'બાના ગુસ્લનું પાણી હાંસલ કરવા માટે કા'બા શરીફના દરવાજા ઉપર હુજ્જાજે કિરામની એક મોટી સંખ્યા ઉપસ્થિત હતી. અમુક જિમ્મેદાર લોકો બાલ્ડીઓમાં ગુસ્લનું પાણી લાવ્યા અને હાજી સાહેબોને તેમની બોટલોમાં ભરી આપતા. એ જ પ્રમાણે ગુસ્લ આપવાના માટે ઉપયોગ થયેલ ખજૂરના ઝાડની ડાળીઓનાં બ્રશોને પણ તબર્રુક સમજીને પ્રાપ્ત કરવાની કોશિશ કરતા.

મક્કા મુકર્રમાના એક ઈતિહાસકાર 'હુસૈન બાસલામા'નું કહેવું છે કે તેમના યુગમાં ઝિલ્ કઅદા મહિનાના અંતમાં અથવા ઝિલ્ હજ્જ મહિનાના આરંભમાં અને બીજીવાર રબીઉલ અવ્વલની ૧૨ તારીખે કા'બા શરીફને ગુસ્લ આપવામાં આવતું હતું. તેઓ વધુમાં કહે છે કે તેમને ઘણી વાર ગુસ્લે કા'બાના મુબારક પ્રસંગમાં શરીક થવાનો અવસર મળ્યો. સૂર્યોદય થવાની થોડીવાર પછી મુતવલ્લીઓના પ્રમુખ હતીમમાં પહોંચી જતા. તેમની સાથે આલે શૈબી (કા'બાની ખિદમત જે ખાનદાનના હસ્તે છે તે)ના મુતવલ્લીઓ પણ હોય. ત્યાર બાદ કા'બા શરીફનો દ્વાર ખોલવામાં આવે છે. પછી અમુક ખાદિમો ગુલાબનું પાણી, ગુલાબનું અત્તર, અંબર અને ઊદ લઈને હાજર થતા અને અમુક કાશ્મિરી શાલ જેવી તેહબંદ (લુંગી) લઈને હાજર થતા જેથી તેને પહેરીને ખાનાએ કા'બાને ગુસ્લ આપી શકાય. ત્યાર પછી પરંપરા મુજબ મુતવલ્લીઓના પ્રમુખ સૌથી પહેલાં કોઈ બાદશાહને અથવા વઝીરને ગુસ્લે કા'બા માટે આમંત્રિત કરે છે ત્યાર પહેલાં તમામ જરૂર સામગ્રી હાજર કરી આપવામાં આવતી. જેમ કે હુકૂમતના ઉચ્ચ અધિકારીઓ ઝાડુઓની વ્યવસ્થા અને ઝમઝમના જિમ્મેદારો ઝમઝમને ખાનએ કા'બામાં પહોંચાડવાની વ્યવસ્થા કરતા. આ તમામ સામગ્રી હાજર કર્યા બાદ ગુસ્લ આપવાની કાર્યવાહી શરૂ કરી આપવામાં આવતી. સૌથી પહેલાં દરેક વ્યક્તિ તેહબંદ (લુંગી) પહેરતા. પછી તે ઝમઝમ તેમજ ગુલાબના પાણીથી કા'બા શરીફના ફર્શ તથા દીવાલોને ગુસ્લ આપતા ત્યાર બાદ દીવાલો ઉપર ગુલાબનું પાણી વહાવતા અને ત્યાર પછી ગુલાબના અત્તરનો ઉપયોગ કરવામાં આવતો હતો. ઊદ તથા અંબરનો પણ ઉપયોગ ત્યાર બાદ કરવામાં આવતો અને ખુશ્બુની ધૂણી પણ આપવામાં આવતી હતી. ગુસ્લની તમામ કાર્યવાહી સંપૂર્ણ થયા બાદ હરમ શરીફમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોમાં ગુસ્લમાં ઉપયોગ થયેલ સામગ્રી (તબર્રુક રૂપે) વહેંચી દેવામાં આવતી.

ગુસ્લ આપવામાં શરીક લોકોનાં દિલ અલ્લાહના જલાલથી પૂર હોય છે. તેઓ રબ તઆલાની તજલ્લીગાહમાં હોય છે અને અલ્લાહ તઆલાની બેશુમાર રહમતો તેમને પોતાની છત્રછાયામાં ઘેરી રાખે છે. તે સમયે દરેકના ઉપર એક એવી અવસ્થા તરી આવતી હોય છે કે તેઓ પોતાને ન તો હોશમંદ સમજે ન તો બેહોશ સમજતો હોય છે. આ પરિસ્થિતિમાં ક્યારેક તો ઝિક્રે ઈલાહી તેમની ઝબાન પર હોય છે અને ક્યારેક કોઈ દુઆ, પરંતુ દરેકના દિલથી જે દુઆ નીકળે છે અને અલ્લાહ તઆલાના તરફથી જે ખાસ રહમતો અતા કરવામાં આવે છે તે આ જ દુઆનું પ્રતિબિંબ હોય છે :–

**اللهم غسل خطايانا وابدل سيئاتنا حسنات بفضلك ورحمتك يا ارحم الراحمين۔ اللهم صل على نبينا سيدنا محمد وعلى اله وصحبه وبارك و سلم۔**

''હે અલ્લાહ ! અમારી બદ્‌કારીઓને પણ ધોઈ આપ (મિટાવી આપ) અને અમારી બુરાઈઓને તારા ફઝ્‌લ તથા રહમતના સદકામાં નેકીઓમાં ફેરવી આપ. હે ! સૌથી મહેરબાન ! રહમ કરનાર ! હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા નબી તથા સરદાર હઝરત મુહમ્મદ ﷺ પર તેમજ તેમની આલ તથા અસ્હાબ પર બરકતો પણ અને સલામ પણ.''

ગુસ્લે કા'બા પછી આ ઉપયોગ થયેલ પાણી જે તબર્રુકનું સ્થાન ધરાવે છે તેને પીતી વખતે પણ આ જ દુઆઓ હોવી જોઈએ. જ્યારે કે આપણે બીજી પણ ઘણી દુઆઓ માંગી શકીએ છીએ.

## ગુસ્લે કા'બાનું તબર્રુક

આજે જ નહીં પરંતુ હમેશાંથી મુસલમાનોનો તરીકો રહ્યો છે કે તેઓ કા'બા શરીફના ગુસ્લમાં ઉપયોગ થયેલ પાણીને એક અમૂલ્ય તથા કિંમતી ભેટ સમજીને તેની પ્રાપ્તિ માટે ખૂબ કોશિશો કરે છે, તેને અકીદતથી પીએ છે, માથા ઉપર રહે છે, ચહેરા ઉપર લગાડે છે, સીના (છાતી) ઉપર માલિશ કરે છે, ભેટ રૂપે દૂર દૂરના દોસ્તો તથા સગાં સંબંધીઓને ત્યાં મોકલે છે આ પ્રમાણે દર વરસે કા'બા શરીફના બંનેવ ગુસ્લોનું પાણી કરોડો મુસલમાનોને ત્યાં પહોંચે છે અને તેઓ તેનાથી ફયૂઝયાબ થાય છે.

એક તો ઝમઝમનું પાણી જેની ફઝીલત બયાન કરતાં આપ ﷺએ ફર્માવ્યું છે કે **مآء زمزم لماشرب له** એટલે કે, ''ઝમઝમ તે દરેક મુરાદ પૂરી કરે છે જેના માટે તેને પીવામાં આવે.'' આ ઉપરાંત અલ્લાહના ઘરની દરો દીવારની બરકતોથી મિશ્રિત જ્યારે બંને પ્રકારના અન્વાર તેમાં સામેલ થઈ જાય તો નૂરુન્ અલા નૂર સિવાય આ તબર્રુકને શું કહી શકાય ?

ગુસ્લે કા'બાનું પાણી સામાન્યતઃ વહેંચવામાં નથી આવતું અને તેમાં પણ ભીડભાડની તેજ સમસ્યાઓ ઉભી થઈ જાય છે એટલા માટે વસીલા તથા કોઈના આધારે જ તેની પ્રાપ્તિ શક્ય બને છે. આ ઉપયોગ થયેલ પાણી એટલુ સુગંધિત હોય છે કે મેં (મૂળ લેખકે) જ્યારે પણ સાદા ઝમઝમના પાણીની મિલાવટ કર્યા વિના પીધું ત્યારે ત્યારે મારે શરદી તથા નઝલાનો ભોગ બનવું પડયું છે. એટલા માટે બેહતર એ જ છે કે આ પાણીમાં થોડી માત્રામાં આબે ઝમઝમ અથવા સાદુ પાણી ઉમેરીને પીવામાં આવે.

જેવી રીતે આ મોતબર્રક પાણીમાં બરકતો ઘણી છે તેવી જ રીતે આ ગંભીરપણુ પણ ધ્યાનપાત્ર છે કે તેની મામૂલી સરખી બેઅદબીથી પણ બચવામાં આવે.

## કા'બા શરીફને સુગંધિત રાખવું

કા'બા શરીફ ઉપર ખુશ્બૂ લગાડવી આમ તો હમેશાંથી મુસલમાનોમાં પરંપારિક રિવાજ છે. પરંતુ ગુસ્લે કા'બા પછી બીજી વિધિઓના જેમ વિશેષરૂપે દીવાલો ઉપર ખુશ્બુઓને લગાડવી તેમજ ઊદ તથા અંબરની ધૂણી આપવાની વિધિને વિશેષ મહત્વતા પ્રાપ્ત છે. જેમ કે દરેક ગુસ્લે કા'બા પછી દીવાલો ઉપર ખુશ્બુઓ લગાડવામાં આવે છે. બુખૂરો તથા ઊદ અંબર વડે કા'બા શરીફની અંદર તથા બહારથી વાતાવરણને સુગંધિત કરવામાં આવે છે.

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની બે રિવાયતોનું વર્ણન ઉપરોક્ત કા'બા શરીફની સફાઈના વર્ણનમાં થઈ ચૂક્યું છે. મકામે ઈબ્રાહીમ અલ્ ખલીલ નામી કિતાબમાં મુહમ્મદ

તાહિર અલકર્દીએ નકલ કર્યુ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ જયારે કા'બા શરીફના બાંધકામથી ફારિગ થયા તો આપે કા'બા શરીફને ગિલાફ ઓઢાડતાં પહેલાં દીવાલોને અંદર તથા બહારથી મુશ્ક તેમજ અંબર વડે લીપાવી. ત્યાર બાદ દરરોજ તેઓ એક રિત્લ(તે યુગનો એક માપ) બુખૂર (એક સુગંધનું નામ)ની વ્યવસ્થા કરી તેને કા'બા શરીફની દીવાલો ઉપર લગાડતા અને આ માત્રા જુમ્આના દિવસે બમણી થઈ જતી હતી. *(અઝરકી ફી અખ્બારે મક્કા)*

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہના જમાનામાં તેમના તરફથી વરસમાં બે વાર ગિલાફે કા'બાને બદલવામાં આવતો હતો, દીવાલો ઉપર દરેક ચારે બાજુ ખુશ્બુઓને ઘણી માત્રામાં ઉપયોગ કરવામાં આવતો હતો. તેઓ ઘણી માત્રામાં ન કેવળ ખુશ્બુઓ તથા અત્તરો અને બુખૂરો જ મોકલતા હતા બલ્કે તેની સાથે લગાડનાર ખાસ માણસો પણ મોકલવામાં આવતા જેઓ દરેક નમાઝના સમયે ખુશ્બુ લગાડવાની બાકાયદા વ્યવસ્થા કરતા હતા. તેમના પછી બીજા ખલીફાઓ પણ આ તરીકા ઉપર કાર્યરત રહ્યા.

તારીખુલ કા'બામાં હુસૈન બિન અબ્દુલ્લાહ સલામા લખે છે કે ખુશ્બૂઓની બાકાયદા વ્યવસ્થાનો તરીકો હુસૈન બિન અલી શરીફ સુધી આ પ્રમાણે કાયમ રહ્યો. ત્યાર બાદ જયારે સઊદી હુકૂમત કાયમ થઈ તો તેમણે કા'બાની ખિદમત કમિટીના અધ્યક્ષને નાણા મંત્રાલય તરફથી કાયદેસર રીતે કા'બા શરીફની ખુશ્બુઓ માટે ફંડ ચાલુ કર્યું જે હાલમાં ચાલે છે.

તારીખુલ કવીમિલ મક્કા વ બૈતુલ્લાહિલ કરીમમાં મુહમ્મદ તાહિર અલ્ કુર્દીએ લખ્યું છે કે અમે હિ.સ. ૧૪૦૪માં રઈસ સદાનાને અબ્દુલ્લાહ બાસલામાના આ લખાણ વિશે ઉલ્લેખ કર્યો તો તેમણે એ ફંડનું સમર્થન કર્યું.

## એહરામે કા'બા


દર વરસે ઝિલ હજજના પ્રારંભમાં કા'બાના ગુસ્લની સાથે જ કા'બાના ગિલાફને માનવ કદથી ઘણે ઉપર સુધી લપેટી દેવામાં આવે છે અને દીવાલોની નગ્નતાને દૂર કરવાના હેતુથી સફેદ રંગનું કપડુ લપેટી આપવામાં આવે છે જેને પબ્લિક એહરામે કા'બા કહે છે.

હજજ પહેલાં કા'બાના ગુસ્લ બાદ કા'બાના ગિલાફને લપેટી દેવો કેવળ એક સાવચેતીપૂર્વકની કાર્યપદ્ધતિ છે, કેમ કે જ્યારે ભીડ ખૂબ જ થવા લાગી તો લોકોની કા'બાના ગિલાફ સાથે ભીડાવા તથા બોસો આપવાની કોશિશના કારણે ખેંચતાણ શરૂ થઈ ગઈ અને કા'બાનો ગિલાફ ફાટવા લાગ્યો અને વળી લોકો તેને તબર્રુક રૂપે પ્રાપ્ત કરવાના માટે ખેંચવા તથા કાપવા લાગ્યા જેનાથી ગિલાફની પવિત્રતા નષ્ટ થવા લાગી એટલા માટે એ ફૈંસલો કરવામાં આવ્યો કે એને માનવ કદથી ઉપર સુધી લપેટી દેવામાં આવે.

આ કપડુ સફેદ રંગનું હોય છે જેથી અવામમાં આપોઆપ કહેવાતુ થઈ ગયું કે આ કા'બાનો એહરામ છે જ્યારે કે કા'બાના ગિલાફને લપેટવું અને સફેદ કપડુ પહેરાવવું તેને મનાસિકે હજજ સાથે કોઈ દૂરનો પણ સંબંધ નથી. ન સુન્નતે મુતહ્હરા તથા સહાબાના યુગમાં એનું અસ્તિત્વ હતું ન તો શરીઅતે પાકમાં એની કોઈ સાબિતી છે, એક વ્યવસ્થાની જરૂરતથી વધીને એની કોઈ હકીકત નથી.

મામૂન રશીદના યુગમાં સફેદ રેશમનું જાડુ કપડુ લપેટવામાં આવતુ હતું પરંતુ બાદમાં સફેદ સામાન્ય પ્રકારનું કપડુ જ લપેટવામાં આવતુ જે ક્રમ આજે પણ ચાલુ છે. *(અઝરકી–કુર્દી)*

ઈબ્રાહીમી યુગથી લઈને રિસાલતકાળ પહેલાં સુધીના ૨૨૦ વર્ષો સુધી કા'બા શરીફનો દરવાજો બારણા વિનાનો રહ્યો. પછી યમનના રાજા તબઅ હમીરીએ ન કેવળ કા'બામાં દરવાજો લગાડયો બલ્કે તાળુ તથા તેની ચાવીની વ્યવસ્થા કરી. એ જ સમયથી એ ચાવી જે ખાનદાનની પાસે રહી અને આજ સુધી છે આ તે જ શયબી ખાનદાન છે. નિઃશંક ! આ એક શાનની મહાનતા દર્શાવતું સન્માન છે જે આ ખાનદાનને પ્રાપ્ય છે. શયબી ખાનદાન કુરૈશના કબીલીની જ એક શાખા છે, જ્યારે કે આં હઝરત ﷺનો સંબંધ કુરૈશ કબીલાની બીજી શાખા સાથે છે.




સુલહે હુદૈબિયાના આગલા વર્ષે હિ.સ. ૦૭માં કરાર અનુસાર ઉમરાના પ્રસંગે આપ ﷺએ કા'બા શરીફની અંદર જવાના માટે ઉષ્માન બિન તલ્હાથી ચાવી માંગી તો તેમણે ઈન્કાર કરી આપ્યો. એના પર આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''ઉષ્માન ! એક દિવસ આવશે જ્યારે આ ચાવી મારા હાથમાં હશે અને જેને હું ચાહીશ તેને આપીશ.'' જેથી એવું જ થયું કે આગલા વરસે હિ.સ. ૦૮માં ફતહે મક્કાના પ્રસંગે આપ ﷺના હવાલે કરી આપી. આપ ﷺએ ચાવી લઈને ખૂદ કા'બા શરીફનો દરવાજો ખોલ્યો અને કા'બા શરીફને શિર્કની સર્વ ગંદકીઓથી પાક કર્યો પછી ગુસ્લ આપવામાં આવ્યું ત્યારબાદ કા'બા શરીફને તાળુ મારીને ચાવી પોતાની પાસે રાખી લીધી. હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે ગનીમત જાણીને અર્ઝ કરી કે, હુઝૂર ! આ ચાવી મને આપી દો ! હજી આપ ﷺએ કોઈ જવાબ આપ્યો ન હતો એવામાં આ આયત મુબારક નાઝિલ થઈ : اِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰى اَهْلِهَا ''લોકોને અલ્લાહના તરફથી એ હુકમ છે કે અમાનતો અમાનતવાળાને સુપરત કરી દેવામાં આવે.'' *(સૂરએ નિસાઅ–૫૮)*

આપ ﷺએ ઉષ્માન બિન તલ્હાને બોલાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે, હવે આ ચાવી હમેશાં હમેશાં માટે હું તમને આપી રહ્યો છું, હવે આ તમારી પાસેથી જાલિમ સિવાય કોઈ છીનવી શકશે નહીં. તે વખતે ઉષ્માન ઈબ્ને તલ્હાના પિત્રાઈ ભાઈ શયબા ઈબ્ને ઉષ્માન પણ ત્યાં મૌજૂદ હતા અને આપ ﷺનું સંબોધન બંનેને સંયુક્ત રીતે હતું. જેથી અમુક અરસા પછી જ્યારે ઉષ્માન બિન તલ્હા હુઝૂરે અકદસ ﷺની મહોબ્બતમાં મદીના જઈને સ્થાયી થઈ ગયા તો એ તમામ સમય દરમ્યાન ચાવી શયબા ઈબ્ને ઉષ્માનની પાસે રહી. ઉષ્માન બિન તલ્હા જ્યારે ફરીવાર મક્કા આવ્યા તો ચાવી તેમની પાસે રહી. પુત્રવિહોણા હોવાના કારણે હઝરત મુઆવિયાના કાળમાં જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો ચાવી ફરી શયબા ઈબ્ને ઉષ્માનની પાસે આવી ગઈ અને ત્યારથી આજ સુધી ચાવી એ જ ખાનદાનની પાસે છે. *(તબકાતે ઈબ્ને સઅદ)*

## કા'બા શરીફની ચાવી

પૂરાણા જમાનાથી કા'બાના ગિલાફની સાથે જ એક ખાસ થેલી પણ તૈયાર કરવામાં આવતી હતી જે કા'બાની ચાવીના માટે રહેતી. એ થેલી લીલા રેશમી કપડાની રહેતી હતી જેના પર સોનાના તારોવાળુ સીવણનું કામ થતુ હતું. એ થેલીની એક બાજુ આ આયત اِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰى اَهْلِهَا *(સૂ. નિસાઅ્)* અને બીજી તરફ આયત اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ અને મોકલનારા બાદશાહનું નામ કોતરેલુ હોતું ચાવી ચાંદીની રહેતી જેના પર સોનાની કલઈ હોતી, અને ખાસ્સી લાંબી હોતી.

હવે જ્યારે કે કા'બાનો ગિલાફ જ્યારે ખૂદ મક્કા મુકર્રમામાં સઊદી હુકૂમતની તરફથી તૈયાર કરવામાં આવે છે જેથી આ થેલી પણ ત્યાં જ બનાવવામાં આવે છે અને એના પર પણ એ જ રીતે સોનાના તારોવાળુ સીવણ એક બાજુ સૂરએ નિસાઅ્ની આયત ઉપર દર્શાવેલ તથા બીજી તરફ સઊદી રાજાનું નામ કોતરેલુ હોય છે. કા'બા શરીફનો હાલનો દરવાજો મલિક ખાનદાન ઈબ્ને અબ્દુલ અઝીઝના યુગમાં સોનાનો લગાડવામાં આવ્યો તો એની ચાવી પણ સોનાની બનાવવામાં આવી છે જે પહેલાં કરતાં માપમાં નાની છે, એટલે કે કુલ લંબાઈ ૫૦૦ સે.મિ. છે અને અને તેનું વજન અડધા કિલો જેટલું છે. આ એક જ ચાવી છે અને એ જ પ્રમાણે તાળુ પણ સોનાનું તથા નવુ છે. *(તારીખે કા'બા)*..........*ક્રમશઃ*



# મસ્લકે આ'લા હઝરત શા માટે ?

રજૂકર્તા..............
**અબ્દુર્રઉફ યાકૂબ પટેલ–પાલેજ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સૌથી પહેલાં આપ એ વાત સમજી લો કે મસ્લકે આ'લા હઝરત કોઈ નવો મસ્લક નથી. સહાબાએ કિરામ, તાબઈન, તબએ તાબઈન, સાલેહીન અને ઉલમાએ ઉમ્મત જે મસ્લક પર હતા તેને જ મસ્લકે આ'લા હઝરત કહેવામાં આવે છે. વાસ્તવમાં આ નામ રાખવાનું કારણ એ છે કે લગભગ બે સદી પહેલાં જમીન પર કેટલાક નવા ફિર્કાઓએ જન્મ લીધો અને તે ફિર્કાઓના ઝંડાધારીઓ અહલે સુન્નત વ જમાઅતના અક઼ાઈદ અને મા'મૂલાતને શિર્ક તથા બિદઅત કહેવા લાગ્યા. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ વહાબી મસ્લકને ફેલાવવા માટે જે કિતાબ "તક઼વિયતુલ ઈમાન" નામથી સંપાદન કરી તેમાં ઈલ્મે ગૈબે મુસ્તફા ﷺ, હાઝિર નાઝિર, શફાઅત, મદદ માંગવી, નિદાએ યા રસૂલલ્લાહ ! ﷺ (નબીને પોકારવું), હયાતુન્નબી ﷺ, ઈખ્તિયારાતે નબી ﷺ વગેરે દરેક અક઼ાઈદને મઆઝલ્લાહ ! કુફ્ર અને શિર્ક ઠરાવ્યા. જયારે કે આ દરેક અક઼ાઈદ (અક઼ીદા) પ્રથમ દિવસથી જ કુર્આન અને સુન્નતથી સાબિત છે. એવી જ રીતે મીલાદ, કિ઼યામ, સલાતો સલામ, ઈસાલે સવાબ, ઉર્સ આ દરેક કાર્ય જે સદીઓથી અહલે સુન્નત વ જમાઅતમાં ચાલે છે અને ઉલમાએ અહલે સુન્નતે આને સવાબનો સબબ કહ્યો છે, પણ નવા ફિર્કાઓના ઝંડાધારીઓએ આ અક઼ાઈદ અને મા'મૂલોને શિર્ક બિદઅત કહી પોતાની તાક઼ત તેમને મિટાવવામાં ખર્ચ કરી, આ જમાનામાં ઉલમાએ અહલે સુન્નતે પોતાની ક઼લમથી અક઼ાઈદ અને મા'મૂલોની હિફાઝત કરી અને લખાણો વડે તથા તક઼રીરો થકી અને મુનાઝરા કરી વિરોધીઓના દરેક વાંધાઓના જડબા તોડ જવાબ આપ્યા.

અક઼ાઈદની આ હંગામાના યુગમાં બરેલીની ધરતી પર ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ તશરીફ લાવ્યા, આપ એક જબરદસ્ત આલિમ હતા. અલ્લાહ તઆલાએ આપને અનહદ ઈલ્મી લાયકાતોથી માલમાલ કર્યા હતા અને આપ ૫૫ ઈલ્મોમાં મહારત ધરાવતા હતા, ખાસ કરીને ઈલ્મે ફિક઼્હમાં આપના યુગમાં કોઈ આપ જેવું ન હતું. આ'લા હઝરતની ઈલ્મી લાયકાતો તે લોકો પણ માને છે જે આપના વિરોધી તથા દુશ્મન છે. આપે આપના દૌરના ઉલમાએ અહલે સુન્નતને જોયા કે તેઓ બાતિલ ફિર્કાઓના વાંધાઓના જવાબો આપીને અક઼ાઈદે અહલે સુન્નતની હિફાઝત કરી રહ્યા છે, તો આપે પણ આ અઝીમ ખિદમત માટે ક઼દમ ઉઠાવ્યો અને અહલે સુન્નતના અક઼ાઈદના સુબૂતમાં દલીલોનો અંબાર લગાડી આપ્યો. એક એક અક઼ીદાના સુબૂતમાં કેટકેટલી કિતાબો લખી, સાથે સાથે જે મા'મૂલો આપના જમાનામાં ચાલતા હતા તેમાંથી જે કુર્આન અને સુન્નતના પ્રમાણે હતા આપે તેનું સમર્થન કર્યું અને જે કુર્આન અને સુન્નતના વિરુદ્ધ હતા આપે તેને રદિયો આપ્યો. આવી જ રીતે અસંખ્ય વિષયો પર એક હજાર (૧૦૦૦)થી વધુ કિતાબોનો મોટો ઝખીરો મુસલમાનોને અતા કર્યો. આપે બાતિલ ફિર્કાના રદમાં અને આ મા'મૂલોના સમર્થનમાં જે અઝીમ ખિદમત અંજામ આપી તેના લીધે ઓલમાએ અહલે સુન્નતની સફમાં સૌથી અધિક મશ્હૂર થઈ ગયા અને અક઼ાઈદે અહલે સુન્નતની જબરદસ્ત વકાલત કરવાના કારણે આ અક઼ાઈદ ઈમામ અહમદ રઝાની જાત પર સંબંધિત થવા લાગ્યા, અને હવે હાલ એ છે કે આપની જાત અહલે સુન્નતની એક અઝીમુશ્શાન જાત હોવાની હૈસિયતથી સ્વીકારી લેવામાં આવી છે. આ જ કારણે કોઈ હિજાઝી અથવા શામી અને યમની અથવા ઈરાકી અને મિસ્રી પણ મદીના મુનવ્વરામાં "યા રસૂલલ્લાહ ! ﷺ" કહે છે તો નજદી તેને બરેલ્વી જ કહે છે, જો કે બરેલી શહેરથી તેનો કોઈ સંબંધ નથી. તેવી જ રીતે કોઈ "اَسْئَلُكَ الشَّفَاعَةَ يَا رَسُوْلَ الله" કહીને નબીએ કરીમ ﷺથી શફાઅત ચાહે છે તો તે અરબનો રહેવાસી કેમ ન હોય પણ વહાબી તેને બરેલ્વી જ કહે છે. જયારે કે બરેલ્વી તેને કહેવો

જોઈએ જે બરેલી શરીફનો રહેવાસી હોય, પણ તમે તેનું કારણ સમજી શકો છો કે આ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના તે અક઼ાઈદ છે જેનું ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ દલીલો વડે જોરશોરથી સમર્થન કર્યું, અને તે અક઼ાઈદના સુબૂતમાં સૌથી સારી ખિદમત અંજામ આપી, જેના કારણે આ સર્વ અક઼ાઈદ ઈમામ અહમદ રઝાથી એ રીતે સંબંધિત થઈ ગયા છે કે દુનિયાનો કોઈ પણ મુસલમાન જો આ અક઼ાઈદનો માનવાવાળો હોય તો તેને આપની તરફ જ સંબંધિત કરતાં 'બરેલ્વી' કહેવામાં આવે છે. હવે જ્યારે કે જમીન પર કેટલાક (બાતિલ ફિર્કા વહાબી દેવબંદી) ફિર્કા જન્મ લઈ ચૂક્યા છે, તેમાં અહલે સુન્નત વ જમાઅતની પહેચાન કરવી મુશ્કેલ થઈ ગઈ છે. કારણ કે દેવબંદી પણ પોતાને અહલે સુન્નત જાહેર કરે છે. જ્યારે કે દેવબંદીના અક઼ાઈદ પણ તે જ છે જે વહાબીઓના છે, ફર્ક કેવળ એટલો જ છે કે વહાબી પોતાને 'અહલે હદીષ' કહે છે, અને ચાર ઈમામોમાંથી કોઈની તક઼લીદ નથી કરતા અને દેવબંદી તક઼લીદ કરે છે, પણ વહાબીના અક઼ાઈદને સાચા માને છે. વર્તમાનકાળમાં અસલ અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? આ જાણવું ઘણુ જ મુશ્કેલ છે. આ જ કારણે આપણા ઉલમાએ કિરામે અહલે સુન્નત વ જમાઅતને બીજા ફિર્કાઓની અલગ થલગ રાખવા માટે "મસ્લકે આ'લા હઝરત"નો ઈસ્તેમાલ કરવું બરાબર સમજ્યા. આનો સૌથી મોટો ફાયદો એ છે કે હવે જો "મસ્લકે આ'લા હઝરત"નો માનવાવાળો હશે તો તેના બારામાં આપમેળે સાબિત થઈ જશે કે આ ઈલ્મે ગયબ, હાઝિર અને નાઝિર, મદદ માંગવી, શફાઅત વગેરેને માનવાવાળા છે અને મા'મૂલાતે અહલે સુન્નત ઈદે મીલાદુન્નબી ﷺ, ક઼યામ, સલાતો સલામને પણ સવાબનો સબબ સમજનાર છે. જો કોઈ એવું કહે કે કેવળ પોતાને સુન્ની કહેવું પૂરતુ છે, તો હું કહું છું કે જો કોઈ માણસ પોતાને સુન્ની કહે તો તમે તેને શું સમજશો ? કયો સુન્ની ? ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની તક઼લીદ કરવાવાળો ? વહાબી અક઼ાઈદને માનવાવાળો ? અથવા તો "યા રસૂલલ્લાહ ! ﷺ" કહેવાવાળો ? સાફ છે કે કેવળ સુન્ની કહેવાથી કોઈ માણસ ઓળખાશે નહીં, પણ કોઈ પોતાને બરેલ્વી સુન્ની કહે તો તરત જ સમજાઈ જશે કે આ હનફી પણ છે અને સાચો સુન્ની પણ છે અથવા કોઈ પોતાને "મસ્લકે આ'લા હઝરત"ને માનવાવાળો કહે તો પણ તે મુસલમાનના અક઼ાઈદ અને માન્યતાનોની પૂરેપૂરી જાણકારી થઈ જાય છે.

અહલે ઈમાનને દરેક યુગમાં પહેચાનની જરૂરત પડી છે. જુઓ ! મક્કાની વાદીઓમાં જ્યારે ઈસ્લામની દા'વત આમ થઈ તો તે સમયે દરેક ઈમાનવાળાને મુસલમાન કહેતા હતા અને જ્યારે પણ કોઈ કહેતુ કે હું મુસલમાન છું તો તે માણસના બારામાં તરત જ જાણવામાં આવતુ હતું કે આ અહલે સુન્નત વ જમાઅતથી છે. એટલે કે ખુદા એક છેની ગવાહી આપે છે અને નબીએ કરીમ ﷺની રિસાલતને માને છે અને આપ ﷺની આપેલ તા'લીમ પર અમલ કરે છે. પણ એક સદી પણ ન ગુજરી હતી કે અહલે ઈમાનને પોતાની પહેચાન માટે એક લફ્ઝની જરૂરત માલૂમ પડી, અને તે લફ્ઝ "સુન્ની" છે. કારણ એ હતું કે એક "શીઆ" ફિર્કો પેદા થયો અને તેઓએ મઆઝલ્લાહ ! હઝરત સૈયદના સિદ્દીકે અકબર, હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ, હઝરત સૈયદના ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર લાનતાન કરવું શરૂ કર્યું અને તેમાં હદથી આગળ વધી ગયા, પણ તેઓ પોતાને મુસલમાન કહેતા હતા જેથી અહલે સુન્નતે આવા યુગમાં પોતાને "સુન્ની મુસલમાન" કહ્યા.

જો કોઈ પોતાને કેવળ મુસલમાન કહેતો તો એ સવાલ ઉભો થતો કે આ કયો મુસલમાન છે ? હઝરત સૈયદના સિદ્દીકે અકબર, હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ, હઝરત સૈયદના ઉષ્માને ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعینને માનવાવાળો છે અથવા તેમના પર લાનતાન કરવાવાળો ? પણ જો કોઈ પોતાને સુન્ની મુસલમાન કહેતો તો સમજમાં આવી જતું કે આ ચારેવ ખલીફાને માનવાવાળો છે. આ રીતે ખલીફાઓ પર લાનતાન કરવાવાળા રાફજીઓના વિરુધ્ધમાં અહલે સુન્નતની એક અલગ ઓળખ થઈ ગઈ તે "સુન્ની મુસલમાન".

આ મામલામાં કેટલાક લોકો એવું કહે છે કે હનફી, શાફઈ, હંબલી, માલિકી આ ચાર મસ્લક તો પહેલાંથી

છે, તો આ પાંચમો મસ્લક "મસ્લકે આ'લા હઝરત" કેમ કહેવામાં આવે છે ?! તો તેમને ખબર હોવી જોઈએ કે મસ્લકે આ'લા હઝરત એ કોઈ પાંચમો મસ્લક નથી પણ તેનો મતલબ જ એ છે કે ચાર મસ્લક હનફી, શાફઈ, હંબલી, માલિકી હક્ક઼ છે અને તેમાંથી કોઈ એકની તક઼લીદ વાજિબ છે, અને આજ વાત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોથી સાબિત છે. જેથી જો કોઈ શાફઈ અથવા હંબલી પણ પોતાને મસ્લકે આ'લા હઝરતથી મનસૂબ કરે તો તેનો મતલબ એ જ છે કે તે શાખાકિય બાબતોમાં પોતાના ઈમામની તક઼લીદના સાથે સાથે અક઼ાઈદ અને મા'મૂલાતે અહલે સુન્નતનો માનવાવાળો છે. રહ્યો એ સવાલ કે આ એક પાંચમો મસ્લક છે, તો અમે વહાબીઓ દેવબંદીઓને ચેલેંજ આપીએ છીએ કે તે સાબિત કરીને બતાવે કે ઈમામ અહમદ રઝા એ કોઈ પણ અક઼ીદાનું સમર્થન કુર્આન અને સુન્નતની દલીલ વગર કર્યું છે. કોઈ પણ વિષયે તમે તેમની કિતાબ ઉઠાવીને જોઈ લો તો દરેક અક઼ીદાના સબૂતમાં તેમણે કુર્આનની આયતો, હદીષો અને ઉલમાએ ઉમ્મતના ક઼ૌલ રજૂ કર્યા છે. હક્ક઼ને સમજવા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોનો અભ્યાસ કરવો જોઈએ તો અભ્યાસ દરમ્યાન આપને મેહસૂસ થશે કે આ'લા હઝરત એ જ કહે છે જે ૧૪૦૦ વર્ષના યુગના ઉલમા અને ફક઼ીહો કહેતા રહ્યા છે. હજુ પણ કોઈને ઈત્મિનાન થયો ન હોય અને તે મસ્લકના શબ્દને આ'લા હઝરતની તરફ સંબંધિત કરવાથી વિરુદ્ધ હોય અને એવું સમજતો હોય કે આ એક નવો મસ્લક છે, તો તે વહાબી દેવબંદી રોકાઈ જાય અને મારા એક સવાલનો જવાબ આપે કે મોલ્વી મુહમ્મદ ઈકરામ જે દેવબંદીઓના ભરોસાપાત્ર છે, તેમણે મૌઝે કૌષરમાં શાહ વલીઉલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના અક઼ાઈદ અને નઝરીયાત (માન્યતાઓ)ની ચર્ચા કરતાં વારંવાર "મસ્લકે વલીઉલ્લાહ" શબ્દનો ઉપયોગ કર્યો છે, તો શું ચાર મસ્લકથી અલગ આ "મસ્લકે વલીઉલ્લાહ" કોઈ પાંચમો અને નવો મસ્લક છે ? આ પ્રશ્નનો જે જવાબ તમારો હશે તે જ અમારો પણ છે.

**મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !**

પેજ નં. ૦૨ નું ચાલુ...

ઢાળી દેવું, અસંખ્ય લોકોને ઘાયલ કરવા, મકાનો જમીન દોસ્ત કરવાં એવો કાળો કેર વર્તાવવાથી શું આતંકવાદ ઓર નહીં ભડકે ?! જે લોકો તબાહ થઈ રહ્યા છે તેમનામાં શું બદલાની ભાવના ઉત્તેજીત નહીં થાય ? તો શા માટે અમેરિકા–ફ્રાંસ વગેરે ઈઝરાઈલને નાકાબંધી હટાવવા તથા બોંબ મારો રોકવા કહેતું નથી ? અમેરિકા આતંકવાદનો ખાત્મો ખરેખર ચાહે છે તો તેણે આ જુલ્મો રોકવા પડશે, નહીં તો આતંકવાદ ઓર ભડકશે જ.

ઈરાકના સદ્દામ હુસૈને કુવૈતનો તે હિસ્સો જે પહેલાં ઈરાકનો હતો તેને કબ્જે કરવા કુવૈત પર હુમ્લો કર્યો તો અમેરિકા, બ્રિટન, ફ્રાંસ વગેરેએ સાથે મળીને ઈરાક પર હુમ્લો કર્યો અને તેને પીછેહઠ કરાવી. ત્યારબાદ ફરી કેવળ એ જૂઠો આક્ષેપ લગાડીને કે, "ઈરાક પાસે રાસાયણિક શસ્ત્રો છે" અને ઈરાકનો તથા સદ્દામનો સફાયો કરી નાખ્યો ! તો આ દુનિયાના ક઼ાઝી અમેરિકાને દેખાતુ નથી કે ૧૯૪૮થી અત્યાર સુધીમાં યહૂદી આતંકવાદીઓએ પેલેસ્ટાઈનને કેટલું લૂટયું તથા પીખ્યું છે ? તેના સામે કાર્યવાહી કેમ નહીં ?!

સીધુ છે કે આ યુદ્ધ સીધુ ઈસ્લામ તથા મુસ્લિમ વિરુદ્ધ ગમે તે બહાને ક્રમે ક્રમે આગળ વધી રહ્યું છે અને પ્લાન એ છે કે દુનિયામાંથી મુસ્લિમોનો સફાયો કરવામાં આવે.

આ સંજોગોમાં અમેરિકાના ગુલામ એવા અરબ રાષ્ટ્રોની ફરજ બને છે કે કેવળ ઈસ્લામ તથા મુસ્લિમોની રક્ષા કાજે અમેરિકા તથા ઈઝરાઈલ સામે વિરોધ નોંધાવે, અવાજ ઉઠાવે અને સંગઠિત થઈને કાર્યવાહી શરૂ કરે. પણ જેમનાં ઘરોમાં ઈસાઈ યહૂદી હુસ્નની પરીઓ પલી રહી હોય અને ઐયાશીઓ થઈ રહી હોય, તે આ એક રીતની યહૂદીની ઈસાઈની ઔલાદનું લોહી ક્યાંથી ઈસ્લામ કે મુસ્લિમો માટે તપી શકે ?!

'મુસ્લિમ ટાઈમ્સ'માં વાંચ્યું કે આ સ્થિતિ જોઈને જ 'રઝા એકેડમી–મુંબઈ'ના સેક્રેટરી જનાબ સઈદ નૂરી સાહબે એક પત્ર સાથે બંગડીઓ તથા ઓઢણીઓની ભેટ સઊદી અરબ, ઓમાન, કુવૈત, ક઼તર, સીરીયા, તુર્કી, ઉરદુન વગેરેના એલચીઓને પહોંચાડી તેમની ઈમાની ગૈરતને ઝંઝોળવા કોશિશ કરી છે. પણ રાખમાં ક્યાંથી હુંફ મળે ! છતાં એમને અમારા તરફથી મુબારકબાદ છે કે ઐયાશ અરબોના હિજડાપણાનુ એલાન કરીને તેમણે તેમને સરસ રીતે લલકાર્યા છે.

# ઈસ્લામમાં નિકાહનું મહત્વ

અને

# વર્તમાન જગત

(લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ)

રજૂકર્તા : **મુહમ્મદ તૌફીક રઝવી પેટલાદી**
(મુતઅલલ્લિમ : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)

હાલમાં જ વિશ્વ વિખ્યાત કહેવાતા વિદ્યા ધામ એમ. એસ. યુનિવર્સિટી વડોદરાના શરમજનક સમાચાર વર્તમાન પત્રોમાં ચમક્યા કે એક વાસનામાં પાગલ બનેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એક ખાલી કલાસ રૂમમાં પૂરાઈ ગયાં અને કઢંગી હાલતમાં ઝડપાઈ ગયાં ! (આ છે વર્તમાન શિક્ષણનું ફળ !) તેમના વાલીઓને બોલાવી માફી પત્રો લખાવી તેમને જવા દેવામાં આવ્યાં. આ અને આવા બનાવો ત્યાં અને બીજે ઠેર ઠેર અને અવાર નવાર બનતા રહે છે, બલ્કે વર્તમાન પત્રો દર્શાવે છે કે યૂરોપ અમેરિકામાં તો સ્કૂલના ૧૪–૧૫ વરસના છોકરા છોકરીઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ તથા કોન્ડમની સગવડ સ્કૂલ તરફથી રાખવામાં આવે છે ! તો એથી અધિક વયના કોલેજ યુનિ.ના યુવાન યુવતીઓની હાલત તો ખુદા ખૈર કરે ! વર્તમાન વિદ્યાના ધામોની આ હાલત છે. આખુ કલ્ચર વ્યભિચારી બની રહ્યું છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! ત્યાં વ્યભિચારને ઐબ કે શરમની ચીજ સમજવામાં જ નથી આવતું બલ્કે ત્યાંની ગવર્નમેન્ટો એટલી મજબૂર થઈ ગઈ છે કે સ્ત્રી પુરૂષને વગર નિકાહે 'લાઈફ પાર્ટનર' તરીકે સાથે રહેવાની કાયદેસર છૂટ આપવામાં આવી છે, બલ્કે આપણા સુસંસ્કૃત ભારતની સંસ્કૃતિ પણ ખરડાઈ રહી છે કે હવે ઈન્ડિયામાં પણ એની છૂટ થઈ ગઈ છે !

## વર્તમાન જગતની ચિંતાજનક સ્થિતિ

વ્યભિચાર આમ થઈ રહ્યો છે, આજે વિવિધ બહાને હોટલો, કલબો કે ફાર્મ હાઉસો પર ડાન્સ પાર્ટીઓમાં બેહયાઈનાં દશ્યો સર્જાય છે અને છેવટે તો વ્યભિચારના સંબંધોમાં તેનું પરિણામ આવે છે. કેટલીક કૌમોમાં ધાર્મિક તહેવારોમાં પણ ફેશન પ્રદર્શન, નગ્નતા પ્રદર્શન સાથે સ્ત્રીઓ પુરૂષોના ખેલકૂદ તથા ધીંગા મસ્તીના પ્રસંગો ધર્મના નામે થાય છે જેનું પરિણામ પણ વ્યભિચારમાં પરિણામે છે અને એવા સંબંધો છેવટે હરામની ઔલાદોની ભેટ સમાજને આપે છે, તો વળી ક્યાંક ઉકરડાઓ કે રોડની ગટરોમાંથી નવ જન્મ પામેલ મૃત બાળકો મળે છે જે કોઈકના પાપોનું પરિણામ હોય છે. વળી ક્યાંક આવા ખરાબ સંબંધોને અંતે જીવનમાં નિરાશામાં ઘેરાતાં કાંઈ કેટલી યુવતીઓ આપઘાત પણ કરી લે છે.

દરેક સમજુ વ્યક્તિ ચાહે તે ગમે તે ધર્મની હોય તે સમજે છે કે આ સર્વ ચીજો ખરાબ અતિ ખરાબ તથા સમાજની વ્યવસ્થામાં ભંગાર પાડી રહેલ છે. અને સુઘડ સભ્ય સમાજને તબાહીની ગર્તામાં ધકેલી રહેલ છે અને એક બેશરમીભરી ગંદી કુસંસ્કૃતિ સમાજ વ્યવસ્થાને પીંખી રહેલ છે અને માનવ સમાજને કલૂષિત કરી રહેલ છે. જેમ કે સમાજના બુદ્ધિજીવીઓ હવે પોતાના પ્રતિભાવો દર્શાવી રહ્યા છે કે યુવા પેઢી પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરી રહી છે.

''આ પ્રશ્ને સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરના સાયકોલોજી ડિર્પાટમેન્ટના સમીર પટેલે કહ્યું કે આજે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ આજની યુવા પેઢી કરી રહી છે. મેટ્રો સીટીનો નવો ખયાલ લીવ ઈન રીલેશનશીપ પણ જોવા મળે છે.

એકલતામાં જ ફ્રીડમ મળે એ લગ્ન પછી નથી મળતી એવો ખયાલ હોય છે. ફિલ્મી સ્ટાઈલથી મજા માણવા જોઈએ છે તથા મગજમાં એવો ખયાલ હોય છે કે લગ્ન સંબંધ બહુ ચાલતો નથી એવું તારણ જાતે જ કાઢી લે છે. મોટાભાગે લગ્નને એક બંધન ગણી લે છે.

તેમજ આ જ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ડો. આમ્રાપાલીબેન મર્ચન્ટે જણાવ્યું હતું કે જ્યારે વધુ જાગૃકતા હોય ત્યારે વ્યક્તિ લગ્નને એક બંધન ગણે છે. લગ્નથી મારો વિકાસ રુંધાઈ શકે છે, લગ્ન જરૂરી નથી. પરંપરાગત રીતે બંધન બાંધવામાં

આજની યુવા પેઢી તૈયાર નથી. લીવ ઈન રીલેશનશીપ (નિકાહ વિના સાથે જીવવું) મેટ્રોમાં છે હજુ નાના શહેરમાં આ ચલણ ઓછુ છે છતાં લગ્ન બાહ્ય સંબંધો જોવા મળે છે. *(ગુ. સ. તા. ૧૩-૧-૨૦૦૯)*

## સમાજની પવિત્રતા નિકાહમાં જ છે

આવો ! હવે આ સંબંધે ઈસ્લામ શું કહે છે તે જુઓ ! ઈસ્લામમાં પર સ્ત્રીને જોવું, તાકવું હરામ છે, પર સ્ત્રીને જોવું આંખનો ઝિનો, હાથ પગથી સ્પર્શવું હાથ પગનો ઝિનો, બિભત્સ વાતો કરવી જીભનો ઝિનો છે અને એની સજા જહન્નમની આગ છે. હદીષે પાકમાં છે :–

પ્યારા આકા ﷺએ ફર્માવ્યું, (અર્થ) : **શિર્ક પછી અલ્લાહની નજીક આ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી ઔરતના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી એટલે કે જાઈઝ, કાયદેસરની પત્ની નથી.**

આ છે ઈસ્લામની પવિત્રતા ! આવો ! એ સંબંધે ઈસ્લામની 'નિકાહ'ની વ્યવસ્થાનું મહત્વ સમજી લઈએ.

સૌથી પહેલાં અલ્લાહ તઆલાએ પોતાના દસ્તે કુદરતથી હઝરત આદમ علیہ السلام ને બનાવ્યા અને તેમને જન્નતમાં રાખ્યા. તે જન્નત જેના માટે લોકો તરસી રહ્યા છે, જે અલ્લાહની નેઅમતોમાંથી બહુ મોટી નેઅમત છે. પણ જન્નતમાં હઝરત આદમ علیہ السلام એકલા હતા અને એકલા હોવાથી દિલ લાગતું ન હતું, અલ્લાહ તઆલાએ પોતાના બંદા હઝરત આદમ علیہ السلامના દિલની તસલ્લીના માટે હઝરત હવ્વા رضی اللہ عنہاને પેદા કર્યા અને ત્યાર પછી હઝરત આદમ علیہ السلامએ મહેર અદા કરી અને તેમનો નિકાહ હઝરત હવ્વા સાથે થઈ ગયો. અને બંનેવ જન્નતમાં ખુશી ખુશી હરવા ફરવા લાગ્યાં. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"અને અમે ફર્માવ્યું, અય આદમ ! તું અને તારી પત્ની પેલી જન્નતમાં રહો અને ખાવ તેમાંથી રોક ટોક વગર જ્યાં તમારો જીવ ઈચ્છે." *(કન્ઝુલ ઈમાન, સૂ. બકરહ્, પા. ૧, આ. ૩૫)*

આથી જાણવા મળ્યું કે સૌથી પહેલાં નિકાહ જન્નતમાં હઝરત આદમ علیہ السلامનો થયો હતો. નિકાહ ઈન્સાનની એક બુનિયાદી અને પ્રાકૃતિક જરૂરત છે તેનાથી કોઈપણ બુદ્ધિવાળો ઈન્સાન ઈન્કાર નથી કરી શકતો. એટલા માટે દુનિયાના બધા ધર્મોમાં નિકાહ વિવિધ રૂપમાં થાય છે પણ, લગભગ બધાએ નિકાહને ફક્ત એક રિવાજી જરૂરત અને ખુશી આનંદ માણવાના તથા મોજ મસ્તીના ઝરિયાથી વિશેષ સમજવાની કોશિશ નથી કરી. પણ ઈસ્લામે નિકાહને ફક્ત મોજ મસ્તી કે રિવાજી જરૂરત નહીં, બલ્કે એક મહત્વનો અમલ ઠરાવ્યો કે જેનાથી મુસલમાન હુકૂકુલ્લાહ અને એકબીજાની જિમ્મેદારીઓ અને સિલાએ રહમી (સગાસંબંધી સાથે સદ્વર્તાવ) અને તક્વા માટેની જિમ્મેદારીઓ અદા કરે છે.

## ઈસ્લામમાં સન્યાસી થવું જાઈઝ નથી

જિંદગી ગુજારવા માટે સ્ત્રી અને પુરૂષનું એક સાથે હોવું જરૂરી છે. પણ, બંનેવનું એક સાથે રહેવું એ કઈ રીતે જાઈઝ થાય ? તે માટે પણ ઈસ્લામે એક અનોખા અને સાફ સુથરાઈવાળો તરીકો આપ્યો છે જેને નિકાહ કહેવાય છે. ઈસ્લામ મધ્યમમાર્ગી જીવન પદ્ધતિ શીખવાડે છે. **જેવી રીતે વગર નિકાહે પર સ્ત્રીથી સંભોગ હરામ છે તેવી જ રીતે દુનિયાનો ત્યાગ પણ ઈસ્લામમાં જાઈઝ નથી.** કોઈ એમ કહે છે કે હું તો એકલો જિંદગી ગુઝારી લઈશ, નિકાહ નહીં કરું, જંગલોમાં રહી લઈશ, ઘાસ પાંદડાં ખાઈ લઈશ, સ્ત્રીનું મોં પણ નહીં જોઉં ! એવી જ રીતે કોઈ સ્ત્રી સન્યાસી બની જઈ જિંદગી ગુઝારવા લાગે, પુરૂષના પડછાયાથી દૂર રહે, તો આ બધી વાતો મૂર્ખામીની વાતો છે. એ રીતે જીવવું અતિ મુશ્કેલ છે અને ક્યારેક આવી રીતે જિંદગી ગુજારવાવાળાઓની ખબરો સમાચારોમાં વાંચવા સાંભળવા મળતી રહે છે કે અમુક કહેવાતા સન્યાસી સાધુ બાવાઓ જે મંદિરોના કક્ષમાં કેવાં કેવાં કામો કરે છે ! તે કોઈનાથી

પણ છુપાયેલ નથી, પણ કુર્બાન જાવ ઈસ્લામ પર કે જેણે ઈન્સાનને ગુનાહોથી રોકવા માટેનું હથિયાર (નિકાહ) આપ્યું અને આપણા પ્યારા નબી ﷺએ ફર્માવી આપ્યું, **''ઈસ્લામમાં રહબાનિયત (સન્યાસીપણુ) નથી.''**

એટલે ઈસ્લામમાં નિકાહ ન કરવા, દુનિયા ત્યાગ કરીને રહેવું તેવું કાંઈ જ નથી. બલ્કે જોઈ લો ! કુર્આનમાં અલ્લાહ તઆલા નિકાહનો હુકમ આપે છે અને ઈર્શાદ ફર્માવે છે :–

''અને નિકાહ કરી આપો પોતાનાઓમાં તેમનો જે નિકાહ વગરના હોય અને પોતાના લાયકાતવાળા ગુલામો અને ગુલામ સ્ત્રીઓનો, જો તેઓ ફકીર હશે તો અલ્લાહ તેમને ગની કરી આપશે પોતાની કૃપાથી, અને અલ્લાહ વિશાળતાવાળો ઈલ્મવાળો છે.'' *(કન્ઝુલ ઈમાન, પા. ૧૮, સૂ. નૂર, આ. ૩૨)*

અને બીજી જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે :–

''તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર. વળી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શકશો નહીં તો એક જ કરો.'' *(કન્ઝુલ ઈમાન, પા. ૪, સૂ. નિસા, આ. ૩)*

આનાથી જાણવા મળ્યું કે નિકાહ કરવા માટે ખૂદ ખુદા તઆલાએ પણ લોકોને હુકમ આપ્યો અને આપણા નબી ﷺએ પણ નિકાહ કર્યા અને અંબિયાએ કિરામે પણ નિકાહ કર્યો. જેમ કે હઝરત આદમ علیہ السلام, હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ બે નિકાહ કર્યા. અને તેમના બે દિકરા હઝરત ઈસ્હાક અને હઝરત ઈસ્માઈલ علیہ السلامએ પણ નિકાહ કર્યા. હુસ્નના પયકર હઝરત યૂસુફ علیہ السلام, હઝરત સુલૈમાન علیہ السلام, હઝરત ઐયૂબ علیہ السلام અને અવલિયાએ કિરામે પણ નિકાહ કર્યા જેવી રીતે કે હઝરત ગૌષે આઝમ, હઝરત ખ્વાજા ગરીબ નવાઝ, હઝરત ફરીદુદ્દીન ગંજ શકર, હઝરત મખ્દૂમ શાહ માહિમી, હઝરત હાજી અલી, હઝરત શાહ વજીહુદીન અલ્વી–અહમદાબાદ, હઝરત શાહે આલમ, હઝરત સૈયદી વ સનદી સૈયદ આલે રસૂલ મારહરવી, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, મુફતીએ આ'ઝમે હિંદ. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

અને અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ નિકાહ કર્યા અને આપણને નિકાહ કરવાનો હુકમ આપ્યો. સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ આપણને ઈર્શાદ ફર્માવ્યો :–

અય જવાનો ! તમારામાં જે લોકો ઘર વસાવવાની તાકાત રાખે તે નિકાહ કરે, કેમ કે નિકાહથી આંખોમાં હયા આવે છે અને શર્મગાહ ગુનાહોથી મેહફૂઝ રહે છે અને જે નિકાહ કરવાની તાકાત ન ધરાવતો હોય તે રોઝા રાખે, કેમ કે રોઝાથી નફસાની ખ્વાહિશાતો (વાસના) તૂટે છે.

અને એકબીજી હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જે ખુદાથી પાક સાફ થઈને મળવા ચાહે તે આઝાદ સ્ત્રીથી નિકાહ કરે.

તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ તઆલા ત્રણ લોકોની મદદ કરે છે : એક એ જે અલ્લાહની રાહમાં જેહાદ કરે, બીજો એ કે મકાતિબ અને ત્રીજો શખ્સ એ છે કે, ''જે પાકદામનીના ઈરાદાથી નિકાહ કરે.''

અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે :–

''જયારે તમારામાંથી કોઈ નિકાહ કરે છે તો શયતાન કહે છે, હાય અફસોસ ! ઈબ્ને આદમે (આદમના પુત્રએ) મારાથી પોતાનો અડધો દીન (ઈસ્લામ) બચાવી લીધો.'' સુબ્હાનલ્લાહ ! નિકાહ કરવાથી ફક્ત ફાયદાઓ જ નથી પણ સાથે સાથે પોતાના મઝહબે ઈસ્લામ પર અડગતાથી રહેવાનો પણ ફાયદો છે.

બીજી એક હદીષમાં આપણા પ્યારા આકા નિકાહ કરવાની તાકીદ ફર્માવે છે કે, ''જે મારી સુન્નતથી મોં ફેરવે તે મારા રસ્તા પર નથી, નિકાહ કરવા મારી સુન્નત છે જે મારાથી મહોબ્બત કરે છે તે મારી સુન્નત પર અમલ કરે એટલે કે નિકાહ કરે.''

## નિકાહ હુઝૂરની અઝીમ સુન્નત

હઝરત હમીદ બિન હમીદ તવીલથી રિવાયત છે કે એમણે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યું છે કે, ત્રણ હઝરાત ઉમ્મહાતુલ મુ'મિનીન અજવાઝે મુત્તહરાતના ઘરોમાં એટલા માટે હાજરી આપી કે હુઝૂર علیہ السلام ની ઈબાદતના વિશે પુચ્છા કરે, જયારે એમને ઈબાદતના વિશે માલૂમાત પ્રાપ્ત થઈ ત્યારે તેમને તેમની ઈબાદત થોડીક જણાયી. તો કહેવા લાગ્યા કે અમે હુઝૂર ﷺ જેવા ક્યાં ?! સરકાર ﷺ શાન તો એ છે કે આપના સદકામાં આપના આગલાઓ તથા પાછલાઓની ખતાઓ માફ કરી દેવામાં આવી છે. એમાંથી એક સહાબી કહેવા લાગ્યા, હું તો આજથી આખી રાત નવાફિલ નમાઝો અદા કરીશ. બીજા સહાબી કહેવા લાગ્યા, હું તો હમેશાં હવેથી રોઝા રાખ્યા કરીશ અને કોઈ દિવસ પણ ઈફતાર નહીં કરું. ત્રીજા સહાબી કહેવા લાગ્યા, હું ક્યારેય પણ નિકાહ નહીં કરું ! એટલામાં જ રસૂલુલ્લાહ ﷺ ત્યાં તશરીફ લઈ આવ્યા, અને ફર્માવ્યું, તમે લોકોએ આવું આવું કહ્યું ! સાંભળો ! ખુદાની કસમ ! હું નિઃશંક ! તમારા કરતાં વધુ અલ્લાહ તઆલાથી ડરનારો છું પણ હું રોઝા રાખુ છું તો ઈફતાર પણ કરું છું, નમાઝ પઢું છું તો આરામ પણ કરું છું અને સ્ત્રીઓથી નિકાહ પણ કરું છું. તો જેણે મારી સુન્નતથી મોં ફેરવ્યું તે અમારામાંથી નથી. *(શરહે સહીહ મુસ્લિમ, ભાગ-૩, જામેઉલ અહાદીષ, ભાગ-૨)*

આ હદીષથી પણ જાણવા મળ્યું કે નિકાહ કરવા તે સરકાર ﷺ ની સુન્નત છે આ પરથી પણ નિકાહનું મહત્વ જાણવા મળે છે.

અલ્લાહ તઆલાએ અને તેના પ્યારા રસૂલ ﷺ એ નિકાહ કરવાની તાકીદ અને તેનું મહત્વ બયાન કર્યું છે પણ વર્તમાન જગતનાં મા બાપ સુસ્તી કરી રહ્યાં છે અને નવજવાન છોકરી છોકરાઓના નિકાહ જલ્દી નથી કરતા. છેવટે વાસનાના કારણે તે નવજવાન છોકરી છોકરાઓ કુમાર્ગે વળે છે અને પછી ગુનાહોમાં સપડાઈ જાય છે. આજે શહેર શહેર જ્યાં જુઓ ત્યાં નવજુવાન છોકરી છોકરાઓ દોસ્તી તથા પ્રેમી બની આવારગીથી ફરતાં રખડતાં જોવા મળે છે અને વળી મહોબ્બતનું પ્રદર્શિત કરવા માટે એક દિવસ પણ નિશ્ચિત કર્યો છે જેને 'વેલેન્ટાઈન ડે' કહે છે ! (અલ્લાહની પનાહ !)

આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ કહ્યું કે, "આવા લોકો પર નિકાહ કરવા **વાજિબ** છે અને ઝિનામાં પડવાનો ખૌફ હોય તો આવા લોકો પર નિકાહ કરવા **ફર્ઝ** છે."

## નિકાહના દીની દુનિયવી લાભો

નિકાહ કરવાનું મહત્વ અને તેની સાથે સાથે ઘણા બધા ફાયદાઓ પણ છે જેવી રીતે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે, જ્યાં સુધી ઈન્સાન નિકાહ નથી કરતો ત્યાં સુધી તેની ઈબાદત મુકમ્મલ નથી થતી, એટલા માટે કે ઈન્સાન નિકાહ વિના નફ્સાની ખાહિશાતથી મેહફૂઝ નથી રહેતો અને જ્યાં સુધી વસવસા હોય છે ત્યાં સુધી દિલ મુત્મઈન (સંતુષ્ઠ) નથી રહેતું એટલે તે ઈત્મિનાનથી ઈબાદત નહીં કરી શકે. નિકાહના ફાયદાઓમાંથી એક મહતવનો ફાયદો અવલાદનું હાંસલ કરવું છે, આ જ મકસદના લીધે નિકાહ કરવામાં આવે છે કે આનાથી ઈન્સાની પેઢીઓ બાકી રહે છે અને વંશવેલો વધે છે. જો અલ્લાહ તઆલા ચાહતો તો ઈન્સાનની સલામતી માટે બીજાઓથી તે કામ લઈ શકતો હતો પણ અલ્લાહની હિકમતો દરેક કામમાં છે તેમાંથી સૌ **પ્રથમ** એ કે તે નિકાહ કરી અલ્લાહ તઆલાના હુકમની ફર્માંબરદારી કરે અને **બીજી** વાત એ છે કે રસૂલુલ્લાહ ﷺ થી મહોબ્બતનો ઈઝહાર કરે છે અને આપની સુન્નત પર ચાલે છે. અને **ત્રીજી** વાત એ છે કે અવલાદની દુઆથી બરકત હાંસલ કરવાની કોશિશ કરે છે. જેમ કે હદીષ શરીફમાં છે કે મર્યા પછી અમલો જુદા થઈ જાય છે, પરંતુ ત્રણ અમલો તેની સાથે રહે છે જેમાંથી એક આ પણ છે કે તેની અવલાદ તેના માટે દુઆ કરે.

**ચોથી વાત** એ છે કે અવલાદના લીધે એને રસૂલુલ્લાહ ﷺની સીરતના તે હિસ્સા પર અમલ કરવાનો મોકો મળે છે જે અવલાદથી સંબંધિત છે અને અલ્લાહ તઆલાના જે હુકમનો સંબંધ અવલાદથી છે તે હુકમો પર અમલ કરવાનો મોકો મળે છે. વળી જ્યારે ઈન્સાન વૃદ્ધ થઈ જાય છે ત્યારે તેની અવલાદ તેનો સહારો બની જાય છે અને જ્યારે બાળકો નાનાં હોય છે ત્યારે તેનાથી ઘરનું વાતાવરણ ખુશ્નુમા રહે છે. બાળકોના લીધે ઈન્સાનના દિલમાં રહમ અને હમદર્દી પેદા થાય છે.

સૌથી મોટો ફાયદો એ છે કે જ્યારે અવલાદ નાનપણમાં મૃત્યુ પામે તો તે માં બાપની શફાઅત કરે છે. હદીષ શરીફમાં છે કે જ્યારે નાનપણમાં મૃત્યુ પામેલા બાળકનાં માં બાપને સજા આપવા માટે જહન્નમમાં લઈ જવામાં આવશે તો તે નાનાં બાળકો પોતાના માં બાપના માટે અલ્લાહ તઆલાથી ઝઘડશે ! પછી અલ્લાહ તઆલા ફર્માવશે, અય ઝઘડનાર બાળક ! જા ! તારાં માં બાપને લઈ જા ! ત્યાર પછી તે નાનો બાળક પોતાના માં બાપનો હાથ પકડી જન્નતમાં લઈ જશે.

માં બાપની તા'લીમથી અવલાદ જે નેકીઓ કરે છે એનો સવાબ મા બાપને પણ મળતો રહે છે અને કેટલીક વખતે અવલાદની નેકીઓથી મા બાપની મગફેરત થઈ જાય છે. જેમ કે હઝરત ઈમામ રાઝી તફસીરે કબીરમાં લખે છે કે હઝરત ઈસા علیہ السلام એક કૃબ્ર આગળથી પસાર થઈ રહ્યા હતા. તો આપે જોયું કે કૃબ્રવાળા પર ફરિશ્તાઓ અઝાબ આપી રહ્યા હતા. જ્યારે બીજી વખતે હઝરત ઈસા علیہ السلام ત્યાંથી પસાર થયા તો તેમણે જોયું કે તે કૃબ્રવાળા પર ફરિશ્તાઓ જન્નતની નેઅમતો લૂટાવી રહ્યા હતા અને આખી કૃબ્ર નૂરથી ભરપૂર હતી. હઝરત ઈસા علیہ السلامને આ જોઈને આશ્ચર્ય થયું. આપે નમાઝ પઢી અને અલ્લાહ તઆલાથી દુઆ માંગી કે આ કેમ કરીને થયું ?! અલ્લાહ તઆલાએ તેમના પર વહી મોકલી કે, અય ઈસા ! આ માણસ ગુનેહગાર હતો જેથી જ્યારથી મૃત્યુ પામ્યો હતો ત્યારથી અઝાબ તેના પર થઈ રહ્યો હતો. પણ જ્યારે તે મર્યો ત્યારે તેની પત્ની સગર્ભા હતી, જ્યારે તેને અવલાદ થઈ અને તે બાળક મોટો થઈ ગયો, ત્યારે તેની માં એ તેને મદ્રસામાં મોકલ્યો અને જ્યારે એક મૌલાનાએ તેને ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' પઢાવી ત્યારે મેં તેના બાપની મગફેરત ફર્માવી દીધી, કે જેનો બાળક જમીનની ઉપર મારું નામ લે, મને રહમાન અને રહીમ કહે, તેના બાપને હું જમીનમાં કેવી રીતે અઝાબ આપું ! (સુબ્હાનલ્લાહ !) ફક્ત નિકાહ કરવાથી જે ઔલાદ પેદા થાય છે તેનાથી આટલા બધા ફાયદાઓ પ્રાપ્ત થાય છે પણ, વર્તમાન જગતમાં આવારા લોકો નિકાહથી સુસ્તી કરી રહ્યા છે અને વ્યભિચારમાં પડી બંને જહાનનો અઝાબ વહોરી રહ્યા છે.

## નિકાહમાં ખાસ મહત્વ ઈજાબ તથા કૃબૂલનું જ છે

અલ્લાહ તઆલાએ અને તેના પ્યારા રસૂલ ﷺએ આપણને નિકાહ કરવાનો હુકમ આપ્યો, પરંતુ આપણે એવું સમજી રહ્યા છીએ કે નિકાહ કરવું તે ઘણું જ મુશ્કેલ છે પરંતુ હું કહેવા માંગું છું કે નિકાહ કરવો ઘણો જ સહેલું છે પણ આપણે જાત જાતની રસ્મો કાઢીને અને ફુઝૂલખર્ચી કરીને, ડાન્સપાર્ટી, બેન્ડ બાજા, ડીજે બોલાવીને, વાજિંત્રો સાથે કવ્વાલી તથા મુકાબલા ગોઠવીને, ફટાકડા ફોડીને ધૂમધામથી શાદી રચાવીને તેને ઘણુ જ મુશ્કેલ બનાવી દીધું છે. આપણા રસૂલ રહમતુલ્ લિલ્ આલમીન ﷺ ઈર્શાદ ફર્માવે છે : **''સૌથી વધારે બરકતવાળો નિકાહ તે છે જેમાં બોજ હલકો (ઓછો ખર્ચ) હોય છે.''**

બસ, આપણા પ્યારા રસૂલ ﷺના આ જ ફર્માન પર અમલ કરીએ અને ગવાહો સમક્ષ ઈજાબ તથા કૃબૂલની વિધિ સાદગીથી પતાવી દઈએ કે નિકાહમાં એનું જ મહત્વ છે, બાકી સર્વ રિવાજો વધારાના છે. નિકાહ કરનારાઓનો હાલ કે તેઓ કર્ઝદાર થઈ જાય છે જાત જાતની તકલીફોમાં સપડાઈ જાય છે, લોકોના સમક્ષ હાથ ફેલાવે છે. આપણા રસૂલ ﷺને આપણા માટે રહમત બનાવીને મોકલ્યા છે તો બસ જે તે ફર્માવે છે તેમાં બરકત જ બરકત હોય. અલ્લાહ તઆલા

આપણને પોતાના અને તેના રસૂલ ﷺના ફર્માનો પર ચલાવે. (આમીન)

## નિકાહ અને દીનદારી

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે :–

"સ્ત્રીઓથી ચાર વસ્તુઓના લીધે નિકાહ કરવામાં આવે છે : (૧) તેના માલ દૌલત (૨) ખાનદાનના લીધે (૩) તેની ખૂબસૂરતીના લીધે (૪) અને તેના દીનના લીધે. અને આગળ આપણા આક઼ા ઈર્શાદ ફર્માવે છે, તમે લોકો દીનના લીધે તેનાથી નિકાહ કરો, તમે લોકો દીનદારને ઈખ્તિયાર કરો." *(મિશ્કાત શરીફ, સહીહ બુખારી અને સહીહ મુસ્લિમ)*

આપ વિચારશો કે આ હદીષ અહીંયા વર્ણવવાનો મતલબ શું ? આગળ જેટલી પણ હદીષ વર્ણન થઈ તેનાથી નિકાહનું મહત્વ અને તેના ફાયદાઓ જાણવા મળ્યા. પણ ક્યાંક કેટલાક લોકો એવું ન સમજે કે ફક્ત નિકાહ જ કરવા છે ને ! ભલે પછી તે ગમે તેવા આવારા, કુકર્મી પણ માલદાર હોય તથા બેદીન વહાબી, દેવબંદી, તબ્લીગી જમાઅતી, ગૈર મુક઼લ્લિદ, શીઆ, દાઊદી, વ્હોરા, અહલે હદીષ, અહલે કુર્આન હોય ગમે તે જાતનો હોય. તો મેં એટલા જ માટે અહીં આ હદીષ વર્ણન કરી કે તેનાથી વાત સૂરજના જેમ રોશન થઈ જાય કે **નિકાહ થશે તો ફક્ત અને ફક્ત સુન્ની સાથે જ થશે અને તે પણ દીનદાર નેક શખ્સ સાથે કરવા બેહતર છે.** સુન્ની સિવાય બીજા કોઈના સાથે નિકાહ નહીં થાય. મુસલમાન સિવાય કોઈ કાફિર સ્ત્રી કે પુરૂષ સાથે નિકાહ થશે નહીં અને જો કરશે તો તેમનો મેળાપ ઝિનાકારી ગણાશે અને ઔલાદ થશે તે હરામની ગણાશે. કુર્આન પણ કહે છે :–

اُدْخُلُوا الْجَنَّةَ اَنْتُمْ وَاَزْوَاجُكُمْ تُحْبَرُوْنَ બસ, આ આયતથી પણ સાબિત થયું કે નિકાહ ફક્ત સુન્ની મુસ્લિમ સાથે જ કરવો, કેમ કે જન્નત ફક્ત મુસલમાનો માટે જ છે. *(બહારે શરીઅત)*

જેમ કે કુર્આન કહે છે, "તમે અને તમારી પત્નીઓ જન્નતમાં દાખલ થઈ જાવ." તો આનાથી જ સાબિત થયું કે પત્ની અને પોતાનું મુસલમાન હોવું અનિવાર્ય છે. જેથી નિકાહ જ કરવા છે ! તે પછી ગમે તે હોય ને ! આવી રીતે કહેવું બરાબર નથી. હું સૌ સુન્ની મુસ્લિમ ભાઈ બહેનોને વિનંતિ કરું છું કે જો નિકાહ કરો તો ફક્ત સુન્ની મુસલમાનો સાથે જ સુન્ની મુસલમાનોના ઘરે જ નિકાહ કરો. માલ દોલત જોઈ, ખૂબસૂરતી જોઈ, દુનિયાવી ઈજ્જતવાળુ ખાનદાન જોઈ નિકાહ ન કરો. જો આપણે આપણા પ્યારા નબી ﷺના ફર્માન પર અને અલ્લાહ તઆલાના હુકમ પર અમલ કરીશું તો દોઝખના અઝાબથી બચીને જન્નતની નેઅમતો લૂટવાનો મોકો મળશે. (ઈન્શાઅલ્લાહ !)

આપણા પ્યારા નબીના ફર્માન પ્રમાણે નિકાહની રસ્મો અદા કરો અને કાફિરો મુશ્રિકો જેવી આદતો ન અપનાવો જેવી રીતે કે હિંદુ લોકો દાંડીયા રાસથી ગરબા રમે છે તો આ તરીક઼ો આપણો નથી જેથી તેનાથી બચવું જોઈએ. અને નિકાહ પહેલાં મંગની થતાં જ પતિ પત્ની જેમ સાથે ફરવું, ઉઠવું, બેસવું, સ્પર્શવું સર્વ કામો સખત હરામ છે અને સર્વ ઝિનાનાં લપસણા પગથિયાં છે જેથી નિકાહ પહેલાં આ રીતે ન મળવું કેમ કે નિકાહ પહેલાં મંગેતર પણ પર સ્ત્રી જ છે. જેમ કે હદીષે પાકમાં છે :–

- જે ગૈર મેહરમ સ્ત્રી સાથે હાથ મીલાવે તો ક઼યામતના દિવસે તે હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે. *(મુસ્લિમ, બુખારી)*
- જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં ક઼યામતના દિવસે આગળના સળીયા નાખવામાં આવશે.
- જે ગૈર મેહરમ તરફ જુએ તેના ઉપર અને જેના તરફ જોવામાં આવે બંને પર અલ્લાહની લા'નત છે.
- કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી. *(તિબ્રાની)*
- કોઈ ગૈર ઔરતના ખભાથી ખભો લગાડવો એ એનાથી પણ બુરું છે કે તમે કોઈ સુવ્વર સાથે શરીર લગાડો. *(તિબ્રાની વ તરગીબ)*

**અલ્લાહ તઆલા દરેકને નેક તૌફીક઼ આપે.**

# શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી

## અને અહલે સુન્નતના અક઼ીદાઓ

રજૂકર્તા : **હાફેઝ યામીન યાકૂબ મોરીશ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ હિંદુસ્તાનના તે પહેલા બુઝુર્ગ છે જેમણે ઈલ્મે હદીષના દર્સની ક઼ાયદેસર રીતે શરૂઆત કરી. કહેવામાં આવે છે કે હઝરત શૈખને મદીના મુનવ્વરામાં એક રાત્રે સ્વપ્નમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ. હુઝૂર ﷺએ એમને હુકમ આપ્યો કે તમે હિંદુસ્તાન જઈને દીનનો પ્રચાર કરો. એટલા માટે એમણે પોતે હિંદુસ્તાનનો સફર કર્યો અને દિલ્હી આવી ગયા પછી દીનની તબ્લીગમાં લાગી ગયા. સ્પષ્ટ છે કે જેને હુઝૂર ﷺએ કોઈ કામ માટે નક્કી કર્યા હોય તો યક઼ીન કરો તેમની ઝબાન તથા બયાનને અલ્લાહ અને તેના રસૂલની ખુશ્નૂદી તથા હિફાઝત હાંસલ થશે. એટલા માટે આ સચ્ચાઈના સબૂતો છે કે હઝરત શૈખે દીનના બારામાં જે કાંઈ કહ્યું છે એ હક્ક (સાચુ) છે અને ભરોસાપાત્ર છે. અને આ જ કારણે ઈસ્લામી પૂરી દુનિયામાં એમને ઈજ્જત અને એહતેરામ (અદબ)ની નજરથી જોવામાં આવે છે અને એમણે જે કિતાબો લખેલી છે તે ખૂબ જ લોકપ્રિય થયેલી છે.

હઝરત શૈખનો યુગ પણ ઘણા જ ફિત્નાઓથી ભરપૂર હતો. મઝહબે ઈસ્લામને નુકસાન પહોંચાડવા માટે લોકોની ચોતરફથી કોશિશો ચાલુ હતી. ખૂદ બાદશાહ જલાલુદ્દીન અકબરે 'દીને ઈલાહી' સ્થાપીને એક નવા ફિત્નાનો પાયો નાખ્યો હતો અને તેના પ્રોપેગન્ડાના માટે સમગ્ર સહકારી મિશનરી કામે લગાડી દીધી હતી.

જલાલુદ્દીન અકબરના વિરોધમાં ઊભા થવું એક હિંમતની વાત હતી. મુલ્લા મુહમ્મદ યઝદી જોનપુરીને કાંઈ પણ ગુનાહ વગર આ જ કારણથી જમના નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. આવા દુ:ખભર્યા અને ફસાદવાળા માહોલમાં આ નાપાક મન્સૂબાને ખતમ (ના'બૂદ) કરવા માટે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની, હઝરત ખ્વાજા બાક઼ીબિલ્લાહ અને હઝરત શૈખ મુહદ્દિષ દહેલ્વી એમની પૂરે પૂરી ઈમાની તાક઼ત સાથે મેદાનમાં આવ્યા અને હક્કનો ઝંડો લહેરાવ્યો અને અકબરનો બનાવટી દીન નેસ્તો ના'બૂદ થઈ ગયો.

હઝરત શૈખ رحمۃ اللہ علیہએ વર્તમાન અને ભૂતકાળની સ્થિતિ ધ્યાનમાં રાખીને મેહસૂસ કર્યું કે જો ઈમાન અને અક઼ીદાની હિફાઝત ન કરવામાં આવી તો ઈસ્લામના દુશ્મનો આવી બિદઅતો ભેળસળ કરીને દીને ઈસ્લામની છબી બદલવાની કોશિશ કરશે એટલા માટે તેમણે આ કામને ઘણી જ સારી રીતે અંજામ આપ્યું. જેલમાં હઝરત શૈખ رحمۃ اللہ علیہએ જે કિતાબો લખી છે તેમાંથી અહીં અમુક અમુક લખાણો રજૂ કરવામાં આવે છે જેના લખાણના વિષય પરથી સ્પષ્ટ થાય છે કે આજે પણ તેનો પ્રચાર એટલો જ જરૂરી છે જેટલો હઝરત શૈખના જમાનામાં જરૂરી હતો.

### رحمۃ اللہ علیہ મુસ્તફા ﷺનો ઈલ્મે ગૈબ

અશિઅતુલ્ લમ્આત શરહે મિશ્કાતમાં ઈર્શાદ ફર્માવે છે : હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું જાણુ છું એ બધી વસ્તુઓને જે કાંઈ આસ્માન અને જમીનમાં છે. એનાથી જાણવા મળ્યું કે, "હુઝૂર ﷺને તમામ મૂળભૂત તથા શાખાકીય (જુઝઈ તથા કુલ્લી) દરેક ચીજના ઈલ્મો હુઝૂર ﷺને હાંસલ થઈ ગયા અને દરેક ઈલ્મને સંપૂર્ણ રીતે જાણી લીધો."

મદારિજુન્નબુવ્વહ્માં આપ ફર્માવે છે કે, "હઝરત આદમ علیہ السلامથી ક઼યામત સુધી જે કાંઈ દુનિયામાં આવશે એ બધું જ હુઝૂર ﷺપર જાહેર કરી દેવામાં આવ્યું છે જેથી પહેલાંથી લઈને અંત સુધીના બધા જ હાલાત આપ જાણી લે. અને હુઝૂર ﷺએ કેટલીક હાલતોની ખબર પોતાના સહાબાએ કિરામને પણ આપી છે."

### ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ

મદારિજુન્નબુવ્વહ્માં હુઝૂર ﷺના ઈખ્તિયારો અને તસર્રુફના બારામાં લખે છે કે, "હુઝૂર ﷺને એ પણ અધિકાર છે કે જેના માટે જે હુકમ ચાહે ખાસ કરી આપે." *(પેજ–૧૫૭)*

આ જ ઈખ્તિયાર અને તસર્રુફના બારામાં એક જગ્યાએ ફર્માવે છે કે, "હુઝૂર ﷺને ખજાનાઓની ચાવીઓ આપવામાં આવી અને ખજાના એમને સોંપી દેવામાં આવ્યા છે એનું જાહેર (ખુલ્લુ) તો એ છે કે ફારસ અને રોમના બધા જ ખજાનાઓ સહાબાના હાથોમાં આવી ગયા અને બાતિન (આંત્રિક) એ છે કે વિશ્વની દરેક વસ્તુના ખજાના મુરાદ છે કે બધાની રોજી એમના દસ્તે કુદરત અને અધિકારમાં કરી દેવામાં આવી."

## હયાતે અંબિયા علیہم السلام

મદારિજુન્નબુવ્વહ્માં હયાતે પાકના બારામાં આ રીતે હક્રીકત જાહેર કરે છે, "જો એના પછી એ કહીએ કે રબ તઆલાએ હુઝૂર ﷺના જિસ્મે પાકને એવી હાલત અને કુદરત આપી છે કે જે જગ્યાએ ચાહે તશરીફ લઈ જાય અને ચાહે તો એમના એ જ શરીરની સાથે કે ચાહે બીજા શરીર સાથે કે ચાહે જમીનની ઉપર કે આસમાનની ઉપર કે ચાહે કબ્રમાં અથવા તો બીજી કોઈ જગ્યાએ. તો આ સાચુ છે, કબ્રની સાથે દરેક હાલતમાં ખાસ સંબંધ રહે છે."

આ વિશે 'જામેઉલ બરકાત'માં લખે છે કે, "હુઝૂર ﷺ ઉમ્મતની હાલતો તથા અમલોથી બાખબર છે અને ખાસ લોકોને ફયૂઝ પહોંચાડવાવાળા અને હાઝિર તથા નાઝિર છે."

ગૌષ પાક સરકારે બગદાદ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની મશ્હૂર કિતાબ "ફુતૂહુલ ગયબ"ની શરહમાં લખે છે, "ઈમામુલ અંબિયા علیہم السلام દુનિયાની વાસ્તવિક જિંદગી સાથે જીવંત તથા બાકી અને તસર્રુફ કરનારા છે. અને આ વાતમાં કોઈ શંકા નથી."

## મેહફિલે મીલાદ ﷺ

મદારિજુન્નબુવ્વહ્માં મેહફિલે મીલાદના બારામાં છે કે, "આપ હુઝૂર ﷺની વિલાદતની ખુશીમાં અબૂ લહબના અઝાબમાં કમી કરવામાં આવી અને સોમવારના દિવસે એના પરથી અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો. જેમ કે હદીષમાં દર્શાવેલ છે. અહીં મીલાદખ્વાની કરવાવાળાઓ માટે દલીલ (સુબૂત) છે કે આપ હુઝૂર ﷺની મીલાદની રાત્રીમાં ખુશી મનાવો અને દૌલત (માલ) ખર્ચ કરો. એટલે કે અબૂ લહબ કાફિર હતો છતાં જ્યારે આપ ﷺની મીલાદની ખુશી મનાવી અને લોંડીને આઝાદ કરી તો એને આપ હુઝૂર ﷺના તરફથી આ બદલો આપવામાં આવ્યો ! તો મુસલમાનનો તો શું હાલ હશે ?! જે મીલાદમાં અત્યંત ખુશ થાય છે અને પોતાના માલમાંથી ખર્ચ કરે છે."

## નિદાએ યા રસૂલલ્લાહ ! ﷺ

હઝરત શૈખ મુહદ્દિષ દહેલ્વીએ પોતાના અંદાજમાં પોતાના શેઅરોમાં આં હઝરત ﷺને "યા રસૂલલ્લાહ ! ﷺ" કહીને પોકાર્યુ છે અને પોતાની અક્રીદત આ રીતે પ્રદર્શિત કરી છે :–

**ખરાબમ દર ખમે હિજ્રે જમાલત 'યા રસૂલલ્લાહ !'**
**જમાલે ખૂદનુમા રહમે બજાને ઝારે શયદા કુન**
**બહર સૂરત કે બાશદ 'યા રસૂલલ્લાહ !' કરમ ફર્મા**
**બલુત્ફે ખૂદ સરો સામાને જમએ બેસરો પાકુન**

**(અર્થાત)** : "યા રસૂલલ્લાહ ! (ﷺ) હું આપના જમાલની જુદાઈમાં ખોવાઈ ચૂક્યો છું. આપ આપનો દીદાર કરાવીને આપના આ આશિક પર રહમ ફર્માવો. જે રીતે પણ થઈ શકે યા રસૂલલ્લાહ ! (ﷺ) મારા પર કરમ ફર્માવો. આપ આપની મહેરબાની થકી આ બેસરો સામાન ગરીબની હાજતને પૂરી ફર્માવો."

## વહાબી દેવબંદીઓ માટે ચિંતનની પળ

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે બરેલ્વી સુન્નીઓ આ જ મસ્લકને માનનાર છીએ જે અક્રીદો હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો છે. આને જ આજે "મસ્લકે આ'લા હઝરત" કહેવાય છે. આ અક્રીદાની હુઝૂર ﷺથી લઈને સહાબાએ કિરામ, તાબઈને એઝામ તથા અવલિયાએ કિરામે પોત પોતાના યુગમાં તા'લીમ આપી હતી.

એમાં રબની અતાથી નબી વલી માટે ઈલ્મે ગયબ માનવું પણ છે, ઈખ્તિયાર તથા તસર્રુફનો અક્રીદો પણ છે, મેહફિલે મીલાદે રસૂલ મનાવવું પણ છે, 'યા' વડે પોકારીને મદદ માંગવું પણ છે, હાઝિર નાઝિર હોવું, અંબિયાનું કબ્રોમાં જીવંત હોવુ પણ છે.... વગેરે. હવે દેવબંદી વહાબીઓ આ અક્રીદા ધરાવવાને શિર્ક તથા કુફ્ર જણાવે છે ! તો એમણે આ બાબતે ચિંતન કરવું જોઈએ કે શૈખ અબ્દુલ હક્ક દહેલ્વી رحمۃ اللہ علیہ શું મુશ્રિક હતા ? કે કુફ્ર કરનારા હતા ? (મઆઝલ્લાહ !) સુન્નીઓ પણ સમજે અને એવા બદ્અક્રીદાઓથી પોતાના ઈમાનને બચાવવા કાજે તેમની દોસ્તી, સગાઈ, શાદી વહેવારથી દૂર રહે.

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ બરકાતે ખ્વાજા (માસિક)થી ઈમાનનો દરિયો જોશમાં આવી જાય છે ! ★

તંત્રી સાહબ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવીને સલામ બાદ જણાવવાનું કે બરકાતે ખ્વાજા (માસિક)માં ડિસે. ૨૦૦૮ના અંકમાં કુર્બાનીના મસાઈલ ઉપરાંત ખાસ તો એ કે હાલના સમય પ્રમાણે હઝરત ઈમ્તિયાઝ અલવી કુરચણવીનો લેખ "સ્ત્રી માટે એજ્યુકેશન જરૂરી છે" ખૂબ જ રસપ્રદ અને અમલને પાત્ર માહિતી પૂર્ણ છે. આ લેખ હાલની યુવાન સ્ત્રીઓમાં જાગૃતિ લાવે તેવો છે અને અમલની બાબતમાં ખૂબ જ બેહતરીન છે.

**મુ. મટેલી** : (જિ. વડોદરા)થી બરકાતે ખ્વાજાના ગ્રાહક જનાબ સોલંકી ફિરોજભાઈ ઐયૂબભાઈને ત્યાં પુત્રનો જન્મ થયેલ છે તેની ખુશીમાં 'ઈસ્લામિક વેલ્ફેર મિશન'માં રૂા. ૫૦૧/– ઈમદાદ મળેલ છે. (જઝાકલ્લાહ ! રબ તઆલા ઔલાદને નેક બનાવે.) *–તંત્રી*

### ★ યાદે ઈમામ હુસૈન ★

**ભરૂચ** : બાવડી મહોલ્લામાં તા. ૧૦–૧–૨૦૦૯ના રોજ ઈશાની નમાઝ બાદ શહીદે આ'ઝમ ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતની ફિલોસોફી પર જનાબ સૈયદ અમીનુદ્દીન કાદરી માંલેગાવી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈમાન અફરોઝ નૂરાની બયાન કર્યું હતું. ભરૂચ શહેરના વિવિધ મહોલ્લામાંથી બહોળી સંખ્યામાં આશિકાને હુસૈન આ પ્રોગ્રામમાં હાજરી આપવા ઉમટી પડયા હતા.

### ★ દહેગામમાં સાલાના જલ્સો ★

**દહેગામ** : (તા. જંબુસર) મદરસાએ ઝિયાઉલ ઈસ્લામમાં તલબાની સાલાના ઈમ્તેહાન બાદ તા. ૧૩–૧૨–૨૦૦૮ના રોજ ઈનામી જલ્સો રાખવામાં આવ્યો જેમાં બાળકો થકી નઅત, તકરીર, સવાલો જવાબો વગેરે રજૂ કરવામાં આવેલ. અંતમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામી સાહબે ઈમાન અફરોઝ તકરીર કરી હતી. નાચીઝને ખાસ દા'વત મળી હતી પણ અનિવાર્ય સંજોગોને લઈને હાજર ન થઈ શક્યો તો કમિટી સભ્યો દરગુઝર કરશે. દુઆ છે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મદરસાને તરક્કી આપે અને બાળકોને આવતી કાલના સુન્નિયતના મજબૂત સિપાહી બનાવે. (આમીન) *–તંત્રી*

### ★ શાદીખાના આબાદી ★

**જુનાગઢ** : જનાબ હાજી અબ્દુલ મજીદ અ. કરીમ રઝવી (રઝા પેન સેન્ટર એન્ડ કિતાબ ઘર)ની નેક દુખ્તર સુમૈયા બાનુની શાદી મુહમ્મદ જુનૈદ (S/o. મુહમ્મદ ઈકબાલ નૂર મુહમ્મદભાઈ ગોંડલીયા સાવરકુંડલાવાળા) સાથે તા. ૨૫–૧–૨૦૦૯ના રોજ રાખવામાં આવી જેની ખુશાલીમાં રૂા. ૧૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મોકલ્યા છે. જઝાકલ્લાહ તથા મુબારકબાદ ! રબ્બે કરીમ દુલ્હા દુલ્હનને તથા સર્વ કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

**સાંસરોદ** : જનાબ હાફેઝી અબ્દુલ્લાહ અહમદ લાખાના નેક ફરઝંદ જાવિદની શાદી સાબિરાબાનુ (D/o. યાકૂબ ઈસ્માઈલ લાખા–સાંસરોદ) સાથે તા. ૨૫–૧–૨૦૦૯ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ !

**ભરૂચ** : પટેલ ઈબ્રાહીમ હાજી મૂસા ચાંચવેલવાળા (અલિફ પાર્ક–૧)ના નેક ફરઝંદ સાજિદની શાદી ફરજાનાબાનુ (D/o. પટેલ ઐયૂબ અહમદ–સાંસરોદ) તથા શકીલની શાદી નિલોફરબાનુ (D/o. પટેલ મુહમ્મદ ઈલ્યાસ અહમદ–સૂરત) સાથે તા. ૨૮–૧૨–૨૦૦૮ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**બંબુસર** : મૌલાના ઐયૂબ ઈસ્લામપુરીની નેક દુખ્તર સાજેદાબાનુની શાદી સરફરાઝ (S/o. ઈબ્રાહીમભાઈ અદા કુરચણ) સાથે ૨૨–૧૨–૨૦૦૮ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**ડાભા** : જંબુસરથી ખાદિમે મસ્લકે રઝા અલ્લારખા મલેક લખી જણાવે છે કે અમારા ડાભા ગામે મદરસએ નૂરે મુહમ્મદીનો સાલના ઈમ્તેહાનનો જલ્સો હઝરત સૈયદ મજલેબાવા (નાપાડ), સૈયદ મુર્તુજા અલીબાવા પુરસા તેમજ સૈયદ હશ્મતઅલીબાવા બરકાતી જંબુસરની હાજરીમાં તા. ૬–૧૨–૦૮ના શનિવારે યોજવામાં આવેલ જેમાં તાલિબે ઈલ્મનો ઈમ્તેહાન લેવામાં આવેલ હતો. અને

તે જ રાત્રીના ઈશાની નમાઝ બાદ તકરીરી જલ્સાનો કાર્યક્રમ પણ કરવામાં આવેલ જેમાં તલ્બા દ્વારા પોતપોતાના અંદાજમાં તકરીર, દીનીયાત, નઅતશરીફ, સવાલ જવાબ વગેરે રજૂ કરવામાં આવેલ. સમ્રગ કાર્યક્રમની નિઝામત જંબુસરના સૈયદ હશ્મતઅલી બાપુ બરકાતીએ સંભાળી હતી. અંતમાં મદરસાના વહીવટકર્તા ગુલામભાઈ લાલભા ભટ્ટીએ મદરસા માટે અપીલ તથા આભાર વિધિ કરી હતી, જલ્સો ઘણો જ કામ્યાબ રહ્યો હતો.

**જંબુસર** : થી ખાદિમે મસ્લકે રઝા અલ્લારખા જંબુસરી લખી જણાવે છે કે તા. ૧૮/૧૨/૨૦૦૮ ગુરુવારના ઈશાની નમાઝ બાદ હઝરત સૈયદમિયાં ઉર્ફે ગાંડાબાવા رحمۃ اللہ علیہના ઉર્સના મૌકા પર સાદાતે કિરામ, ઉલ્માએ કિરામની મૌજૂદગીમાં એક અઝીમુશ્શાન તકરીરનો પ્રોગ્રામ થયો જેમાં હઝરત મૌલાના મુહમ્મદ સાદિક સાહબ સાબરી દહેગામીએ વલવલા ખિતાબ ફર્માવ્યો હતો.

**જંબુસર** : થી ખાદિમે મસ્લકે રઝા અલ્લારખા ફુટવાળા લખી જણાવે છે કે જંબુસર ખારાકૂવા મસ્જિદમાં તા. ૧–૧–૨૦૦૯ ગુરૂવારના બાદ નમાઝે ઈશા જશ્ને શહીદે કરબલા હઝરત સૈયદ અહમદ હુસૈનબાવા તથા અન્યા સાદાતે કિરામ ઉલમાએ કિરામની મૌજૂદગીમાં મનાવવામાં આવ્યો હતો જેમાં હઝરત મૌલાના મુહમ્મદ સાદિક સાબરી દહેગામીએ વલવલા અંગેઝ ખિતાબ ફર્માવ્યો હતો. એ જ પ્રમાણે જંબુસર નૂરી મસ્જિદમાં જશ્ને શહીદે કરબલા તા. ૨–૧–૨૦૦૯ શુક્રવારના બાદ નમાઝે ઈશા મનાવવામાં આવ્યો હતો. જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત અલ્લામા હાફિઝો કારી જનાબ અબ્દુર્રહીમ સાહબ ભોલાવથી તશરીફ લાવી વલવલાઅંગેઝ ખિતાબ ફર્માવ્યો હતો. જલ્સો ઘણો જ કામ્યાબ રહ્યો હતો.

**કરજણ** : હુસૈન ટેકરી મુકામે રહેતા મારા અઝીઝ દોસ્ત સૈયદ આશિકહુસૈનની નેક દુખ્તર સૈયદ કુલ્સૂમબાનુની શાદી સૈયદ એજાઝઅલી મીરસાહબમિયાં સાથે તા. ૭–૧૨–૨૦૦૮ના રોજ થઈ. આગલા દિવસે રાત્રે નઅતખ્વાનીનો પ્રોગ્રામ રાખેલ જેમાં વડોદરાથી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સુલ્તાન રઝા સાહબ તેમજ મશ્હૂર નઅતખ્વા મૌલાના શાયર અંજુમ સમસ્તીપુરી તેમજ નાચીઝે પણ નઅત શરીફ પઢી હતી.

*–રજૂકર્તા : હાફેઝ મેહબૂબ કરજણ*

**★ ઈન્તેકાલ પુરમલાલ ★**

**ભરૂચ** : મુકામે હાજી નૂર મુહમ્મદ બારોટવાળા (મેમણ) ભજજુવાલા સોસાયટી ખાતે તા. ૨૬–૧૨–૨૦૦૮ જુમ્આના દિવસે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.

**દયાદરા** : ના રહેવાસી મુહમ્મદ વલી નમાઝીનું રિયાધ મુકામે કીડનીની બીમારીમાં અકાળે અવસાન થવાના સમાચાર તા. ૧૧–૧–૨૦૦૯ના રોજ મળતાં દયાદરા પંથકમાં ગમનું મોજુ ફરી વળ્યું હતું.

રબ્બે કરીમ મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !**

નુઝહતુલ કારી શરહે બુખારી એટલે બુખારી શરીફની શરહ (ભાગ–૧) ગુજરાતીમાં વહેંચવા માટે પોતાના તરફથી ફ્રીમાં વહેંચવા ખરીદનારા સખીદાતાઓ :–

★ **હઝરત સૈયદ નૂરાનીબાવા બડ઼ાસાહબ દયાદરા** ૧૦૦ નંગ

★ **મક્તબાએ કાદરીયા–બોલ્ટન (મૌલાના ઈકબાલ વોરાસમનીવાલા થકી)** ૫૦ નંગ

જઝાકલ્લાહ ! આપ પણ મર્હૂમોના સવાબ અર્થે હદીષની આ કિતાબ ખરીદી મસ્જિદ, મદરસા, લાયબ્રેરીઓ, દારુલ ઉલૂમો, મિત્રો, સગાંને ફ્રીમાં આપી સવાબે દારૈન હાંસિલ કરશો.

**મસ્જિદ માટે સહાય કરો**

આથી સુન્નીભાઈ બહેનોને નમ્ર અપીલ છે કે આમોદ ગામ (વાયા–કોસંબા) ખાતે મસ્જિદનું ધાબુ ગળે છે તથા અન્ય રીપેરીંગ કામ માટે અંદાજે **એક લાખ રૂા.**નો ખર્ચ થાય તેમ છે તો સખી દાતાઓ નીચેના સરનામે સંપર્ક કરી સહાય કરે :– **આમોદ મસ્જિદ–મદ્રસા મુહમ્મદિયહ**, મુા. **આમોદ**, પો. ખરચ, તા. હાંસોટ, જિ. ભરૂચ, વાયા–કોસંબા (R.S.)

## ★ દયાદરામાં જશ્ને શહીદે આ'ઝમો મુફતીએ આ'ઝમ ★

તા. ૧૭–૧૨–૨૦૦૯ શનિવાર ઈશા બાદ દયાદરા કન્યાશાળા પાસે ખૂબ જ શાનો શૌકત સાથે 'જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ' સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની મૌજૂદગીમાં મનાવાયો જેમાં મુનાઝિરે અહલે સુન્નત મુફતીએ મહારાષ્ટ્ર, ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના મુફતી મુહમ્મદ મુજીબ અશરફ સાહબ કિ઼બ્લા دامت برکاتہم العالیہએ અહલે બયતની ફઝીલત, હઝરત અલી کرم اللہ وجہہ الکریم, હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہની ફઝીલત તથા હુઝૂર મુફતીએ આ'ઝમના મર્તબા પર શાનદાર મુદલ્લલ બયાન કર્યું તથા યઝીદી, નજ્દી, વહાબીની ખબાષતને ઉઘાડી કરી તેમનાથી બચવા દૂર રહેવા તાકી઼દ કરી હતી. આ જશ્નમાં મહમાને ખુસૂસી તરીકે ખલીફા શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ નૂરાની બાવા તિર્મિઝી દયાદરાવી તથા ખલીફા નૂરાનીબાવા પેટલાદી હઝરત સૈયદ શૌકતઅલી બાવા (જંબુસર), હઝરત મૌલાના ગુલામ મુસ્તફા સાહબ તથા હઝરત મૌલાના શાહજહાં મિસ્બાહી, હઝરત મૌલાના સાદિક દહેગામી, જનાબ હાફેઝ યુનૂસ કુરચનવી, હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી મિસ્બાહી(દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ) બોલ્ટનથી પધારેલ મૌલાના ઈસ્માઈલ ખોજબલવી તથા દયાદરા, હલદરવા, આમોદ દારુલ ઉલૂમોના ઉલમા, હુફ્ફાઝ વગેરે રોનકે સ્ટેજ હતા. સાદાત તથા ઉલમાના હસ્તે બુખારી શરીફની શરહ–નુઝહતુલ કા઼રી શરહે બુખારી (ભાગ–૧) ગુજરાતીનો રસમે ઈજરા આ મુબારક જમાઅત સાદાત તથા ઉલમાના હાથોથી થયો હતો. હઝરત મુફતી સાહબે બુખારી શરીફની શરહનું મહત્વ ખૂબ જ સચોટ અંદાજમાં સમજાવ્યું હતું. પ્રોગ્રામ બાદ ઈલ્મના પિપાસુ સુન્નીઓએ કિતાબને હાથોહાથ લેવા પડાપડી કરી હતી. અને ખાસ ઈનાયત એ કે હઝરત નૂરાનીબાવાએ હઝરત સૈયદ બડ઼ા સાહબ رحمۃ اللہ علیہના ઈસાલે સવાબ અર્થે સો કોપીનો ઓર્ડર નોંધાવ્યો. (જઝાકલ્લાહ !)

## મૌતુલ આલિમ મૌતુલ આલમ !

અહલે સુન્નત વ જમાઅતની મહાન ખિદમત કરનાર આલિમે બાઅમલ, હક્ક઼પરસ્ત, હક્ક઼ગો, ફાઝિલે જલીલ હઝરત અલ્લામા મૌલાના હસન આદમ કોલવનવી સાહબ તા. ૮–૧–૨૦૦૯ જુમ્આના રોજ લેન્કાસ્ટર મુકામે આ ફાની જગતને અલવિદા કરી ખુદાની રહમતમાં પહોંચી ગયા. આપના ઈન્તેકાલના સમાચાર મળતાં સખત સદમો અનુભવ્યો. ઠેર ઠેર દયાદરા, ભરૂચ, આમોદ, ધ્રોલ, નવસારી વગેરે દારુલ ઉલૂમોમાં કુર્આનખ્વાની તથા દુઆઓ થઈ. આપ દારુલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદના ફારિગ કા઼રી, આલિમ, ફાઝિલ હતા. આપના ઉસ્તાદોમાં અહલે સુન્નતના મહાન ઉલમા હતા જેમ કે ઉસ્તાઝુલ ઉલમા હઝરત અબ્દુલમુસ્તફા આ'ઝમી, અમીને શરીઅત હઝરત મુફતી રિફાક઼ત હુસૈન કાનપુરી, શૈખુલ મઅકુલાત મુફતી ષનાઉલ્લાહ, મુફતી મોઈનુદ્દીન સાહબ, હઝરત કા઼રી દાનિશ સાહબ વગેરે. આપે ફારિગ થયા બાદ કેટલોક સમય દારુલ ઉલૂમ શાહે આલમમાં પણ દીની ખિદમત આપી હતી. પછી યુ.કે. જઈને લેન્કાસ્ટર સ્થાયી થયા હતા, જ્યાં જીવનભર તક઼રીરી તહરીરી વિવિધ રીતે દીનની ખિદમતમાં લાગેલા રહ્યા. આપે સૌથી મહાન કારનામુ તથા ગુજરાતીઓ પર એહસાન એ કર્યું કે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہના ઉર્દૂ તર્જુમાવાવાળા કુર્આને પાક 'કન્ઝુલ ઈમાન'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો જેની ચાર પાંચ આવૃત્તિઓ છપાઈ ચૂકી છે. તેમજ આ'લા હઝરતની લાજવાબ કિતાબ 'તમ્હીદે ઈમાન' તેમજ 'દેવબંદી વહાબી ઈખ્તેલાફ કા મુન્સિફાના જાઈઝા', વગેરે દારુલ ઉલૂમ થામ તથા અંજુમન દયાદરાથી પ્રસિદ્ધ થયેલી છે. આપ તક઼રીર પણ ઈલ્મી તથા સમૃદ્ધ, વજનદાર, અસરકારક રીતે કરતા હતા. દયાદરામાં એકવાર 'સુન્ની (બરેલ્વી) સમૂહ નિકાહ' પ્રોગ્રામમાં આપનું પુર મગ્ઝ બયાન અમે સાંભળ્યું છે, તેમજ 'વાણી તથા વર્તનની એકરૂપતા' પર આપનું એક ઉર્દૂ બયાન ગુજરાતીમાં કિતાબરૂપે પણ અમે પ્રસિદ્ધ કરેલ છે. અવારનવાર આપ બરકાતે ખ્વાજા (માસિક) માટે સચોટ લેખો પણ લખતા હતા. આપના ઈન્તેકાલથી સુન્ની જગતમાં એક ન પૂરાય તેવી ખોટ ઉભી થઈ છે. મૌલા કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદકા઼માં આપને જન્નતમાં આલા મક઼ામ અતા કરે અને સર્વ પાછળ રહેનારાંઓને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# આહ ! સૈયદ બડા સાહબ ચલ બસે !

**દયાદરાવાળાઓને સખત સદમો !**

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

દયાદરાના મશ્હૂર સાદાત ઘરાનાની બુઝુર્ગ હસ્તી પીરે તરીક઼ત હઝરત અલ્લામા મૌલાના ક઼િબ્લા સૈયદ અબ્દુલઅઝીઝ ઈબ્ને અહમદ હુસૈન તિર્મિઝી (ખલીફા શૈખુલ ઈસ્લામ) ઉર્ફે સૈયદ બડા સાહબ ચિશ્તી સાબરી કિબ્લા رحمۃ اللہ علیہ ૭ મુહર્રમુલ હરામ સોમવાર અંગ્રેજી તા. ૫–૧–૨૦૦૯ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા અને બીજા દિવસે નવ વાગ્યે સલાતો સલામ સાથે જનાઝો પૂરા ગામમાં ફરી સાબરી નગરમાં આવતાં હઝરત અલ્લામા સૈયદ નૂરાનીમિયાં કછોછવી (સાહબઝાદા ગાઝીએ મિલ્લત)એ નમાઝે જનાઝા પઢાવી. હજારોની સંખ્યામાં લોકોની હાજરી હતી. આ ખબર વાયુવેગે વિશ્વભરમાં આપના ચાહકો અક઼ીદતમંદો, ખાસ કરીને વતન તેમજ દેશ વિદેશમાં વસતા દયાદરાવાસીઓને મળતાં સૌએ આંચકો અનુભવ્યો અને ઠેકઠેકાણે વિવિધ મસ્જિદો મદરસાઓમાં કુર્આનખ્વાની તથા ઝિક્રો દુઆ સાથે દુઆએ મગફેરત તથા દરજાતની બુલંદીની દુઆઓ થઈ. માહિતી પ્રમાણે આપનું ખાનદાન હઝરત સૈયદ અબૂબક્ર તિર્મિઝી હુસૈની (અમદાવાદ)ના વંશજોમાંથી હુસૈની સૈયદ છે. આપ દારુલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદમાં હઝરત અલ્લામા અબ્દુલમુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ જેવા મહાન ઉસ્તાદોનાં હેઠળ તા'લીમ પામી આલિમ ફાઝિલ થયા બાદ ચાંચવેલ (તા. વાગરા)થી લગભગ ૫૦ વરસો પહેલાં દયાદરામાં દીને મતીનની ખિદમત માટે તશરીફ લાવ્યા અને દયાદરાના સર્વ આલે રસૂલના ચાહક ગ્રામ્યજનોએ આપને વધાવી લીધા અને આપની જીવંતપર્યંત ઈજ્જત કરતા રહ્યા. આપ દયાદરાના થઈને રહી ગયા એ દયાદરાવાસીઓની નેકબખ્તી છે. આપે હઝરતે પણ સદા સમગ્ર દયાદરાવાસીઓને ખૂબ મહોબ્બત, ખૂબ દુઆઓ આપી. અને દયાદરામાં ઈમામત, ખિતાબત તથા સદર મુદર્રિસની હૈસિયતથી વરસો સુધી ખિદમત અંજામ આપી. દયાદરાની સુન્નિયતને સાચવી રાખવા અવનવા વહાબી ફિત્નાઓ સામે ટકી રહેવા આપે નૂરાની ખિતાબો તથા દીની તા'લીમ વડે સુન્નીઓને સતત જાગૃત રાખ્યા. આજે દયાદરામાં સુન્નિયતની જે બહાર ખીલેલી છે તેમાં આપનો અણમોલ હિસ્સો છે. એટલું જ નહીં પણ સુન્ની એકતા સચવાય રહે એ માટે પણ આપે સતત કન્ટ્રોલ રાખ્યો અને બાહ્ય વિવાદી પરીબળોને અવગણીને સુન્નીઓમાં આપસમાં મેળ મહોબ્બત જળવાય તેની સદા તકેદારી રાખી. આપ આલિમે દીન હતા અને ઈલ્મનું મહત્વ સમજતા હતા જેથી આપના મહોબ્બતભર્યા દુઆઈયા કલેમાત વડે આપે અમારી સદા હોસલા અફઝાઈ કરી, અને આજે પણ મને એ શબ્દો યાદ છે કે આપે ફર્માવ્યું, ''શબ્બીરભાઈ ! તમારાં દીની (સાહિત્યિક તથા અન્ય) કામોથી હું ખરેખર ખૂબ જ ખુશ છું ! મારી દુઆઓ હમેશાં તમારી સાથે છે. તમે ખુલૂસથી દીનનું કામ કર્યે જાવ ! મારાથી તબીયત વગેરેના કારણે અનિવાર્ય સંજોગોમાં તમારા પ્રોગ્રામોમાં હાજરી ન આપી શકાય તો ખોટુ ન લગાડતા !'' 'નૂરાની લાયબ્રેરી દયાદરા'ની ઈફતેતાહમાં પણ આપે હાજરી આપી લાયબ્રેરીનું મહત્વ સમજાવી ખૂબ દુઆઓ આપી હતી. જ્યારે મુલાકાત થતી કે ખબર લેવા જવાનું થતું તો આપે અમને સદા ઈજ્જત આપી છે, અને સાદાતના ઉમદા ગુણોને આપે પ્રદર્શિત કરેલા છે. આપના જ નક઼્શે ક઼દમ પર ચાલીને આજે આપના વિશાળ દિલ ફરઝંદો સૈયદ ફરીદબાવા, સૈયદ સલીમબાવા, સૈયદ નૂરાનીબાવા તથા સૈયદ મુઈનુદ્દીનબાવા પણ હરદિલ અઝીઝ છે. ખાસ કરીને ખલીફા શયખુલ ઈસ્લામ હઝરત મૌલાના સૈયદ નૂરાનીબાવા અમને મિત્રતાભરી હુંફ આપી અમારાં દીની સુન્ની કામોમાં દરેક રીતે અમારી હોંસલાઅફઝાઈ ફર્માવી રહ્યા છે. મૌલા કરીમ આપની ક઼બ્રે અન્વર પર સદા નૂરો રહમતની વર્ષા કરે અને આપના સર્વ ફરઝંદો, કુટુંબીજનો, સગાંઓ, અક઼ીદતમંદોને મુરીદોને સબ્રે જમીલ અતા કરે તથા હઝરતના નક઼્શે ક઼દમ પર ચાલીને દીન તથા સુન્નિયતની ખિદમતમાં લાગેલા રાખે, અને સાદાતોનો ફયૂઝાન સદા આપણા સર્વ પર ખાસ કરીને દયાદરાવાસીઓ પર જારી રહે. (આમીન) આપની ઝિયારતના ફાતેહા તા. ૧૪–૧૨–૨૦૦૯ના રોજ રાખવામાં આવ્યા જેમાં નઅતનો મન્ક઼બતનો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં ખાસ લખનૌના નઅતખ્વાં જનાબ મિનાઈ લખનવીએ તથા ખાનબાબુભાઈ, ક઼ારી ઈરફાન નમાઝી, મૌલાના શાહજહાં સાહબ વગેરેએ ક્રમે ક્રમે નઅત મન્કબતો પેશ કરી હતી, ત્યારબાદ ગામ પરગામથી આવેલ પુષ્કળ લોકોને આસ્તાના પાસે આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

મન્કબત દર શાને.....

## હઝરત સૈયદ બડ઼ા સાહબ દયાદરવી

رحمۃ اللہ علیہ

પયકરે રુશ્દો હિદાયત સૈયદી બડ઼ા સાહબ
મખ્ઝને અન્વારો હિકમત સૈયદી બડ઼ા સાહબ

સીરત હૈ તક઼વા તહારત સૈયદી બડ઼ા સાહબ
મમ્બએ જૂદો સખાવત સૈયદી બડ઼ા સાહબ

યે જલીલુલ ક઼દ્ર આલિમ ઔર ફક઼ીહ બેમિષાલ
આશકારા જિનકી ખિદમત સૈયદી બડ઼ા સાહબ

દીનો સુન્નત કો અતા કી જો બુલંદી આપને
હૈ ઈલાકા ઉસ્કી હુજ્જત સૈયદી બડ઼ા સાહબ

દીનો સુન્નત કો અતા કી હૈ બુલંદી આપને
આમિલે સુન્નતો શરીઅત સૈયદી બડ઼ા સાહબ

આપ કી ઈલ્મી ફઝીલત કી ગવાહી ગૈર દે
રાંદેર ઉસ્કી શહાદત સૈયદી બડ઼ા સાહબ

લારીવાલા બન ગયા લખપતિ ફય્ઝસે
આપ કી હૈ યહ કરામત સૈયદી બડ઼ા સાહબ

કિતને આસેબો ખલલ્કો દૂર કર દી આનમેં
હૈં વલી બાકરામત સૈયદી બડ઼ા સાહબ

ચાર ગોશોં કી હિદાયત કે લિએ છોળા હૈ ચાર
ક઼ૌમ કો બખ્શી અમાનત સૈયદી બડ઼ા સાહબ

ઉનમેં અકબર જિનકે કંધો પર હૈ યહ બારેગિરાં
વો ફરીદે ક઼ૌમો મિલ્લત સૈયદી બડ઼ા સાહબ

આપ કી ઔલાદો ઈત્રતસે હૈં યે બાબા સલીમ
મરહબા યહ પાક તીનત સૈયદી બડ઼ા સાહબ

આપકે હૈં જો ખલીફા ઔર શરીઅત કે અમીન
વો નૂરાનીબાબાએ મિલ્લત સૈયદી બડ઼ા સાહબ

હૈં અલી ઈબ્ને અલી ઔર સખી ઈબ્ને સખી
ખ્વાજા મોઈને મિલ્લત સૈયદી બડ઼ા સાહબ

તાહયાત હુબ્બે અહલે બયત હમારે દિલમેં હો
હૈ "જહાં" કી યે અક઼ીદત સૈયદી બડ઼ા સાહબ

*રજૂ. મૌલાના શાહજહાં મિસ્બાહી–દયાદરા*

**હાડગુડ ખાતે**

### જશ્ને શહીદે આ'ઝમની શાનદાર ઉજવણી

**હાડગુડ** (તા. જિ. આણંદ) ખાતે તા. ૧૧–૧–૨૦૦૯ને રવિવારે બાદ નમાઝે ઈશા શોહદાએ કરબલાની યાદમાં કરબલાના શહીદોને ખિરાજે અક઼ીદત પેશ કરવા અર્થે મદરસએ ગુલશને બગદાદ કમિટી–હાડગુડ દ્વારા અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો જેમાં આણંદ જિલ્લાના પેટલાદ, બોરસદ, ખંભાત, નાપા તેમજ વડોદરા તથા ભરૂચ જિલ્લાઓમાંથી આશિકાને અહલે બયત ખૂબ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સુન્ની ઈજતેમામાં પ્રથમ વડોદરાના મુબલ્લિગ જનાબ સુલ્તાન રઝા દ્વારા તેમજ ત્યાર બાદ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહેલા જનાબ ખાલિદ રઝા દ્વારા નઅતોના ગુલદસ્તા પેશ કરવામાં આવ્યા હતા. હઝરત મૌલાના હાફિઝો ક઼ારી મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાની આગવી શૈલીમાં શોહદાએ કરબલાની શાનમાં બયાન કર્યું હતું. આશિક઼ાને અહલે બૈયતને હઝરત ઈમામ હુસૈનના જીવનમાંથી બોધ લઈ તેમણે બતાવેલા માર્ગ પર ચાલવા તેમજ પોતાના સુન્ની અક઼ીદા ઉપર અડગતાથી સાબિત ક઼દમ રહેવા, વહાબી દેવબંદીઓથી દૂર રહેવા ખાસ ભાર મૂક્યો હતો. મર્દોને દાઢી અપનાવવા, ઔરતોને બુરખો અપનાવવા અંગે ખાસ તાક઼ીદ કરી હતી. આ અતિ કામ્યાબ સુન્ની ઈજતેમામાં મૌલાના સૈયદ હાજી અમરુલ્લાહ બાપુ અશ્રફી (ખલીફએ શૈખુલ ઈસ્લામ), મૌલાના સૈયદ હાફિઝ પરવેઝ સાહબ અશ્રફી (ખલીફએ શૈખુલ ઈસ્લામ), બરકાતે ખ્વાજાના તંત્રી જનાબ પટેલ શબ્બીરઅલી રઝવી (ખલીફા તાજુશ્શરીઅહ્) તેમજ હાફિઝ અબ્દુર્રહીમ સાહબ (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દુઆ, સલાતો સલામ બાદ ન્યાઝ વહેંચવામાં આવી હતી. કાર્યક્રમ બખૂબી કામ્યાબીપૂર્વક સંપન્ન થયો હતો. –રજૂ. ***સૈયદ ફારૂક અલી એન્ડ કમિટી સભ્યો (હાડગુડ)***

**અલ્લાહ જઝાએ ખૈર આપે !**

અમારા ખાસ મુહિબ્બ જનાબ **મુહમ્મદ આરિફભાઈ ગુલામનબી હુક્કાવાલા**એ મોડાસાથી તેમના વાલિદ સાહબના ઈસાલે સવાબ અર્થે અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાને કોમ્પ્યુટર સેટ–૧ આપેલ છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેમના મર્હૂમોની મગફિરત ફર્માવે અને તેમની સર્વ નેક જાઈઝ મુરાદો પૂરી કરે, બંને જહાનની મુસીબતો, તકલીફો, બીમારીઓ દૂર કરે. (આમીન) *–તંત્રી*